કુમાર


સંસ્થાપક : રવિશંકર મ. રાવળ
જૂન ૧૯૯૭ ● વર્ષ સિત્તેરમું ● સળંગ અંક - ૮૩૩

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

તંત્રી
ધીરુ પરીખ

અશ્વ] [ક્રમ્બો





શીરીન અને ખુશરૂનાં લગ્ન

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૦મું | અંક ૬

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

જૂન ૧૯૯૭

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૩૩

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩.૦૦

વાચકો લખે છે

રાગ જનસંમોહિની એ રાગ કલાવતીનો સમપ્રકૃતિક રાગ છે એટલે એક રાગમાં બીજા રાગની છાયા આવે એવો ભાસ થાય. 'કોઈ શાયર દિલ કો...' ગીતમાં આ કારણે કલાવતીનો અણસાર જરૂર આવે. વળી, કોઈ પણ ફિલ્મીગીત શાસ્ત્રીય રાગની બંદીશથી બનેલું હોય તો પણ શુદ્ધ ભાગ્યે જ હોય. ઘણાં ગીતોમાં તો એકથી વધુ રાગના પ્રયોગ થતા જોવા મળે છે.

જાણીતા અને વારંવાર સાંભળવા મળતાં રાગ અને ગીત :

૧. લલિત : તૂં હૈ મેરા પ્રેમદેવતા (કલ્પના)
એક શહનશાહને બનાકે (લીડર)
૨. તોડી : રૈના બીતી જાયે (અમર પ્રેમ) ઇન્સાન બનો કર લો ભલાઈ (બૈજુ બાવરા)
૩. તિલંગ : સજન સંગ કાહે નેહા લગાયે (મૈં નશે મેં હૂં) લગન તોસે લાગી (દિખ કબીરા રોયા)
૪. નટબિહાગ : ઝનઝન ઝનઝન પાયલ બાજે (બુઝદિલ)
૫. મારુ બિહાગ : તુમ તો પ્યાર હો... સજના (સેહરા)
૬. છાયાનટ : તેરે નૈના તલાશ કરે જિસે (તલાશ)
૭. દેશી : આજ ગાવત મન મેરો ઝૂમકે (બૈજુ બાવરા)
૮. દુર્ગા : ગીત ગાયા પથ્થરોને (ગીત ગાયા પથ્થરોને)
૯. માલગુંજી : નૈન સોં નૈન નાહી મિલાઓ (ઝનક ઝનક પાયલ બાજે)

– રમેશ શાહ (સુરત)

★

અમારી શાળામાં 'કુમાર' માસિક આવે છે. એમાં ઘણા લેખો ખૂબ જ સારા આવે છે. લેખકોને ધન્યવાદ. હું ઘણાખરા વાંચું છું. એમાં માર્ચ માસના અંકમાં વાર્તા એક ટૂંકી મુસાફરી વાંચી ખરેખર ખૂબ જ આનંદ થયો. એમાં ચંપાનું પાત્ર આબેહૂબ છે. પિતૃપ્રેમ હૃદયને સ્પર્શી જાય છે. ચોટદાર અને દુ:ખદ અંત વાચકના દિલને જકડી રાખે છે.

– સંતોષબેન ઠાકોર (માણસા)

★

એપ્રિલ ૧૯૯૭નો 'કુમાર'નો અંક ખરેખર ખૂબ જ ગમ્યો. 'કુમાર'માંની રચનાઓ રસપ્રદ અને માહિતીપ્રદ હોય છે. આ અંકમાં શ્રી મુનિકુમાર પંડ્યા લિખિત શ્રી મેઘાણી વિશેનો 'ધરતીનો લાડકવાયો' લેખ ખરેખર સુંદર. મેઘાણીના જીવનનાં કેટલાંક સંસ્મરણો વાંચીને આનંદિત થયો. આ લેખના લેખકશ્રીને અભિનંદન.

– ઈશ્વરલાલ પરમાર (અમદાવાદ)

★

બુદ્ધનાં વિશિષ્ટ પ્રતીકો : ઊર્ણા, ઉષ્નિશા

'કુમાર' (મે, ૧૯૯૭)ના પૂઠા પરનાં બુદ્ધના ચિત્ર સંદર્ભે વિવરણ છે (પૃ.૨૬૬) "... કપાળમાંના છિદ્રમાં ઘણું કરીને રત્ન હશે, જે બુદ્ધના વિશિષ્ટ 'ઊર્ણા' ચિહ્નનું પ્રતીક છે.'

'ઊર્ણા' શિવના ત્રિનેત્ર સમાન નથી. 'ઊર્ણા'નો શબ્દાર્થ છે : આંખની ભમરો વચ્ચેની વાળની રેખા; આંખની બેઉ ભમરો વચ્ચે નાક ઉપરની રુવાંટી.

બુદ્ધની વિશ્વવિખ્યાત મૂર્તિઓ છે : (૧) કાત્રા બુદ્ધ - મથુરા પાસે (બીજી સદી) (૨) ધર્મચક્ર પ્રવર્તક સારનાથ બુદ્ધ (પાંચમી સદી) (૩) મથુરા બુદ્ધ (પાંચમી સદી)

ત્રણેમાં 'ઊર્ણા', 'ઉષ્નિશા' (શિર પર ટોપ-શી આકૃતિ) અને ગોકળગાયની આકૃતિ કેશભૂષા સુપેરે દશ્યમાન છે, બુદ્ધનાં પ્રતીકો છે.

મદ્રાસ મ્યૂઝિઅમમાં સારનાથ અને મથુરા બુદ્ધની આબેહૂબ પ્રતિકૃતિઓ પ્રદર્શિત છે. બુદ્ધને બોધગયામાં અશ્વત્થ (પીપળો) વૃક્ષ તળે જ્ઞાન પ્રાપ્ત થયું અને એટલે બોધિવૃક્ષ (Ficus Religiosa) તરીકે વિશ્વવિખ્યાત. બુદ્ધનો જન્મ લુંબિની મધ્યે સાલવૃક્ષ તળે. બુદ્ધનું નિર્વાણ કુશિનારા મધ્યે સાલવૃક્ષ તળે.

બુદ્ધની મૂર્તિઓ પ્રથમ કંડારાઈ, ઈ.સ.ની પહેલી સદીમાં કુશાણ સામ્રાજ્યની રાજધાનીઓ ગાંધાર અને મથુરામાં.

– વી. બી. ગણાત્રા (મુંબઈ)

★

એપ્રિલ '૯૭નો 'કુમાર' અંક એક બેઠકે પૂરો કર્યો અને બોલી જવાયું 'સુપર્બ.' ખરેખર મુખપૃષ્ઠથી મનન પૃષ્ઠ સુધી વાગોળવા જેવો અંક હતો. આ અંકની ખાસ વિશેષતા હતી તેની ત્રણ વાર્તાઓ. બહાદુરભાઈ અને પ્રફુલ્લભાઈની વાર્તા તેની પરિપક્વ કલમની ફલશ્રુતિ રૂપે. લઘુકથા લઘુકથાના સ્વરૂપને અતિક્રમી એક નવી જ ભાવસંવેદનાની ક્ષિતિજને પામવા તત્પર હતી. હસમુખ બારાડી, પ્રીતિ સેનગુપ્તા, દિનેશ શુક્લના લેખો પણ આસ્વાદ્ય. આ કાળઝાળ ગરમીમાં 'કુમાર'ના આ અંકે ભીની ભરચક્તા મનમાં વ્યાપ્ત કરી દીધી હતી.

– હરદ્વાર ગોસ્વામી (તળાજા, જિ. ભાવગર)

★

'કુમાર'નો મે ૧૯૯૭નો અંક વાંચ્યો. 'પાંડુરંગ આઠવલે' ઉપરનો કમલા પરીખનો લેખ ખૂબ ગમ્યો. સુપેરે માહિતી વાંચવા મળી. જીવનની અનેક કાર્યક્રમોની વિગતો જીવનને ઉજ્જ્વળ બનાવે - પોતાનાં અને અન્યનાં. ભક્તિફેરી, સ્વાધ્યાય-કેન્દ્રો, નિર્મળ નીર, વૃક્ષમંદિર, મત્સ્યગંધા, અમૃતાલય, યોગેશ્વર કૃષિ, ડિવાઈન બ્રેઈન ટ્રસ્ટ વગેરે અદ્ભુત કાર્યક્રમો ચલાવી રહ્યા છે, એમ કહેવા કરતાં સ્વયં ચાલતા થયા છે એટલે એમને પુરસ્કારો મળે તે સહજ છે. 'માનવી માત્રમાં પ્રભુનું દર્શન' અને 'કામ એ જ પ્રાર્થના' એ જેમના જીવનનું ધ્યેય છે, તેવા વેદનીય દાદાશ્રી એ તેમના તેજસ્વી પિતા પાસેથી ચાર જીવનમંત્રો ગ્રહણ કર્યા હતા. હજી જીવનસંપદા, ધનંજયક્રીડા, ગોરસ, બાલસંસ્કાર, બહેનોનાં કેન્દ્ર વિશે ઘણું પ્રસિદ્ધિ પામે તો લોકજાગૃતિમાં ચેતના પ્રગટશે.

– શંભુભાઈ યોગી (મણુંદ, તા. પાટણ)

★

'કુમાર' સામાયિક ૭૨ વર્ષ પૂરાં કરી ૭૩મા વર્ષમાં પ્રવેશ કરે છે તે જાણી અત્યંત આનંદની લાગણી અનુભવું છું. તમારો ફેબ્રુઆરી '૯૭નો અંક વાંચ્યો. ખૂબ જ ગમ્યો. તેમાં ઈલા વ્હીલર વિલકોક્સની 'નિષ્ફળતા' કાવ્યમાંથી અમને ઘણી જ પ્રેરણા મળે છે અને ઘણું ઘણું શીખવા મળ્યું છે. 'કુમાર' સામયિક ઘણી ઘણી પ્રગતિ કરે એવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

– પરાગભાઈ બી. પટેલ (બિલિમોરા)

નિમંત્રણ / જગદીશ ત્રિવેદી

(ભુજંગી • સૉનેટ)

અમારે નસીબે રહ્યું વૃક્ષ ક્યાં છે!
અને એટલે તો શીળી છાંયડી ક્યાં!
ઠરે આંખ એવો લીલો રંગ ક્યાં છે!
અને પર્ણપુંજે ખિચોખીચ ડાળ-
રહી ક્યાં જહીં નીડ હો ઝૂલતા કૈં!
વનોનાં વનોમાં ઊડે રેત લૂખી,
અને પંખી શોધે વિસામાની ડાળી!

જવા દો : રહ્યું વૃક્ષ એકેય ના ત્યાં
કથા જંગલોની કહો માંડવી શી!
છતાંયે કહું કાનમાં વાત છાની:
કદી ક્યાંકથી ઊડી આવેલ બીજ
અહીં આ અમારી ફળાઉ ભૂમિમાં
રહ્યું વિસ્તરંતું વનોનાં વનોમાં-
નિમંત્રું વિહંગો : વસો નીડ ગૂંથી!

જો..., ...તો! / દેવેન્દ્ર દવે

(વસંતતિલકા : સૉનેટ)

રાખી શકું અગર મૌન ક્ષણેક તો હું
અંભોધિનો સુણી શકું ઘુઘવાટ શંખે!

મધ્યાહ્નના પ્રખર ધોમ ધખેલ ટાણે
કાને ધરું હલક કોકિલ-કંઠ કેરી!

'એ' માંડતી ચરણ..., સંગીત સાત સૂરે,
ગુંજી ઊઠે હૃદયની ગૂઢ કંદરામાં!

જ્યાં સાંભળું લહક વ્યાકુલ વાછડાની
ફોરી રહે શ્રવણ હેતલ તાજગીથી!

સંચાર હું કુસુમની ઋજુ પાંખડીનો
ઝીલી રહું પમરતી તરજે હવામાં!

ઉન્મત્ત મેઘધનુના રણકાર મધ્યે
શો આસમાની સહસા સુણું મોર-સાદ!

ભોંકાય શૂળ સમ મૃત્યુની ચીસ તીણી,
જો હું ધરું ક્ષણિક મૌન લગાર તો, તો...!

બંધ પોપચે / યોગેશ પંડ્યા

(ગાન)

ક્યાંકથી કોઈ છાનુંછપનું આવી મારા બંધ પોપચે કોણ ટકોરા મારે સૈયર...
કોણ ટકોરા મારે?

ચોમાસાની માઝમરાતે ઝબકી ઝબકી જાગું આખી રાત
સખીરી, બહાર વરસતો ધોધમાર વરસાદ ને મારું ફળીયું ભીંજે,
સત્તરમા ચોમાસાની આ પહેલી રાતે આઘેથી ના...
ઓરેથી; ના... આઘેથી કોઈ પાડે મુજને સાદને મારું હૈયું ભીંજે

બંધ હોઠના ભરતીલા દરિયામાં પણ ના પાણી કે ના વાણી તોયે
નાજુક નાજુક હળવે હાથે કોણ અમોને તારે સૈયર?
કોણ ટકોરા મારે...!

નામ ન જાણું, ગામ ન જાણું, જાણું એટલી વાત કે માથે
રાતું છોગું, કેડિયામાં કૈં ટહુકે ટહુકે મોરલિયા ચિતરાવ્યા છે,
છેલછોગાળો કિયા ગામનો હશે સખીરી એય ન જાણું
માણું એવું, નજરુમાં એણે તો કેવા કેફ કસુંબલ ઘોળ્યા છે....

ભીતર લાગી લ્હાય કે સૈયર, આમ, ઘડીમાં તેમ, ભરી લે બથ
છબીલો... વાતું કરતો કેવી મારા ધબકારે ધબકારે સૈયર...
કોણ ટકોરા મારે!

માછલીઘરમાં માછલી / વિષ્ણુ પટેલ

(ગઝલ)

પાછલી પળને સ્મરે છે માછલી;
માછલીઘરમાં તરે છે માછલી!

'જા, રહેજે જિંદગીભર જાગતી!'
શાપ આ લઈને ફરે છે માછલી.

મોત પહેલાં કાચ પર માથું કૂટી
કેટલાં મોતે મરે છે માછલી!

કોઈને દેખાય ના આંસુ કદી;
જળ મહીં રોયાં કરે છે માછલી!

આ સરોવર તો નથી, તો શું હશે?
સાચના છળથી ડરે છે માછલી!



સ્વપ્ન અને વાસ્તવની મિલનભૂમિને સ્વપુરુષાર્થે આંબી સર્વજનહિતાય કામ કરનાર આદર્શવાદી નારી

મેરી મેકિલયોડ બેથ્યૂન

દર્શના ધોળકિયા

જીવનમૂલ્યોના વિકાસનો લાભ લેતી કોઈ પણ યુગની યુવા પેઢીને પૂર્વજો દ્વારા સંમાર્જિત થયેલી જીવનદૃષ્ટિનો લાભ મળતો હોય છે. પ્રતાપી પૂર્વજોના ખભે બેસીને જ દરેક દેશની યુવા પેઢી વિકાસકૂચ આગળ ધપાવી શકતી હોય છે.

આધુનિક વિચારધારાથી પ્રભાવિત એવા સાંપ્રત યુગમાં જીવતાં આપણે સૌ છેલ્લાં ત્રણેક સોથીયે વધારે સમયગાળાથી પ્રચલિત, દૃઢમૂળ એવાં વૈચારિક પ્રદૂષણો જેવાં કે અસ્પૃશ્યતા, રંગભેદ, ઊંચ-નીચના ખ્યાલોથી ધીમે ધીમે મુક્ત થઈ રહ્યાં છીએ ને સામાજિક સમાનતાના યુગમાં પ્રવેશી રહ્યાં છીએ તેની પાછળ કેટલીયે નામી-અનામી વ્યક્તિઓનો પાર વિનાનો પરિશ્રમ, માનવજાત પ્રત્યેનું સમસંવેદન ને તે કારણે વેઠેલી વેદના પડેલાં છે.

દુનિયાના ખૂણેખૂણામાં પ્રસરેલાં આવાં દૂષણોમાંનું એક તે પશ્ચિમના દેશોમાં વ્યાપેલી રંગભેદની નીતિ, જેનો ભોગ આફ્રિકાનાં કાળાં લોકોને બનવાનું આવ્યું ને તેમાંથી જ જન્મી તે વિકસી ગુલામીપ્રથા. અમેરિકાના માનવતાવાદી પ્રમુખ અબ્રાહમ લિંકનના પ્રયત્નોથી આ પ્રથાનો અંત તો આવ્યો પણ સમાજનાં ગોરા લોકોના મનમાંથી એનાં મૂળિયાં ઊખડ્યાં નહોતાં. એવા સમયમાં દક્ષિણ કેરોલીના પ્રદેશમાં માયેસવિલેની નિવાસી, ગુલામ મા-બાપને ત્યાં સત્તર ભાઈ-બહેનોમાંનું એક સંતાન એવી મેરી મેકિલયોડનો ઈ.સ. ૧૮૭૫માં જન્મ. કપાસનાં ખેતરોમાં કાલાં વીણતી આ સ્વપ્નશીલ છોકરીને દિવસે પણ સ્વપ્ન આવતાં! દરરોજ સાંજની પ્રાર્થનામાં એ કહેતી : 'હે પ્રભુ! મને ઉગારી લેજે.' પ્રભુએ તેને તો ઉગારી જ, પણ સાથોસાથ બીજાને ઉગારવાની શક્તિ પણ આપી દીધી.

ઈ.સ. ૧૮૭૫થી ૧૯૫૫નો લગભગ પંચોત્તેર વર્ષનો આયુષ્યકાળ મેરીએ વાપરી જાણ્યો. ગરીબીમાં જીવતી મેરીના જીવનના પ્રારંભકાળે બનેલી એક ઘટના મહાત્મા ગાંધીએ દક્ષિણ આફ્રિકામાં ગાળેલા પ્રારંભકાળ સાથે બંધ બેસે તેવી હતી. ગોરા લોકોનાં કપડાંને ઇસ્ત્રી કરવાનું કામ કરતી મેરીની માતા એકવાર મેરીને પોતાની સાથે માલિકને ઘેર લઈ ગઈ. ત્યાં મેરીએ ગોરાં બાળકોના રમતઘરમાં પડેલાં પુસ્તકને હાથમાં લેતાં જ એ બાળકો દ્વારા પુસ્તક આંચકી લેવામાં આવ્યું. એ બાળકોએ ગુસ્સે થઈને મેરીને કહ્યું, 'તારાથી તે કંઈ વંચાતું હશે?' આ વાક્યથી અત્યાર સુધી પોતાને મુક્ત માનતી મેરીના દિલને ભારે આઘાત પહોંચ્યો. એ દિવસની પ્રાર્થનામાં તેણે પ્રભુને જણાવ્યું તેમ, એને મુક્તિ મળી હોય એવું એ અનુભવતી નહોતી. ગોરા લોકો અને હબસીઓની જીવનસરણીનો ભેદ ફંફોસતાં તેને જણાયું તેમ એનું એક જ કારણ હતું વાંચવા-લખવાની ગોરાઓની આવડત. આ ક્ષણે પોતામાં સુષુપ્ત દશામાં પડેલી જ્ઞાનતૃષાથી મેરી વ્યાકુળ બની ઊઠી.

મેરીની પ્રાર્થના સાંભળી હોય તેમ અચાનક એક સવારે મેરીનાં જ જ્ઞાતિજન મિસ વિલ્સન મેરીને ઘેર આવી ચડ્યાં. તેમના પ્રયત્નોથી મેરીના ગામમાં શાળા શરૂ થઈ, જેની પહેલી વિદ્યાર્થિની હતી મેરી. કપાસનાં ખેતરોમાં કામ કરતી મેરીએ એ દિવસે સૌને કહ્યું: 'જલદી કરો ને કપાસ વીણો. મારે નિશાળે જવાનું છે.' વિદ્યાપ્રાપ્તિની પ્રથમ ક્ષણે 'મૂકી દે એ ચોપડી' શબ્દો ભુલાતા જતા હતા. પોતે મેળવેલી વિદ્યાની ફલશ્રુતિ તેને તરત સાંપડી. પાછળથી તેણે નોંધ્યું : 'શરૂઆતથી જ જે કાંઈ થોડું-ઘણું જ્ઞાન મને મળ્યું હતું તેને બને તેટલા ઉપયોગમાં લેવાનો મારો પ્રયાસ હતો. શાળાનો અભ્યાસ પૂરો કરીને જ્યારે હું હિસાબો ગણતાં શીખી તથા મારા પિતાનાં બિલોનો અર્થ મને સમજાયો તેમ જ વેપારીઓ સાથેની લેવડદેવડ હું સમજતી થઈ ત્યાર પછી જ અમે અમારું દેવું પતાવી શક્યાં હતાં.'

શાળાના અભ્યાસમાં ઝળહળતી ફતેહ મેળવીને મેરી આગળ ભણવાનાં સ્વપ્નાં સેવતી થઈ, પણ એ ગાળામાં તેમનું

ટટ્ટુ મરણ પામતાં, ખેતીકામ માટે બીજાં ટટ્ટુની જરૂર ઊભી થઈ. પરિણામે મેરી પાસે પૈસા ન રહ્યા. પોતાને ઉગારવા જે પ્રભુને એ પ્રાર્થતી એ પ્રભુએ જ ફરી તેને ઊંચકી લીધી. મિસ વિલ્સન મેરી માટે એક આર્થિક ઑફર લઈને આવ્યાં, જે મેરી ક્રિસમેન નામનાં મહિલાએ જાતમહેનત કરીને કોઈ યોગ્ય વિદ્યાર્થીને આપવા ધારી હતી. મેરીને તેનું નસીબ સ્કોશિયા વિદ્યાલય ભણી લઈ ચાલ્યું.

મેરીને આશ્ચર્ય એ હતું કે સ્ટેશન પર તેને લેવા આવેલાં બહેન ગોરાં હતાં! એમની સાથે વિદ્યાલયનો દાદર ચઢતી મેરી વિસ્મયવિમૂઢ થઈ ગઈ, કેમ કે જિંદગીમાં હંમેશાં આરોહણ કરવા જન્મેલી મેરીએ આ પહેલાં કદી દાદર જોયો નહોતો!

મેરીમાં પડેલી નેતાવૃત્તિ વિદ્યાલયના વાતાવરણમાં ઝંકૃત થઈ ઊઠી. તેનું આત્મગૌરવ ઝબકી ઊઠ્યું. તેના સહપાઠીઓએ નોંધ્યું તેમ મેરી જેવી અદમ્ય જ્ઞાનપિપાસા એમાંના કોઈમાં નહોતી. ભણતાં ભણતાં મેરીએ અમેરિકન હબસીઓના જીવનમાં પણ રસ લેવા માંડ્યો. આમ, કેળવણીકાર થવા ઇચ્છતી મેરી સમાજસેવા ભણી ખેંચાઈ. પાદરી બનવા ઇચ્છતી મેરીએ આફ્રિકાનાં ઘનઘોર જંગલોમાં વસતી પ્રજા વચ્ચે જઈને કામ કરવાની આકાંક્ષા સેવી. આ સમયે એની વય માત્ર વીસ વર્ષની હતી! હબસી માટેનું પ્રચારકેન્દ્ર શરૂ કરવા મેરીએ ન્યૂયૉર્કના મિશન બોર્ડ પાસે રજૂઆત કરી, પણ એ તક તેને ન મળી. આથી મેરીએ ઓગસ્ટા જ્યોર્જિયાની હેઈન્સ નૉર્મલ ઇન્સ્ટિટ્યૂટની શિક્ષિકા તરીકેની નોકરી સ્વીકારી.

ઈ.સ. ૧૮૯૫માં મેરી પોતાની સંસ્થામાં જોડાઈ તે પહેલાં લ્યૂસી નામનાં મહિલાએ આ વિસ્તારના હબસીઓનાં દુઃખ નિવારવા પ્રયત્ન કરેલો. હબસીના વિસ્તાર 'ટેરી'માં રખડતાં બાળકોને પ્રકાશ સારુ હવાતિયાં મારતાં જોઈને વલોવાઈ ગયેલી મેરીએ રવિવારે એ બાળકો માટે શાળા શરૂ કરી. આ બાળકોને મેરીએ ગાતાં, બાઈબલની વાર્તાઓ વાંચતાં ને સ્વાધ્યાય કરતાં શીખવ્યું. જોતજોતામાં આવાં બાળકોની સંખ્યા હજાર ઉપર પહોંચી. આવાં કાર્યોની પાછળ પૈસા કમાવાનો તો સવાલ જ ઊઠતો નહોતો. મેરી પોતાનો પગાર ઘરનું દેવું ચૂકવવામાં તથા પોતાની બહેનોના ભણતર માટે જ વાપરતી. ઘેરથી આવતા ચોખા અને ઘઉંના લોટ ઉપર તેમનો નિર્વાહ ચાલતો. ફુરસદના સમયમાં તેઓ કોઈના ઘરનું કામ પણ કરતાં.

દિવસ-રાતનાં સેવાકાર્યની વચ્ચે મેરીનો પિરચય આલ્બર્ટ્સ મેથ્યૂન નામના યુવાન સાથે થયો, જે લગ્નમાં પરિણમ્યો. પણ મેરી પોતાનાં મિશન વિશે સ્પષ્ટ હતી. લગ્ન પછી પુત્રજન્મ થતાં થોડો સમય તેને ગૃહસ્થીમાં ગાળવો પડ્યો પણ તેનું વિશાળ, સમસંવેદનશીલ ચિત્ત તેને જંપવા દે તેમ નહોતું. આથી ફ્લોરિડા જઈને તેણે બાળકેળવણીનું કાર્ય ફરી ઉપાડ્યું.

બાળકોની શાળા શરૂ કરવા સજ્જ થયેલાં મેરીએ શું ન કર્યું? ભાંગેલી રકાબીઓ, તૂટેલું ફર્નિચર, ફેંકી દીધેલું કાપડ – જેવી વસ્તુઓ તેમણે એકઠી કરી. લાકડાં લાવીને કોલસા પાડ્યા, જેનો ઉપયોગ પેન્સિલ તરીકે કર્યો. એક રંગીન ફળ ઉકાળીને શાહી બનાવી. ભાંગેલી પેટીઓ ને ઊંધી વાળેલી ટોપલીઓની ખુરશી બનાવી. શક્કરિયાં ને વટાણા શેકીને વેંચવા માંડ્યા ને શાળા માટે ફાળો એકઠો કર્યો.

ઈ.સ. ૧૯૦૪ના ઑક્ટોબરની ત્રીજી તારીખે આ શાળાનું ઉદ્ઘાટન આટલા લોકોની ઉપસ્થિતિમાં થયું – આચાર્યા મેરી, આઠ-નવ વર્ષની પાંચ છોકરીઓ ને મેરીનો દીકરો આલ્બર્ટ! પણ બે જ વર્ષમાં શાળાએ અઢીસો વિદ્યાર્થીઓ એકઠા કરી લીધા! શાળામાં તેમને તમામ પ્રકારનું શિક્ષણ અપાતું. પૈસા બચાવવા માટે મેરી પોતે જૂનાં, થીગડાંવાળાં કપડાં પહેરતાં ને પગરખાં ફાટે ત્યારે કાગળનાં પૂઠાનાં ચંપલ બનાવી લેતાં!

પોતાની શાળાને ભાડાના મકાનથી મુક્ત કરવા મેરીએ પોતાનું મકાન બાંધવા વિચાર્યું ને ગામને છેવાડે આવેલી ઉકરડાની જગા એ માટે પસંદ કરી. તેના માલિકને તેઓ મળ્યાં ત્યારે ચકિત થયેલા મકાનમાલિકે તેમને જણાવ્યું તેમ, એ તો આખા ગામનો કચરો નાખવાની જગા હતી. ઉત્તરમાં મેરીએ સ્મિતપૂર્વક કહ્યું: 'મને ત્યાં કચરો દેખાતો નથી. એને બદલે આશા, ઉત્સાહ અને જ્ઞાનની મસ્તીથી ભરેલાં છોકરા-છોકરીઓના આનંદી ટોળાનો કલ્લોલ હું જોઉં છું.' સ્વપ્નદૃષ્ટા મેરી આ ક્ષણે આર્ષદૃષ્ટા પણ બની શકતાં જોઈ શકાય છે. જીવનનું, વિશાળ માનવતાનું દર્શન સહજભાવે કરી શકતાં મેરી પોતાના આ પ્રકારના અનેક અનુભવોમાંથી પસાર થયા પછી આવી ઋષિવાણી ઉચ્ચારી શકવા સમર્થ થયાં છે : 'આ સમય દરમિયાન મને બરોબરા ખયાલ આવી ગયો હતો કે મારું મહત્ત્વનું કાર્ય એક સારા ભિખારી બનવાનું છે. હું ઘેરઘેર ફરતી અને લોકોને ફાળા માટે સમજાવતી... મારી લાગણી ગમે તેટલી દુભાય તોપણ હું હસતી જ રહેતી. નિષ્ફળતાથી હતાશ થવાનું મને પસંદ નહોતું. હતાશ થયેલાં લોકો ભગવાન કે માણસ કોઈનેય ખપ લાગતાં નથી.'

આ અરસામાં મેરી પ્રોક્ટલ ઍન્ડ ગેમ્બલ કંપનીના માલિકને મળ્યાં ને તેમને શાળાના ટ્રસ્ટી થવા વિનંતી કરી. પોતે પસંદ કરેલી જગા બતાવવા તેઓ જ્યારે ગેમ્બલને લઈ ગયાં ત્યારે એ જગા પર કશું જ ન જોઈને ગેમ્બલે પૂછ્યું : 'ક્યાં છે શાળા?' ત્યારે ગૌરવથી મેરીએ જણાવ્યું : 'એ શાળા મારા દિલમાં છે.' તેમના સ્વપ્નશીલ ઉત્તરથી અભિભૂત થઈને એ જ ક્ષણે ગેમ્બલે તેમને દોઢસો ડૉલરનો ચેક લખી આપ્યો.

મેરી કેળવણીકારની સાથોસાથ ઝડપથી સમાજસેવિકા તરીકે પણ વિકસવા લાગ્યાં. પોતાના વિદ્યાર્થીઓને યોગ્ય સારવાર મળતી નથી એવું જોઈને તેમણે કાળા લોકોની હૉસ્પિટલ શરૂ કરાવી. કાળા લોકોમાં જાગૃતિ આણવા તેમની કોમની પરિષદ પણ તેમણે ભરાવી.

ઈ.સ. ૧૯૧૯માં મેરીના પતિનું અવસાન થતાં મેરીએ આંતરિક એકલતા અનુભવી, પણ તેમના દૃઢ મનોબળ પર બાહ્ય પરિસ્થિતિઓનો કોઈ પ્રભાવ પડી ન શક્યો. ૧૯૨૪માં તેમણે યુરોપનો પ્રવાસ કર્યો. પરિણામે તેમની વિશાળ દૃષ્ટિ વધુ વિશાળ બની.

મેરીની ખ્યાતિ જગતભરમાં ફેલાઈ. એના પરિણામે તેમણે અનેક પદો સંભાળવાનું ગૌરવ મળ્યું, જેમાં ૧૯૨૮માં કેલિફોર્નિયામાં ભરાયેલા હબસી મહિલાઓના રાષ્ટ્રિય મહિલામંડળનું પ્રમુખપદ, ૧૯૨૦માં નેશનલ અર્બન લીગમાં સ્થાન; અમેરિકાના પ્રમુખ રુઝવેલ્ટનાં સલાહકારનાં પદો મુખ્ય છે.

મેરીને તેમનાં કાર્યો બદલ ૧૯૩૫નો સ્પીનબર્ગ ઍવૉર્ડ, ડ્રેક્ષલ ઍવૉર્ડ, જૅફર્સન ઍવૉર્ડ પણ મળ્યા.

સતત કાર્યરત રહેતાં મેરીને દમની તકલીફ થતાં ઑપરેશન કરાવવાનું આવ્યું ત્યારે જે હૉસ્પિટલમાં તેમને દાખલ કરવામાં આવેલાં ત્યાં હબસી માટે કોઈ અલગ વ્યવસ્થા નહોતી એ જોઈને મેરીએ પોતા માટે હબસી સર્જનની સેવા માગી, જે પછીથી હંમેશ માટે ચાલુ રખાઈ.

જિંદગીભર મેરી માનવઅધિકાર માટે ઝઝૂમ્યાં. ૧૯૪૫માં સાન ફ્રાન્સિસ્કો ખાતે યુનોનું ખતપત્ર ઘડાયું ત્યારે તેઓએ ખાસ હાજરી આપી. બીજા વિશ્વયુદ્ધમાં પણ તેઓ સતત કાર્યરત રહ્યાં. સમાજસેવિકામાંથી ઉત્તમ નેતા તરીકે નીવડી શકેલાં મેરીને મતે નેતાની વ્યાખ્યા આ હતી: '... વૃક્ષ કઈ દિશામાં ફાલે છે તે જોવા માટે આપણે તેની ઉપરની ડાળીઓનું અવલોકન કરીએ છીએ તેમ જે જાતિના આગેવાનોએ કંઈક સિદ્ધિ મેળવી હોય તેમનું વલણ પણ તપાસવું રહ્યું. જે માનવસમૂહને વિકાસની કોઈ તક મળી નથી તેનાં કાર્યો જોવાને બદલે એમના આગળ વધેલા નેતાઓ પરથી જ એમની તુલના કરવી જોઈએ.' મેરીએ સારીયે માનવજાતને પોતાના આશ્લેષમાં સમાવી. આથી તેમનું સંવિત્ વિશાળ બન્યું. સ્પીનગર્ન પારિતોષિક લેતાં મેરીએ જે સંદેશ આપ્યો એમાં એમનો વ્યાપ ચકિત કરે એવો છે :' જીવનનો કાનૂન એટલે સહકારનો કાનૂન... આંતરજાતીય મિલનનો અર્થ એ જ છે કે જેઓએ કેળવણી ને તેના લાભ મેળવ્યા છે તે બધાંની સિદ્ધિનું એક દોરડું બનાવી જનતાના સૌથી નીચેના થરના સૌથી નીચેના માનવી સુધી પહોંચાડવું. લોકોમાં જો આ ભાવિ દર્શન નહીં હોય તો તેમનો વિનાશ થશે...'

૧૯૫૦માં સિત્તેર વર્ષની ઉંમરે મેરી વતન માયેસવિલે ગયાં ત્યારે પણ હજુ ઘણું કામ બાકી રહ્યાનું તેમણે અનુભવ્યું. હજુ પણ તેમના મનમાં બાળપણમાં કરેલી પ્રાર્થના ઘૂંટાતી હતી: "એવો એક દિવસ આવે જ્યારે જગતભરમાં કોઈ પણ બાળકને એવા અપમાનજનક શબ્દો ન સાંભળવા પડે - 'એ ચોપડી મૂકી દે, તને વાંચવાનો અધિકાર નથી.''

જીવનભર અપાર પરિશ્રમ ને તેના પરિણામે મળેલાં માનસન્માનને મેરીએ પ્રૌઢિથી ઝીલ્યાં છે. તેમનું જીવનદર્શન સ્વપ્નથી વાસ્તવ ભણીનું ને તેથી એક અધ્યાત્મયાત્રીનું બન્યું છે. તેઓ પસાર કરેલાં જીવનનું અવગાહન કરતાં દૃષ્ટાભાવે નોંધે છે : "મારા જીવનનાં પાછલાં પંચોતેર વર્ષ તરફ નજર નાખું છું ત્યારે આપણા મહાન અમેરિકન જીવનમાં કંઈક ભાગ લઈ શકવા માટે હું આનંદ અનુભવું છું. જાતિજાતિ વચ્ચેની સમજદારી વધારીને માનવબંધુત્વનો વિકાસ કરવાની હિલચાલમાં હું મદદ કરી શકી છું તેનો મને આનંદ છે. પ્રભુનિર્મિત આ જગતમાં 'સાવ નીચલી કક્ષા'નાં યુવકયુવતીઓ માટે પણ સ્થાન છે અને એમનામાં દૃષ્ટિ હોય, દૃઢ નિશ્ચય અને હિંમત હોય તો એ સ્થાન પોતે મેળવી શકે છે - એ હકીકત પુરવાર કરવામાં મારી રીતે હું સફળ થઈ શકી છું તેનો પણ મને આનંદ છે.''

મેરીની સંવેદના એક અસાધારણ મનુષ્યની હતી એની પ્રતીતિ એમના આ નિવેદનમાં થાય છે. પોતે ભોગવેલા વાળા-ઢાળા બીજાંને ન ભોગવવા પડે તે માટે તેમણે કરેલું તપ, એ માટેની નિષ્ઠા ને અંતે એ સૌનું ઈશ્વર પ્રીત્યર્થે કરેલું સમારાધન તેમને દુનિયાનાં મહાન માનવપ્રેમીઓમાં અગ્રસ્થાનનાં અધિકારી બનાવે છે. □

આ અંકનું મુખચિત્ર ● પ્રથમ પત્ની મિરિઅમના અવસાન બાદ પોતાની પ્રિયતમા શીરીન સાથે ખુશરૂના લગ્નને અહીં ચિત્રાંકિત કરાયું છે. આ લઘુચિત્રમાં છઠ્ઠી સદીના રાજમહેલના એક ખંડની મધ્યમાં બંને પાત્રોને આશ્લેષમય દર્શાવાયાં છે. ભૌમિતિક મૉઝેક ભાતના ટાઈલ્સની ફરતે પુષ્પની ઍરેબિક શૈલીની કિનાર ચીતરવામાં આવેલી છે. ઉપરની બારી પરના પથ્થર-લેખમાં 'ઓહ, આપ દ્વારાના ઉદ્‌ઘાટક' એવું લખાણ છે. રંગની રમણા અને આકૃતિની ઝીણવટ ચિત્રને સરાહનીય બનાવે છે.

ઝાટકો

બહાદુરભાઈ જ. વાંક

'તમે કાંઈ સાંભળ્યું? સોનીસાહેબ ગુજરી ગયા.'

હું સવારમાં શાકભાજી લેવા બજારમાં જતો હતો, ત્યાં રસ્તા વચ્ચે જ મારી સાઇકલ રોકી, અમારી ઓફિસના પટાવાળા કાનજીએ આંચકા સાથે મને કહ્યું.

'હેં... શું કહે છે?' ઝાટકો લાગ્યો હોય તેમ હું બોલી ઊઠ્યો.

'હા, સાચું જ કહું છું. ગઈ રાત્રિના તેમને હેમરેજની તકલીફ થઈ જતાં સિવિલમાં દાખલ કરેલા, અને મોડી રાત્રિના તો...' કાનજીએ જરા વિગતથી સ્પષ્ટતા કરી.

જલદીજલદી શાકભાજી ખરીદીને ઘર તરફ જવાને બદલે સાહેબના બંગલા તરફ મેં સાઇકલ મારી મૂકી. વચ્ચે ઓફિસ આવતાં થોડીવાર ત્યાં ઊભો રહી ગયો. આજે રવિવાર હોઈ ઓફિસનો દરવાજો બંધ હતો. દરવાજાની સામે આવેલી કિશનની પાન-બીડીની દુકાન તરફ સાઇકલ ખેંચતો હું આગળ વધ્યો. દુકાન પાસે પહોંચ્યો કે તરત જ કિશન બોલ્યો : 'સોનીસાહેબ ગુજરી ગયા.'

'હા, વાત તો મેં પણ સાંભળી છે... અત્યારે એમના બંગલા તરફ જ જાઉં છું. પણ અચાનક એમને શું થઈ ગયું?'

'સાંભળવા પ્રમાણે બ્રેન-હેમરેજથી ફેલ થઈ ગયા... હજુ કાલે બપોરે તો પટાવાળો, એમના માટે પાંચેક પાન પણ બંધાવી ગયેલો... ભારે થઈ હોં...' કિશન એકીશ્વાસે બોલી ગયો. ને મારું પાન બનાવવા લાગ્યો. પાન બંધાવીને મેં સાહેબના બંગલા તરફ સાઇકલ દોડાવી... સાહેબના બંગલા પાસે આવ્યો. કેટલાક અધિકારીઓ ઊભા હતા. અન્યને પૂછતાં જાણવા મળ્યું કે દોઢ-બે કલાકમાં સ્મશાનયાત્રા નીકળવાની છે. સ્મશાનયાત્રામાં જોડાવા માટે હું ટુવાલ લેવા ઘરે આવ્યો. પત્નીને સોનીસાહેબના અવસાનની વાત કરી.

સોનીસાહેબના મારા ઉપર કેટલા ઉપકારો હતા, એ પત્ની સારી રીતે જાણતી હતી. એટલે તેણે પણ ઊંડી દિલગીરી વ્યક્ત કરી. હું સ્મશાને જવાની તૈયારી કરવા લાગ્યો, એટલે એ બોલી : 'તમે ન જાઓ તો સારું... તમને કેટલી શરદી થઈ ગઈ છે!'

'એ સાચું; પણ હું ન જાઉં તો ખરાબ લાગે.'

'ત્યાં વળી કોણ હાજરી પૂરવાવાળું બેઠું છે? સાંજે ઉઠમણામાં કે ઘરે જઈ આવજો. પત્નીની વાત સાંભળીને - સ્મશાને જવા માટે હું પણ થોડો ઢીલો પડી ગયો. હજુ હું કંઈ નિર્ણય લઉં ત્યાં જ ઑફિસના બે કર્મચારીઓ સ્મશાનયાત્રામાં જવા મને બોલાવવા આવ્યા. હવે ગયા વગર છૂટકો જ નહોતો... પત્નીએ બધા માટે સૂંઠવાળી ચા બનાવી. ચા પીને અમે ત્રણે રિક્ષામાં સાહેબના બંગલે આવ્યા. જોયું તો દરવાજામાંથી નનામી બહાર નીકળી રહી હતી. સ્મશાનયાત્રામાં અમે ત્રણે જોડાયા. ઑફિસના કોઈક પ્રશ્ને પોતાની બદલી કરાવવા માટે ભૂતકાળમાં કર્મચારીએ સોનીસાહેબની જીવતેજીવ સ્મશાનયાત્રા કાઢી હતી. એ વખતે સોનીસાહેબે કહેલા શબ્દો મને અત્યારે યાદ આવી ગયા : 'આથી તો ઊલટાનું મારું આયુષ્ય જ વધી જવાનું!'

બીજા દિવસે ઑફિસે આવ્યો. ગઈ કાલની જેમ આજે પણ ઓફિસમાં જાણે હડતાલ પડી હોય તેવું વાતાવરણ હતું. ડહોળાયેલાં જળમાં તરતા કચરાની જેમ વાતાવરણમાં ઘેરી ઉદાસીની છાયા તરી રહી હતી. શૂનમૂન બની હું મારી ખુરશી ઉપર બેઠો. ને મારી આંખો સામે જ...

તુમારોમાં ધડાધડ સહી કરતાં, કર્મચારીઓને ખખડાવતા - આદેશો આપતા સાહેબ ઊપસી આવ્યા. 'હમણાં જ...' 'અબઘડી જ...' જેવા શબ્દો વારંવાર ઉચ્ચારવાને ટેવાયેલા સાહેબને ઘડીકમાં તો કાળે 'હતા' બનાવી દીધા!

હું મારા ટેબલ ઉપર કાગળિયાં ફેંદવા લાગ્યો. સાહેબનો પી.એ. હોઈ આજે તેમની પાસેથી કયાં કયાં કાગળિયાંઓનું ડિકટેશન લેવાનું હતું, તેની યાદી વાંચવા લાગ્યો. પછી ચેમ્બર સામે જોયું. સાહેબના નામનું બોર્ડ નજરે પડ્યું. તેમના નામની નીચે લખાયેલા શબ્દો 'ઇન' અને 'આઉટ' ઉપર થોડી વાર આંખ સ્થિર થઈ ગઈ - 'આઉટ' શબ્દ ચગદીથી ઢંકાયેલો હતો. મને થયું, સાહેબ શું અંદર હશે? તો...તો... એ મને અચૂક બોલાવે જ...ને અંદર જાઉં ત્યારે...

'મિસ્ટર વાંક, જરા ઝડપ કરો. ટાઈપ કરી, કાગળ તાત્કાલિક મારી સહીમાં મૂકો... બક અપ..'

ભ્રમણામાં ઝોલાં ખાતો હું ખુરશી ઉપરથી ઊભો થઈ ગયો. ચેમ્બરમાં જરા આંટો મારી સાહેબના 'પ્રોગ્રામ બોર્ડ' ઉપર નજર કરી. સાહેબને આજે વેરાવળ જવાનું હતું – 'સર્વરોગ નિદાન કેમ્પ'નું ઉદ્ઘાટન કરવા. હું ચેમ્બરમાંથી બહાર નીકળી ગયો. ઓફિસમાં કર્મચારીઓ એકબીજાના ટેબલે ટોળું વળી ગુસપુસ કરતા હતા...

શ્વાસ-દમથી પીડાતા અને નિવૃત્તિના આરે ઉભેલા દાસભાઈ કહેતા હતા : 'મારા જેવાથી તો મોતેય દૂર ભાગે છે. નહીં તો હું તો ઇચ્છું છું કે... સાહેબ તો બીચારા સાવ નાની ઉંમરે જ...'

ટીખળી અને રોનકી સ્વભાવનો ભટ્ટી બોલ્યો : 'હું તો ચાર ચાર વખત ગંભીર માંદગીમાં પટકાયો છતાંય... યમરાજા

આવે એટલે એકાદ જોક સંભળાવી દઉં! બાકી જિંદગી-મોત બધુંય જાણે ફારસ જ...!'

મજમુદારે ભૂતકાળમાં તેના પિતાને થઈ ગયેલા બ્રેન-હેમરેજની ગંભીરતાની વાત કરી, તો કાંઈએ સાહેબનાં બાળકોની દયા ખાતાં કહ્યું : 'બીજું તો ઠીક.. બીચારાં છોકરાં હજુ સાવ નાનાં...'

સાહેબ માટે 'બીચારા' શબ્દ હું આજ પહેલી વખત સાંભળતો હતો. નહીં તો એ તો હતા ભલભલાની છઠ્ઠીનું ધાવણ યાદ કરાવી દે તેવા... હજુ થોડાં દિવસ પહેલાં ઑફિસના પટાંગણમાં રાખેલી પોતાની કારમાં સાહેબ બેસવા જતા હતા, ત્યાં નોકરીમાંથી સાહેબે જ ડિસમિસ કરેલો એક માથાભારે કર્મચારી સુલેમાન લોખંડવાળો, જે લોખંડી માણસ તરીકે પ્રખ્યાત હતો, પોતાના કેસના અનુસંધાને ખુલ્લી છરી સાથે સાહેબ ઉપર હુમલો કરવા ધસી ગયો હતો, ત્યારે સાહેબે તેના હાથમાંથી છરી ઝૂંટવી લેતાં કહ્યું હતું : 'તું ચીંથરા ફાડમાં... હું મોત મુઠ્ઠીમાં લઈને જ ફરું છું, સમજ્યો?' ને સાહેબે તેની સામે એવી વેધક રીતે જોયું હતું કે સુલેમાનને પરસેવો વળી ગયો હતો. છતાંય સાહેબને ધમકી આપીને ત્યાંથી ચાલ્યો ગયો હતો : 'હું જોઈ લઈશ... તમને તો જીવવા નહીં દઉં.'

તો સોનીસાહેબે સામો પડકાર ફેંક્યો હતો : 'તારે જરાયે ઓછા ઊતરવું નહીં.'

*

સાંજના શોકસભા.. શોકસભામાં કર્મચારીઓની સારી એવી હાજરી હતી. ત્રણચાર આગળ પડતાં કર્મચારીઓએ પ્રાસંગિક પ્રવચનો કરી સ્વર્ગસ્થના આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન... મેં આંખો મીંચી... સાહેબ કડક હતા, પણ મારા માટે તો કેટલા સારા હતા! તેમના થકી તો, હું પી.એ.ના હોદ્દા સુધી... હવે તેમની જગ્યાએ કોણ જાણે કેવા સાહેબ... નવા સાહેબની સાથે કઈ રીતે એડજેસ્ટ...

ઓમ... શાંતિઃ શાંતિઃ શાંતિઃ બોલતાંકને બધાએ આંખો ખોલી નાખી હતી. પણ મારા ચિત્તમાં તો અશાંતિ જ... અચાનક મને માથામાં સણકો ઊપડી આવ્યો.

શોકસભા પછી ભૂતનાથ મહાદેવના મંદિરે રાખવામાં આવેલ ઉઠમણામાં જવા માટે બધા બહાર નીકળ્યા. મને પણ જાણે બ્રેન-હેમરેજ થઈ જવાનું હોય તેમ વારેવારે માથા ઉપર હાથ ફેરવતો હું પણ શરમે-ધરમે બધા પાછળ ઢસડાયો. ભૂતનાથ મહાદેવનું મંદિર આવતાં જ કોઈની મારા ઉપર નજર ન પડે, એ રીતે ચૂપચાપ ત્યાંથી સરકી ગયો – સતત થતાં સાહેબના હેમરિંગથી જાણે છૂટવા જ...

રસ્તામાં આચાર્ય ભટકાઈ ગયો. મેં એને ઊભો રાખીને સાહેબના અવસાનના સમાચાર આપ્યા.

'હા, મેં પણ સાંભળ્યું - સાહેબના અવસાન અંગે' ને કંઈક નારાજગીથી તેણે ઉમેર્યું : 'ઘો ગઈ!'

'કેમ આમ બોલ્યો?' મેં પૂછ્યું.

'ત્યારે બીજું શું? હું માંદગી સબબની બે માસની રજા ઉપર હતો, એનો પગાર જ તેમણે અટકાવી દીધેલો.'

હું વધારે સમય આચાર્ય પાસે ઊભો રહી શક્યો નહીં. મને સખત માથું દુઃખતું હોઈ, મારી નિયત દુકાને પાન ખાવા કાળવા તરફ સાઇકલ દોડાવ હું મારી જાત ઉપર જ હસતા હસતા વિચારી રહ્યો : સબ અપને અપને ખ્યાલો મેં...

પાનવાળાની દુકાને આવી હું પાન ખાવા ઊભો રહી ગયો. પાનનો ઑર્ડર, આપી સોડા સાથે એસ્પ્રોની ટીકડી ગળી ગયો. કંઈક રાહત જેવું લાગ્યું. ત્યાં દૂરથી સુલેમાન લોખંડવાળા મને જોઈ ગયો. તે મારી પાસે આવ્યો. મેં તેના માટે પણ પાનનો ઑર્ડર આપ્યો.

હું હજુ બોલવા જતો હતો, ત્યાં જ તે બોલી ઊઠ્યો : 'તમારા સોનીસાહેબને તો મારે એક દિવસ પતાવી જ દેવા છે.'

હું તેના હાથમાં પાન મૂકતા બોલ્યો : 'સોનીસાહેબ તો બીચારા ક્યારના પતી ગયા.'

'શું કહ્યું? કાંઈ સમજાયું નહીં.'

'સોનીસાહેબ તો ગઈ રાત્રિના ગુજરી ગયા. અચાનક બ્રેન-હેમરેજનો હુમલો..' મોંમાં પાન નાખતાં હું બોલ્યો.

ને વિદ્યુતનો જોરદાર ઝાટકો લાગ્યો હોય તેમ તે જરા પાછળ ધકેલાઈ ગયો ને સ્તબ્ધ બની હાથમાં પકડેલા પાનનો ઘા કરતાં બોલી ઊઠ્યો: 'ક્યારે? તેમને વળી શું થઈ ગયું? યા... ખુદા...!' □

સંગીતશાસ્ત્ર-૬

હસુ યાજ્ઞિક

ભારતીય સ્વરલિપિ

આપણે આગળ જોઈ ગયા છીએ તે પ્રમાણે જ્યારે કોઈ પણ નાદની આંદોલનસંખ્યા સોળથી વિશેષ હોય છે ત્યારે જ તે નાદ સાંભળી શકાય એવો બને છે. આમ, નાદને જ્યારે સાંભળી શકાય એટલી આંદોલન-સંખ્યા હોય, એની નિશ્ચિત અને સ્થિર એવી ઉત્કટતા હોય તે નાદને શ્રુતિ કહેવામાં આવે છે. 'શ્રવ્યતે ઇતિ શ્રુતિ' - અર્થાત્ જે નાદ કાન સાંભળી શકે, એનું ભિન્નપણું પ્રમાણી શકે ત્યારે એને શ્રુતિ કહેવામાં આવે છે. આવી એક નિશ્ચિત શ્રુતિ જ્યારે બમણી ઉત્કટતાએ પહોંચે, એટલે કે એક નાદ જ્યારે બમણો બનીને ઊંચે ને ઊંચે ચડતો જાય છે ત્યારે ક્રમશઃ ૨૧ શ્રુતિઓ તેમાં હોય છે. સમજાય એવી ભાષામાં કહીએ તો ક્રમશઃ ઊંચે ચડતા નાદને ૨૧ સ્થાને આપણે જુદો પડતો, ઊંચે ચડતો પ્રમાણી શકીએ છીએ. આ ૨૧ શ્રુતિઓ પર જે મુખ્ય સાત શુદ્ધ સ્વરો સા, રે, ગ, મ, પ, ધ, નિ નિશ્ચિત કર્યા છે જેની અંગ્રેજી-સંજ્ઞા C, D, E, F, G, A, B છે. 'સા' અને 'રે' વચ્ચે પણ 'સા'થી ઊંચી પરંતુ 'રે'થી નીચી એવી શ્રુતિ છે જેને કોમળ રે કહીએ છીએ. એ રીતે 'રે' શુદ્ધથી ઉપર પરંતુ શુદ્ધ 'ગ'થી નીચે જે શ્રુતિ છે તે કોમળ 'ગ' છે. શુદ્ધ 'મ'થી ઉપર પરંતુ પંચમથી નીચે 'મા' તીવ્ર મધ્યમ છે. પંચમથી ઉપર, પરંતુ ધૈવત શુદ્ધથી નીચે જે શ્રુતિ છે તે કોમળ 'ધ' છે તેમ શુદ્ધ 'ધ'થી ઉપર પરંતુ શુદ્ધ નિષાદથી નીચે કોમળ 'નિ' છે. આમ 'રે', ગ, ધ, નિ, એ ચાર કોમળ અને 'મા' તીવ્ર મધ્યમ એ પાંચ સ્વરો વિકૃત છે. અંગ્રેજીમાં એને Bellow Note, શુદ્ધ સ્વરની નીચેનો નાદ કહે છે તેથી એ સ્વરને શુદ્ધ સ્વરની નીચે હોય એની સાથે b સંજ્ઞા મૂકીને દર્શાવાય છે. 'D' એટલે 'રે' અને તેનાથી નીચો એટલે Db = રે કોમળ. E એટલે 'ગ' એનાથી નીચો એટલે Eb = ગ કોમળ. મધ્યમ એટલે F. તીવ્ર સ્વરનો 'મા' ઉપર છે તેથી એને F એવી સંજ્ઞાથી ઓળખાવવામાં આવે છે. આ રીતે પંચમ નીચો તે F છે. પંચમથી ઊંચો પરંતુ ધૈવત એટલે A થી નીચો એટલે કે Ab = ધ કોમળ. એ રીતે B એટલે નિષાદ અને એની Bellow એટલે નીચે એટલે કે bd એટલે કોમળ 'નિ'. આમ 'નિ' મધ્યસપ્તકનો પૂર્ણ થાય તે પછી જે ષડ્જ આવે છે તે મૂળ ષડ્જ જે ૨૪૦ આંદોલન-સંખ્યાનો છે તે બેવડો એટલે કે ૪૮૦ આંદોલન-સંખ્યાનો બની જાય છે. એને સાં કહેવામાં આવે છે અને તાર સપ્તકના બધા સ્વરો પર માથે અનુસ્વાર મૂકીને દર્શાવતાં સાં, રેં, ગં, મં, પં, ધં, નિં રૂપે દર્શાવાય છે. પશ્ચિમના સંગીતમાં આને માટે m સંજ્ઞા છે. Cm = સાં.

આમ ભારતીય સંગીત અને પાશ્ચાત્ય સંગીતની સ્વરસંજ્ઞા આ પ્રમાણે છે :

	મધ્યસપ્તક		તારસપ્તક	
	ભારતીય સ્વરસંજ્ઞા	પાશ્ચાત્ય સ્વરસંજ્ઞા	ભારતીય	પાશ્ચાત્ય
૧.	સા	C	સાં	Cm
૨.	રે	Db	રેં	Dbm
૩.	રે	D	રેં	Dm
૪.	ગ	Eb	ગં	Ebm
૫.	ગ	E	ગં	Ebm
૬.	મ	F	મં	Fm#
૭.	મા	F#	પં	Gm
૮.	પ	G	ધં	Abm
૯.	ધ	Ab	ધ	Am
૧૦.	ધ	A	ધ	Bbm
૧૧.	નિ	Bb	નિ	Bbm
૧૨.	નિ	B	નિ	Bm

ભારતીય પદ્ધતિમાં મંદ્ર સપ્તકના સ્વર નીચે • મૂકવામાં આવે છે. મ઼ પ઼ ધ઼ નિ઼ મધ્ય સપ્તકના સ્વરને કોઈ નિશાની વગર મૂકવામાં આવે છે. સા, રે, ગ, મ, પ, ધ, નિ અને તાર સ્વરને માટે અનુસ્વાર મૂકવામાં આવે છે : સાં, રેં, ગં, મં, પં, ધં, નિં. પાશ્ચાત્ય સંગીતમાં સ્ટાફ નોટેશનમાં s e મૂક મંદ્ર સપ્તક s દ્વારા મધ્યસપ્તક દર્શાવવામાં આવે છે.

મંદ્રસપ્તક : સા઼ રે઼ રે઼ ગ઼ ગ઼ મ઼ મા઼ પ઼ ધ઼ ધ઼ નિ઼ નિ઼

મધ્યસપ્તક : સા રે રે ગ ગ મ મા પ ધ નિ નિ નિ

તારસપ્તક : સાં રેં રેં ગં ગં મં માં પં ધં ધં નિં નિં

જો મંદ્રના પહેલાના સપ્તક અર્થાત્ પૂર્વમંદ્રને દર્શાવવા હોય તો સ્વર નીચે બે બિંદુથી દર્શાવાય: સા઼઼ રે઼઼ રે઼઼ ગ઼઼ ગ઼઼ મ઼઼ મા઼઼ પ઼઼ ધ઼઼ ધ઼઼ નિ઼઼ નિ઼઼ એ રીતે તાર સપ્તકથી પણ ઉપરના સપ્તક અનુતારને ઉપર બે બિંદુ મૂકીને આ રીતે દર્શાવાય : સાં રેં રેં ગં ગં મં માં પં ધં ધં નિં નિં

આપણું ભારતીય શાસ્ત્રીય સંગીત સંપૂર્ણ રૂપમાં ગુરુમુખી વિદ્યા તરીકે જ વિકસતું રહ્યું છે આથી આપણા કોઈ પણ પ્રાચીન ગ્રંથોએ સ્વરના સપ્તકનો નિર્દેશ થાય તથા તે સ્વરની માત્રાનો પણ નિર્દેશ થાય એવી સ્વરલિપિ નિશ્ચિત કરી નથી. સંભવ છે કે સ્વરને આંકથી તથા । ખડી રેખાથી તથા તે સ્વરના માત્રાના લંબાણને S દ્વારા દર્શાવીને નોટેશનનું કામ લેવાતું હોય છે. વેદગ્રંથોમાં ઉદાત્ત-અનુદાત્ત સ્વરો આવી । ખડી અને – આડી લીટીથી દર્શાવાતા જોવા મળે છે અને વેદપાઠી હાથની સંજ્ઞાથી તે સ્વરોનું હ્રસ્વત્વ દીર્ઘત્વ દર્શાવે, એવી પરિપાટી છે. સામવેદના મંત્રોમાં અક્ષરની ઉપર ૧,૨,૩ એવી સંજ્ઞા હોય છે, તે સ્વરનો ક્રમ દર્શાવતા હોવાનો સંભવ છે. આ પદ્ધતિ અંગે તો કોઈ વિશેષ જાણકાર વિશેષ પ્રકાશ પાડી શકે, પરંતુ વેદસૂક્ત સસ્વરગાન છે, પરંતુ તે તાલબદ્ધ ગાન નથી. સ્વર લંબાવીને, S થી અકાર લંબાવીને એનો લય નિયમબદ્ધ થાય છે પરંતુ એમાં કોઈ સમ-વિષમ ખંડ અને માત્રાનું સમયમાપ પ્રમાણેનું કોઈ નિશ્ચિત એવું તાલનું બંધન નથી. આથી વેદગાન છે તે સસ્વર Recite થતું હોય છે, તેનું તાલનિબદ્ધ ગાન થતું નથી. તિસ્ર, ચતસ્ર જાતિમાં એનો લય બંધાતો હોય છે, પરંતુ આ લય સંગીતમાં જે રીતે ઘડિયાળની જ યાંત્રિકતાથી ચુસ્ત રીતે બંધાયેલો હોય છે, એવું આવા અનિબદ્ધ ગાનમાં હોતું નથી. ઉચ્ચરિત ચુસ્ત રીતે બંધાયેલો હોય છે, એવું આવા અનિબદ્ધ ગાનમાં હોતું નથી. ઉચ્ચરિત તિસ્ર-ચતસ્ર એવો માત્રામેળ ક્યાંક પણ થોડી છૂટછાટ લે છે, બે તિસ્ર જાતિના શબ્દોનું ઉચ્ચારણ જો ઘડિયાળથી માપીએ તો એક તિસ્રમાં ને બીજું ચતસ્રમાં આવે એવું પણ બને. છંદોમાં પ્રયોજાતો ઉચ્ચરિત એવો અક્ષરઆધારિત માત્રામેળ અને સંગીતનો તાલબદ્ધ એનો યાંત્રિક કહેવાય એવી. ચુસ્ત સમયના બંધનો માત્રામેળ કેટલેક અંશે ભિન્ન હોય છે. છંદના અક્ષરમેળ અને માત્રામેળ તથા એના સાંગિતિક રૂપની તાલબદ્ધ એવી માત્રાઓના મેળ વચ્ચેની ભિન્નતા યથાસ્થાન વીગતે વિચારીશું અને ગેય લોકઢાળો તથા વિવિધ રાગબદ્ધ દેશીઓ અને ગેયસ્વરૂપ તથા તેની માત્રાઓની તિસ્ર-ચતસ્ર જાતિઓ તથા સંબંધિત તાલોના સંબંધે પણ યથાસ્થાન વિચારીશું, પરંતુ અહીં મુદ્દો એ છે કે આપણા પ્રાચીન-મધ્યકાલીન સંગીતશાસ્ત્રે સ્વર, સ્વરૂપ અને પ્રકાર, એની માત્રા, એનાં ખંડ અને તાલ સંદર્ભે લિપિનો કોઈ ખાસ વિચાર કર્યો નથી કે એ માટેની નિશ્ચિત એવી પદ્ધતિનો ઉપયોગ થયો નથી. સર્વાંગે અને સર્વાંશે આ લલિતકલા ગુરુમુખી રહી અને ગુરુશિષ્ય પરંપરામાં, એનાં કુળ એટલે કે 'ઘરાણા'માં જ એનો વિકાસ થતો રહ્યો, તેથી સ્વરાંકન-લિપિ આવશ્યક ન બની. સ્વરલગાવની જે ભિન્ન ભિન્ન પદ્ધતિઓ છે તેના ગમક, ગટકરી, ઝમઝમા, કણ, મીંડ, ઘસીટ, હરકત, મુરકી જેવા પ્રકારો છે તે લિપિ દ્વારા બતાવવાનું આ કારણે જ બહુ શક્ય ન બન્યું. જોકે આજે ભારતીય સ્વરાંકન માટેની લિપિ નિશ્ચિત બની છે, એનો વિકાસ થયો છે તો પણ સ્વરલગાવને એની સૂક્ષ્મતા સાથે લિપિમાં દર્શાવવાનું, ખાસ તો વિવિધ રાગના પ્રયુક્ત સ્વરના સૂક્ષ્મ શ્રુતિભેદને પ્રગટ કરવાનું હજુ સંપૂર્ણ સ્વીકાર્ય અને શાસ્ત્રીય કક્ષાનું નથી બન્યું.

સ્વરાંકન માટેની લિપિની સર્વ પ્રથમ અનિવાર્યતા પંડિત ભાતખંડેજીને ઘરાણેદાર ચીજોને ગ્રંથ શ્રેણીમાં રજૂ કરવામાં જણાઈ. ભિન્ન ભિન્ન ઘરાણાના વિવિધ ઉસ્તાદો, કલાકારોને મળીને એમણે ક્રમિક પુસ્તકમાલિકાના છ ગ્રંથની શ્રેણી સંપાદિત કરી પ્રકાશિત કરી. સમગ્ર ભારતના ઉચ્ચકોટિના સંગીતકારોનો આ અંગે સંપર્ક કરીને એમણે સ્વરલિપિ નિશ્ચિત કરી. આ માટે એમણે કંઠ્ય સંગીત સાંભળ્યું, રેકોર્ડ્ઝ સાંભળી હજારો ચીજોનું સ્વરાંકન કર્યું. આ રીતે જ પંડિત વિષ્ણુદિગંબર પલુસ્કરે પણ રાગવિજ્ઞાન પ્રગટ કર્યું અને તેમાં સ્વરલિપિનો પ્રયોગ કર્યો.

પં. વિષ્ણુ દિગંબરની સ્વરલિપિમાં મધ્ય સપ્તકના સ્વરને માત્ર સંબંધિત અક્ષર દ્વારા દર્શાવ્યા. કોમળ સ્વર માટે તે સ્વરને ખોડા દર્શાવ્યા રિ, ગ, મ, ધ, નિ. તીવ્રસ્વર માટે નીચે ઊંધી માત્રા મ મૂકી. મંદ્ર સપ્તકના સ્વરની ઉપર બિંદુ મૂક્યાં સાં રેં ગં મં પં ધં નિં તારસપ્તક માટે સ્વર ઉપર ઊભી માત્રા । મૂકી સાં રેં ગં મં વગેરે.

માત્રા માટેની સંજ્ઞા મૂકી	⌣⌣	બરાબર	૧/૮	માત્રા	સા
	⌣	,,	૧/૪	,,	રે
	०	,,	૧/૨	,,	રે
	–	,,	૧	,,	ગ
	~	,,	૨	,,	મ
	+	,,	૪	,,	પ

લંબાવતા સ્વર માટે S દા.ત. ગSSમ, અક્ષર માટે.. દા.ત. રા..મ ૧/૩ માત્રા માટે ૧/૩ ને એ રીતે ૧/૬ વગેરે મૂક્યા. કણસ્વર Grace Note મુખ્ય સ્વરની ઉપર દર્શાવ્યા. સમને ૧ ની સંજ્ઞા, ખાલીને + ચિહ્ન અને તાલીઓ માટે ક્રમશઃ સંખ્યા આપી.

આ પદ્ધતિ કેટલાક સુધારા સાથે શ્રી રાવજીભાઈ પટેલ વગેરે સંગીત દ્વારા પ્રયોજાઈ. એમાં એક માત્રા માટે –, અડધી માત્રા માટે ० અને બાકીની અપૂર્ણાંક ૧/૩, ૧/૪, ૧/૬ પ્રયોજાય છે.

પં. ભાતખંડેજીની પદ્ધતિ પ્રમાણે મંદ્ર સપ્તકના સ્વરની નીચે • મુકાય છે, મધ્ય સપ્તકના સ્વરને કોઈ ચિહ્ન નથી, તાર સપ્તકના સ્વરની ઉપર • મુકાય છે અને કોમળ સ્વર નીચે - (ડેશ)ની નિશાની મૂકવામાં આવે છે. તીવ્ર મધ્યમ પર । મૂકે

(અનુસંધાન પૃ. ૩૪૧ ઉપર)



કરસનદાસ માણેક

દુષ્યંત પંડ્યા

અવ્યવસ્થિત વાળ, એનાથી થોડુંક ઢંકાતું વિશાળ કપાળ, ચશ્માંમાંથી માંડ દેખાતી અને પાર્થિવ જગતમાં જરીય દૂર ન જોઈ શકતી - એમના પોતાના જ શબ્દોમાં 'કિસિંગ રેયન્જના વિઝન'વાળી - આંખો, ઘઉંવરણો વાન, નીચી કાઠી, જરાક ઘાટીલી દેહયષ્ટિ, ખાદીનાં સફેદ સુરવાલકફની અને કાબરચીતરું જાકીટ : આવી તદ્દન અપ્રભાવક લાગતી વ્યક્તિ વાત માંડે ત્યારે ખબર પડે કે એ કેટલી વિદ્વાન છે, કેટલી પ્રસન્ન પ્રકૃતિની છે, કેટલી તાજગીભરી છે, કેટલી કૌતુકપ્રિય છે, કેટલી માહિતીસભર છે, કેટલી ભાષાઓ જાણે છે, કેવી હાજરજવાબી છે, કેવી તીવ્ર સ્મૃતિ ધરાવે છે !

આવી આભિજાત વ્યક્તિ તે કરસનદાસ માણેક.

૧૯૪૯માં એક શાળામાં શિક્ષક તરીકે જોડાવા માટે હું કરાચી ગયો ત્યારે, કરાચીના ગુર્જરાતી સાહિત્ય જગત અને ગુજરાતી શિક્ષણ જગત બંનેનું વાતાવરણ ખૂબ ડહોળાયેલું હતું. કરાચીમાં ૧૯૩૭માં ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન મળ્યું ત્યારથી, સાહિત્યકારોમાં ભાગલા પડી ગયા હતા. અને, ૧૯૩૯માં, ગુજરાત વિદ્યાલય નામે ઓળખાતી એક અગ્રગણ્ય માધ્યમિક શાળામાંથી સંયુક્ત આચાર્યોને અને કેટલાક શિક્ષકોને પાણીચું આપવામાં આવ્યું હતું, કારણ કે એ લોકોના નેતૃત્વ હેઠળ, કોઈ કારણસર, એ શાળાના શિક્ષકોએ હડતાળ પાડી હતી. આજે છે તેવો, શિક્ષકોનાં હિતોના રક્ષણનો કાયદો તે કાળે ન હતો. છૂટા કરાયેલા એક આચાર્ય હતા કરસનદાસ માણેક.

માણેક માટે એ માઠો કાળ હતો. એમનો હાથ થોડો છુટ્ટો હશે, પોતાના અંગત કુટુંબ ઉપરાંત વિધવા માતા, વિધવા બહેન અને એક કુંવારી બહેનનો ભાર એમને શિરે હતો એટલે, પાસે ખાસ કશી બચત નહીં; અને આવકનું સાધન થઈ ગયું બંધ. આટલું ઓછું હોય તેમ, એમણે વળી ધંધો શરૂ કર્યો, તે એવો, કે એમાં ખોટ જ જાય - માસિક કાઢવાનો ધંધો. માસિકનું નામ રાખ્યું 'સુહિણી.' કેવું તો કાવ્યમય! પ્રખ્યાત સિંધી સુફી શાયર શાહ અબ્દુલ લતીફની સુહિણીની માફક, માણેકનું 'સુહિણી' પણ સંસારસિન્ધુ તરી શક્યું નહીં. કેટલાક જાહેરાત દેનારાઓએ વચનો આપ્યાં, પૈસા નહીં. કાઠું કાઢે ને ગ્રાહકસંખ્યા થાય તે પહેલાં, છએક અંક પછી, એ બંધ થઈ ગયું અને માણેકને ઘેર લેણદારોની સંખ્યા વધારી ગયું. આવી કરજવાન સ્થિતિમાં પણ એમની હાસ્યવૃત્તિ ટકી રહી હતી. એ કહેતા : 'મારા મૃત્યુ વખતે ઘણા બધા લોકોને હું રડતા મૂકી જઈશ – મારા લેણદારોને.' ઉધાર માગવાની કળાના માણેક ઉસ્તાદ હતા. એ ઉધારીનીયે હદ વટી ગઈ હશે ત્યારે, અચાનક, કરાચીમાંથી એ અલોપ થઈ ગયા.

૧૯૪૦માં એમણે ડૂબકી મારી. મુંબઈમાં માથું બહાર કાઢ્યું. મનસુખભાઈ ઝવેરીએ પોતાને ત્યાં, માટુંગે, માણેકને આશરો આપ્યો. એ જમાને ટ્રામ એક આનામાં માટુંગાથી મ્યૂઝિઅમ લઈ જતી. થોડી રઝળપાટ પછી કોટમાં આવેલી કોઈ પ્રોપાયટરી માધ્યમિક શાળામાં એ શિક્ષક તરીકે જોડાયા.

એ ગાળામાં અમૃતલાલ શેઠ પુનઃ 'જન્મભૂમિ'માં જોડાયા હતા. એનું સુકાન સંભાળતા સામળદાસ ગાંધી આથી છેડાઈ, 'જન્મભૂમિ'માંથી છૂટા થઈ ગયા અને એમણે 'વંદે માતરમ્' નામનું નવું અખબાર આરંભ્યું. જે સંજોગો હેઠળ અમૃતલાલ શેઠને 'જન્મભૂમિ'માંથી છૂટા થવું પડ્યું હતું એ લોકો ભૂલી ગયા ન હતા એટલે, સામળદાસના અખબારે શીઘ્ર લોકપ્રિયતા પ્રાપ્ત કરી તેથી, 'જન્મભૂમિ'ને સારો ધક્કો લાગ્યો. સૌરાષ્ટ્રમાં રાણપુરથી 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિક શેઠ પ્રગટ કરતાસ ત્યારે, થોડાક સમય માટે માણેકે ત્યાં કામ કર્યું હશે તેથી, માણેકની કલમની શક્તિથી માહિતગાર શેઠે માણેકને 'જન્મભૂમિ'માં જોતર્યા.

હિટલરે '૩૯માં આરંભેલા બીજા વિશ્વયુદ્ધની જ્વાળાઓ વધારે જોરદાર થતી જતી હતી. યુદ્ધારંભે હિટલર સાથે મળી પોલંડની ચડાઈમાં સાથ આપી અર્ધું પોલંડ ગળી જનાર રશિયા હિટલરના આક્રમણનો ભોગ બન્યું હતું. મહાસત્તા ઇંગ્લંડ પોતાના સામ્રાજ્યના કમાઉ દીકરાઓ જેવા મલયેશિયા અને બ્રહ્મદેશને ગુમાવી રહ્યું હતું. ડંકર્કમાંથી પીછેહઠ, જહાજોનો નાશ, ઇંગ્લંડનાં શહેરો પર બૉમ્બમારો વગેરે બનાવો રોજિંદા બની ગયા હતા. ઘરઆંગણે દેશમાં ખૂબ ધૂંધવાટ હતો. 'જન્મભૂમિ'માં જોડાઈ, આ બધી પરિસ્થિતિ વિશે માણેકે 'અહો રાયજી સુણિયે'ની કટાક્ષકાવ્યોની માળા શરૂ કરી. 'વંદે માતરમ્'ને ક્યાંય પછાડી - પછીથી એ બંધ થઈ ગયું - 'જન્મભૂમિ' તરી ગયું.

સાથે માણેક પણ તરી ગયા. પછીની એમની કરાચીની મુલાકાત વખતે એ ઉપાડ્યા ઊપડતા ન હતા.

મેઘાણી 'જન્મભૂમિ' છોડી રાણપુર જતાં ઝાંખો પડી ગયેલો 'કલમ અને કિતાબ' વિભાગ પણ માણેકની ચબરાક કલમે ફરી ચેતનવંતો કર્યો. ત્યાંયે પોતાની કટાક્ષવૃત્તિને એમણે કામે લગાડી. પુસ્તકોનાં અવલોકનો કે અન્ય કોઈ સાહિત્યિક ઘટના વિશેના લેખો આપવા ઉપરાંત, થોડા થોડા સમયને આંતરે ગુજરાતી સાહિત્યકારોનાં શબ્દચિત્રો માણેક આપતા. રામનારાયણ પાઠકે મોટી વયે હીરાબહેન સાથે લગ્ન કર્યું તે, તે કાળે, થોડી ચર્ચાનો વિષય બન્યું હતું. એ અરસામાં જ માણેકે રામનારાયણભાઈ વિશે લેખ લખ્યો. સાહિત્યિક મૂલ્યાંકનના એ સુંદર લેખના આરંભમાં, ગુજરાતના પ્રથમ વિવેચક નવલરામ પંડ્યાના અવસાન સમયે (બનતાં સુધી હીરાચંદ કાનજીની) લખાયેલી પંક્તિ, 'જાતાં ઝવેરી કોણ હીરા મૂલવે?' મૂકી. 'હીરા' પરનો શ્લેષ સ્પષ્ટ જ છે.

માણેકના કટાક્ષોથી એમના મિત્રો પણ બચી શક્યા નથી. શારદામંદિરના મનસુખરામભાઈની એ ઠીક ઠીક ઠેકડી ઉડાવતા.

(૨)

મારા એમ.એ.ના અભ્યાસક્રમમાં બળવન્તરાય ઠાકોરની કૃતિ 'ભણકાર' મારે ભણવાની હતી. રામનારાયણ, સુન્દરમ્, વગેરેના લેખોને આધારે, 'ભણકાર' પર મેં મારી વિસ્તૃત નોંધ તૈયાર કરી હતી. જયાનન્દભાઈ દવેને એ કંઈ ગમી હશે અને માણેકના 'સુહિણી' - સાહસમાં એ થોડા ભાગીદાર હતા એટલે, 'સુહિણી'માં કકડે કકડે તેમણે તે છાપવા માંડી. આમ 'લેખકે' બનવાનું બહુમાન મને માણેકે આપ્યું! પણ એણે મને માણેકના પરિચયનો મોટો લાભ આપ્યો.

એટલે, ૧૯૪૬માં, કરાચી છોડી હું મુંબઈ ગયો ત્યારે, વિલેપારલે રહેતા માણેકને મળવાનું સરળ થઈ ગયું. ત્યારે મુંબઈમાં ઘરની ભયંકર અછત હતી. હું મારા એક પેઢી દૂરના મામા, ડૉ. ચંદ્રકાન્ત પંડિતને ત્યાં, વિલેપારલેમાં જ રહેતો. માણેક રહેતા દાદાભાઈ રોડ પર. પારલાનો એ રસ્તો ત્યારે સાહિત્યસરિતાના તટ જેવો હતો. રસ્તાને પૂર્વ ખૂણે, ફાટક પાસે, સુંદરજી બેટાઈ રહેતા. ત્યાંથી બે ડગલાં પશ્ચિમ તરફ ચાલતાં, પહેલવાન જેવા લાગતા, કવિ પ્રોફેસર પ્રેમશંકર ભટ્ટ રહેતા. બજાજ રોડ ઓળંગીને તરીક આગળ જઈએ તો ડાબે હાથે માણેક રહેતા અને એમની બરાબર સામેના ઘરમાં ડૉ. હરિવલ્લભ ભાયાણી અને પ્રોફેસર અમૃતલાલ ગોપાણી રહેતા. હજી જરાક પશ્ચિમ તરફ ચાલતાં, ધીરુભાઈ દાણી અને શંકર પડ્યાના આવાસો આવતા. અને દાદાભાઈ રોડ ઘોડબંદર રોડ - આજના સ્વામી વિવેકાનંદ રોડ - ને જ્યાં મળે ત્યાં ખૂણે આવેલા નાજુક કોટેજમાં કવિ પ્રદીપજી રહેતા. મને આટલાની જાણ હતી.

મારી ઘરની શોધ સફળ થતી ન હતી. 'જરમાં જ્યાને મદ્રાસ-કલકત્તાને બૉમ્બની પ્રસાદી જરાક ચખાડી હતી તેવા જ, એ બે નગરોમાંથી તો ઠીક, મુંબઈ અને કરાચીમાંથી પણ બહાદુર ગુજરાતીઓ ઘસાઈ ગયેલા સળીના સાવરણા અને સંડાસના ડબલા સાથે દેશ ભેગા થઈ ગયા હતા. પડખે કોઈ છે એની હૂંફ રહે એ હેતુથી, 'જરના મેમાં કેટલાક ઘરધણીઓ કંઈ ભાડું લીધા વગર પણ ઘર આપવા તૈયાર હતા. મને આ સ્થિતિનો અનુભવ હતો એટલે, 'જોઈએ છે બીજું વિશ્વયુદ્ધ' એ શીર્ષકથી હળવો નિબંધ લખી માણેકને તે વાંચવા આપ્યો. એમણે એને 'જન્મભૂમિ'માં પ્રસિદ્ધ કર્યો.

માણેક અનેકદેશીય વ્યક્તિત્વના જણ હતા. વેદો અને ઉપનિષદોનું એ સતત અધ્યયન કરતા. રવીન્દ્રનાથકૃત 'મુક્તધારા'નો એમણે બંગાળીમાંથી અનુવાદ કર્યો હતો. શાહ અબ્દુલ લતીફના 'શાહજો રસાલો'માંથી પણ એમણે થોડીક પ્રસાદી ગુજરાતીમાં ઉતારી છે. 'ખાખનાં પોયણાં'ના પ્રકાશનથી ગુજરાતી કાવ્યક્ષેત્રે એમણે પદાર્પણ કરેલું. પોતાના મૃત્યુ સુધી એ લખતા જ રહ્યા. પણ સ્વભાવે અલગારી, કોઈની કંઠી બાંધે નહીં, કોઈ જૂથમાં ટકી રહેવાનાં વૃત્તિ, આવડત, સ્વભાવ નહીં. આથી એમના મિત્રો સદા બદલાતા રહ્યા તેમજ એ કોઈ સાહિત્યસંસ્થામાં ઊંચું પદ પ્રાપ્ત કરી શક્યા નહીં.

૧૯૪૨ની 'ભારત છોડો' ચળવળ દરમિયાન ભૂગર્ભ ચાલી ગયેલા ડૉ. કેસકરને એમણે સાચવેલા - પોતે પણ દાંડી કૂચની લડતમાં ભાગ લઈ જેલમાં ગયેલા હતા - છતાં એ ડૉ. કેસકર માહિતી અને પ્રસારણ ખાતાના મંત્રી બન્યા ત્યારે, એનો કશો લાભ એ પ્રાપ્ત કરી શકેલા નહીં. પોતે એ માટે કદાચ થોડીઘણી કોશિશ કરી પણ હોય, પરંતુ એમની વરણી આકાશવાણીમાં કે સાહિત્ય અકાદમીમાં થઈ નહીં. એમના સ્વભાવમાં થોડું ઉતાવળિયાપણું અને થોડું પક્ષપાતિલાપણું બંને હતાં. એમની આ લાક્ષણિકતાને લઈને પોતાના એક સંબંધીના કહેવાથી બીજાને ત્યાં ધાડ પાડવા જેવું કૃત્ય તેમણે કર્યું હતું તેની મને જાણ છે. 'કવિઓ નિરંકુશ હોય છે,' તે સંસ્કૃત ઉક્તિનું છત્ર તેમને આશ્રય આપે છે.

એમની આ નિરંકુશતાનો અનુભવ એમને ઘેર જનારને માટે સહજ હતો. પહેલે માળે પશ્ચિમ બાજુએ આવેલા એમના બ્લૉકને નૈર્ઋત્ય ખૂણે આવેલી ઓરડીમાં તમે બે રૂમ વીંધીને ધસી જઈ શકો. કોઈ કશી રોકટોક કરે નહીં. માણેકની નાની બહેન રાધા મારાં વિદ્યાર્થિની હતાં એટલે મને કોઈ આડો હાથ ન દેતું હોવાનો સંભવ છે. પણ, બીજા કોઈને પણ, 'કોણ છો?' 'કોનું કામ છે?' જેવા પ્રશ્નો કરવાનો રિવાજ એ ઘરમાં ન હતો.

એ ઘર 'કરસન'નું, એટલે 'સબ ભૂમિ ગોપાલકી' જ હતી.

એમની ઓરડીમાં દાખલ થઈએ એટલે, દરવાજાને પીઠ દઈને ખુરશી પર બેઠેલા અને એકદમ નીચી ડોક કરીને લખતા, કે વાંચતા, એ બેઠા હોય. એટલા તો મગ્ન હોય કે, આપણે ટેબલની બાજુએ જઈ બોલાવીએ નહીં ત્યાં સુધી એમનું ધ્યાન ખેંચાય નહીં. મોટે ભાગે એ બેઠા હોય માત્ર ટુવાલ વીંટીને. વસ્ત્રોનું બંધન એમને ઓછામાં ઓછું ગમે. ૧૯૪૬ના નવરાત્રિના દિવસોમાં, રાષ્ટ્રિય શાળામાં રાત્રે કાર્યક્રમ પૂરો થાય તો પછી, રાતે સાડા અગિયાર-બારને સુમારે, વિલેપારલેનો દશરથલાલ જોશી માર્ગ આજના સ્વામી વિવેકાનંદ માર્ગને જ્યાં મળે છે ત્યાં, રસ્તા વચ્ચે મંડળી જમાવી બેસતા માણેક મોટે ભાગે ઉઘાડે ડિલે જ બેસતા. રવીન્દ્રનાથનું 'બાધા નાહિ માની' એમનો મુદ્રાલેખ હતો.

એમને ઘેર જઈ, પ્રકાશિત થયા પહેલાંની તેમની કેટલીક કાવ્યરચનાઓ તેમને કંઠેથી બોલાતી સાંભળી છે. તેમનું એક કાવ્ય મને યાદ આવે છે. એમની નબળી આંખોની વાત કરી જ છે. કોઈકના સૂચનથી પ્રસિદ્ધ કલા-વિવેચક ડૉ. ડી.જી. વ્યાસને તેમણે આંખો બતાવી. ડૉ. વ્યાસે એમની આંખો પર શસ્ત્રક્રિયા કરી. પરિણામે, એમની દૃષ્ટિ ખૂલી. થોડા દહાડા દવાખાનામાં રહી, સેંડહર્સ્ટ રોડ પરથી એ મોટરમાં બેસી ઘેર પારલે ગયા. રસ્તે આવતાં વનસ્પતિની, રંગબેરંગી પોશાક પહેરી ચાલતાં માણસોની, દુકાનોની, મકાનોની, દેવસ્થાનોની અને દરિયાની વિવિધ સૃષ્ટિના રંગો અને રૂપો માણેક માટે જાણે કે પહેલી વાર પ્રત્યક્ષ થયાં. આ સંસ્કારો ચિત્તે ઝીલ્યા તેનો આનંદ ઘેર આવી, એમણે કાવ્યબદ્ધ કર્યો. એમની પોતાની જાત પછીનો, કદાચ એ કાવ્યનો પહેલો શ્રોતા હું હતો.

માણેક પાસે શબ્દ સ્વયં ચાલીને આવતો. એ શબ્દની સહાયે માણેકનું ભાષાપ્રભુત્વ આવતું, માણેકનાં કેટલાંયે કાવ્યો વેરુળની કંડારેલી શિલ્પાકૃતિઓ જેવાં છે. એમાં સંગેમરમરની મુલાયમતા જોવા ન મળે. 'આલબેલ'માંથી, 'મહોબ્બતને માંડવે'માંથી, 'અહો રાયજી સુણિયે'માંથી કે એમનાં અસંખ્ય અપ્રકટ કાવ્યો-ગઝલોમાંથી માણેકની શબ્દપ્રભુતાનાં અનેક ચોટદાર ઉદાહરણો મળશે. શબ્દોને કે શબ્દસમૂહોને એકબીજાની સામે તોળીને મૂકવામાં એ પાવરધા હતા. 'હરિનાં લોચનિયાં,' 'બા' પરનું સૉનેટ આનાં સરસ ઉદાહરણો છે.

કાવ્યનું સત્ય છો બાપુ,
સત્યનું કાવ્ય છો તમે,

*

મરણ શું? જીવતાં લગી કલ્પવું,
જીવન શું? મરતાં લગી જીવવું.

આવી પંક્તિઓ અનેક સ્થળે વેરાયેલી જોવા મળશે. માણેક મંડળીના માણસ હતા. વાત કરતાં એ ખીલે. પાંચપંદરની મંડળી હોય તો વધારે ખીલે. અને સભા હોય તો, પોતાની ગઝલોથી, પોતાનાં કાવ્યોથી, કટાક્ષભર્યાં વિવરણોથી એ સમગ્ર મંડળીને નચાવે. એ કુશળ વક્તા ન હતા, કુશળ પ્રવક્તા હતા.

૧૯૫૨ની, સૌરાષ્ટ્રની પ્રથમ ચૂંટણી વખતે માણેકે કૉંગ્રેસ વતી પ્રચાર કરેલો અને પોતાની આખ્યાનશૈલીમાં, વેધક કટાક્ષોથી, 'અહો રાયજી સુણિયે'માંનાં કાવ્યોથી, જાતજાતનાં દૃષ્ટાન્તોથી પ્રજામતને કૉંગ્રેસ ભણી વાળવામાં સફળ થયેલા.

ગૂજરાત વિદ્યાપીઠમાં એ ભણ્યા હતા. આચાર્ય ગિડવાણી, આચાર્ય કૃપાલાણી, કાકાસાહેબ કાલેલકર જેવા અધ્યાપકો, ગાંધીજી જેવી વિભૂતિની છત્રછાયા, વિવિધ દેશનેતાઓની થતી મુલાકાતો, રાષ્ટ્રના પ્રાણ સાથેનું સીધું અનુસંધાન કરતું શિક્ષણ : માણેકની ચેતના આ કુલડીમાં ઘડાઈ હતી. દાંડીકૂચ સત્યાગ્રહના દેશવ્યાપી આંદોલનમાં તેમણે જેલવાસ ભોગવ્યો હતો. જેલમાં જ 'હરિનાં લોચનિયાં' કાવ્ય એમને સ્વપ્નમાં આવ્યું હતું. '૪૨માં 'ભારત છોડો' આંદોલન વેળા ભૂગર્ભ ગયેલા ડૉ. કેસકરને એમણે થોડો સમય સંઘર્યા હતા. યુદ્ધને લગતાં એમનાં કટાક્ષકાવ્યો પાછળની પ્રેરણા એમની સ્વદેશપ્રીતિ હતી. સરકારી સેન્સરશિપ તંત્રીલેખ સામે હતી, એટલે અમૃતલાલ શેઠના તીખા તંત્રીલેખની જગ્યા કોઈક વાર કોરી રહી હશે. પણ માણેકના કટાક્ષકાવ્યે એ ખોટ સવાઈ પૂરી હશે.

એક બાબતમાં મને એમનો દેશભક્તિનો અતિરેક દેખાયો હતો.

દેશ આઝાદ થયો તે કાળે જૂનાગઢના નવાબી રાજમાં સિંધના શાહનવાજ ભુટ્ટો - ઝુલફીકાર ભુટ્ટોના પિતા અને બેનઝીર ભુટ્ટોના દાદા દીવાનપદે હતા. એમની પ્રેરણા હેઠળ નવાબે જૂનાગઢ રાજ્યને પાકિસ્તાનમાં જોડી દીધું હતું. એની સામે લોક-આંદોલન થયું. સામળદાસ ગાંધીના નેતૃત્વ હેઠળ આરઝી હકૂમતની સ્થાપના થઈ અને એ હકૂમતની ફોજ પણ ઊભી કરવામાં આવી હતી. એ ફોજના સરસેનાપતિની હેસિયતથી જૂનાગઢ પર 'આક્રમણ' કરી તેનો કબજો લેવા આવતા સામળદાસ ગાંધીને એક જાહેર સમારંભમાં અમૃતલાલ શેઠે તલવાર બંધાવી હતી. જૂનાગઢના સીમાડા પરનાં બેપાંચ ગામડાંનો કબજો એ આરઝી ફોજે લીધો હશે ને તે પણ ત્યાંની પ્રજાના પૂરા સહકારથી. જૂનાગઢનું સિપાઈડુંયે ત્યાં ફરક્યું નહીં હોય. જનરલ રાજેન્દ્રસિંહની દોરવણી હેઠળના 'પોલીસ ઍક્શન'થી જ જૂનાગઢ ભારતમાં ભેળવવામાં આવ્યું હતું એ હકીકત હતી. પણ એનો જશ આ આરઝીફોજના ઓઠાને આપવામાં આવ્યો હતો.

આ ઘટનાને અનુલક્ષી મેં એક કટાક્ષ લેખ લખ્યો હતો. 'જીર્ણ દુર્ગનો કબજો! 'કબજા' શબ્દ પર શ્લેશ કરી 'ઝભ્ભા પર પહેરાતો કબજો' લેવાની વાત એમાં મોટા પરાક્રમ તરીકે વર્ણવવામાં આવી હતી. કટાક્ષપ્રિય માણેકને મારો આ કટાક્ષ પ્રિય લાગ્યો ન હતો.

બીજાની પિપૂડી સાથે ઢોલકી બજાવવાની પોતાની અશક્તિને કારણે, અલગારીપણાને લઈને તેમજ પોતાના સ્વભાવની કેટલીક લાક્ષણિકતાઓને લઈને સાહિત્યજગતમાં માણેક ઊંચે આસને ક્યાંય ન બેસી શક્યા તે ખરું પણ, પોતાની મોહક વાક્‌શક્તિથી ઉપનિષદો અને પુરાણો વિશેની વાત માંડવાની આવડતથી અને આખ્યાનોની રજૂઆતથી તેમણે એક ચાહકવર્ગ જરૂર ઊભો કર્યો હતો. એમાંની કેટલીક વ્યક્તિઓએ માણેકને આર્થિક સહાય પણ કરી હતી. આવાં સ્નેહીજનોની સહાય વિના 'સુહિણી', 'સારથી,' 'નચિકેતા' જેવાં સામયિકોનું પ્રકાશન શક્ય ન બનત. એ સામયિકો લાંબું ન જીવી શક્યાં તેમાં ગુજરાતની સુપ્રસિદ્ધ 'સાહિત્યપ્રીતિ' કારણભૂત હશે તેટલી જ કારણભૂત, માણેકના સ્વભાવની ખાસિયતો પણ હશે. એમને અતિશય ગમતી એવી આખ્યાનપ્રવૃત્તિ અંગે પણ કશું ચિરંજીવી એ ન કરી શક્યા તે માટે કદાચ અગત્યનું કારણ આ ખાસિયત જ હશે. આ ફાની દુનિયામાં કશું ચિરંજીવી રહેવાનું નથી એનું ભાન એમને બરાબર થઈ ગયું હશે.

મને એક ઘટના યાદ છે.

ગુજરાતના સુપ્રસિદ્ધ નવલકથાકાર રમણલાલ દેસાઈનું અવસાન થયું. અનેક સ્થળોએ ગોઠવાઈ હશે તેમ વિલેપારલે સાહિત્યસભાએ પણ એ નિમિત્તે જાહેર શોકસભા ગોઠવી. એ શોકસભામાં વિલેપારલે સાહિત્યસભાના પ્રમુખ અને ઉપપ્રમુખની હેસિયતથી ગુલાબભાઈ બ્રોકર અને સુંદરજીભાઈ બેટાઈ - કોણ પ્રમુખ હતા અને કોણ ઉપપ્રમુખ તે યાદ નથી - હાજર હતા. વક્તા તરીકે કરસનદાસ માણેક હાજર હતા. અને શ્રોતાઓની સંખ્યા? ડૉ. હરિપ્રસાદ દેસાઈનાં દીકરી દેવયાનીબહેન દેસાઈ તે એક અને બીજો હું - એમ અમે બે જ શ્રોતાઓ બીજા કોઈ આવશે એમ માની પાંચપંદર મિનિટ રાહ જોઈ. પરંતુ એ સંસ્કારપ્રિય ઉપનગરનાં વાસીઓને રમણલાલ દેસાઈની નવલકથાઓમાં હતો – હશે એમ માનું છું – તેટલો રસ એમની શોકસભામાં ન હતો. રમણલાલ પણ એમને વાસી લાગવા મંડ્યા હોય. કોઈ, કોઈ જ, ફરક્યું નહીં. એટલે થોડી વાર પછી શોકસભા આરંભાઈ. ગુલાબભાઈ, સુંદરજીભાઈ અને માણેક ત્રણેય અંજલી આપતાં પ્રવચનો કર્યાં. પછી શોકપ્રસ્તાવ પણ પસાર કર્યો.

સભા પૂરી થયે, માણેકની કટાક્ષવૃત્તિ ઝબકી ઊઠી. એ કહે : 'ગુલાબભાઈ, આ રમણલાલ જેવા રમણલાલની શોકસભામાં બે જણ હાજરી આપે તો, મારીતમારી શોકસભામાં કોઈ ન આવે તો આપણા આત્માએ દુખી ન થવું.'

ગુજરાત સાવ વીસરી જશે તો પણ માણેક હસશે અને હસાવશે પણ. □

કુમારનું નવું પ્રકાશન

વર્ષોથી 'કુમાર'ના છેલ્લા પાને જીવનપ્રેરક કોઈ પ્રસંગ અપાય છે. વર્ષોના અંકોમાંથી ચૂંટેલા અઠ્યાસી પ્રસંગોની જે એક પુસ્તિકા 'કુમાર' દ્વારા પ્રગટ થઈ છે તે છે

પ્રસંગપરાગ

આ ચયનિકા નેચરલ શેઈડના ભારે કાગળ પર, કમ્પ્યૂટર કમ્પોઝ અને ઑફસેટ મુદ્રણના ૧/૩૨ કદનાં ૯૨ પૃષ્ઠોમાં પાકી અમેરિકન બંધાઈમાં તૈયાર થઈ છે. જોતાં જ ગમી જાય તેવી આ પુસ્તિકા લગ્ન, જન્મદિન, સ્મૃતિદિન આદિ વિશિષ્ટ પ્રસંગોએ આદર્શ ભેટ રૂપે આપી શકાય તેવી છે. એમાં મહાત્મા સૉક્રેટિસથી મહાત્મા ગાંધી સુધીના મહાનુભાવોના જીવનમાંથી ચૂંટેલા પ્રસંગો રજૂ કરાયા છે.

આ પુસ્તિકાની કિંમત માત્ર રૂ. ૧૫ છે. રવાનગી ખર્ચ રૂ. ૨. એકસાથે ૧૦ પુસ્તિકા મંગાવનારને માટે રૂ. ૧૩૦. રવાનગી ખર્ચ માફ.

આજીવન-સંવર્ધક સભ્યોને તે રૂપિયા ૧૨+૨ રવાનગી ખર્ચ થઈ ૧૪ રૂપિયામાં મળશે.

પુસ્તકની કિંમતની રકમ રોકડેથી, મનિ ઑર્ડરથી કે સ્થાનિક બૅંક પર લખાયેલા ચેક દ્વારા જ સ્વીકારાય છે. ચેક 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામનો લખવો.

લખો : કુમાર કાર્યાલય લિમિ.
૧૪૫૪ રાયપુર, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

બસો (૨૦૦) વર્ષનું કેલેન્ડર

NO.1 .... **વર્ષ માટેનો કોઠો** | **NO.2** .... **મહિનાઓ માટેનો કોઠો**

૧૯૦૧-૨૦૦૦				૨૦૦૧-૨૧૦૦					જા.	ફે.	મા.	એ.	મે.	જૂન	જુ.	ઓ.	સ.	ઓ	ન.	ડિ.
૦૧	૨૯	૫૭	૮૫		૧૩	૪૧	૬૯	૯૭	૨	૫	૫	૧	૩	૬	૧	૪	૦	૨	૫	૦
૦૨	૩૦	૫૮	૮૬		૧૪	૪૨	૭૦	૯૮	૩	૬	૬	૨	૪	૦	૨	૫	૧	૩	૬	૧
૦૩	૩૧	૫૯	૮૭		૧૫	૪૩	૭૧	૯૯	૪	૦	૦	૩	૫	૧	૩	૬	૨	૪	૦	૨
૦૪	૩૨	૬૦	૮૮		૧૬	૪૪	૭૨	૦૦	૫	૧	૨	૫	૦	૩	૫	૧	૪	૬	૨	૪
૦૫	૩૩	૬૧	૮૯		૧૭	૪૫	૭૩		૦	૩	૩	૬	૧	૪	૬	૨	૫	૦	૩	૫
૦૬	૩૪	૬૨	૯૦		૧૮	૪૬	૭૪		૧	૪	૪	૦	૨	૫	૦	૩	૬	૧	૪	૬
૦૭	૩૫	૬૩	૯૧		૧૯	૪૭	૭૫		૨	૫	૫	૧	૩	૬	૧	૪	૦	૨	૫	૦
૦૮	૩૬	૬૪	૯૨		૨૦	૪૮	૭૬		૩	૬	૦	૩	૫	૧	૩	૬	૨	૪	૦	૨
૦૯	૩૭	૬૫	૯૩		૨૧	૪૯	૭૭		૫	૧	૧	૪	૬	૨	૪	૦	૩	૫	૧	૩
૧૦	૩૮	૬૬	૯૪		૨૨	૫૦	૭૮		૬	૨	૨	૫	૦	૩	૫	૧	૪	૬	૨	૪
૧૧	૩૯	૬૭	૯૫		૨૩	૫૧	૭૯		૦	૩	૩	૬	૧	૪	૬	૨	૫	૦	૩	૫
૧૨	૪૦	૬૮	૯૬		૨૪	૫૨	૮૦		૧	૪	૫	૧	૩	૬	૧	૪	૦	૨	૫	૦
૧૩	૪૧	૬૯	૯૭		૨૫	૫૩	૮૧		૩	૬	૬	૨	૪	૦	૨	૫	૧	૩	૬	૧
૧૪	૪૨	૭૦	૯૮		૨૬	૫૪	૮૨		૪	૦	૦	૩	૬	૧	૩	૬	૨	૪	૦	૨
૧૫	૪૩	૭૧	૯૯		૨૭	૫૫	૮૩		૫	૧	૧	૪	૬	૨	૪	૦	૩	૫	૧	૩
૧૬	૪૪	૭૨	૦૦		૨૮	૫૬	૮૪		૬	૨	૩	૬	૧	૪	૬	૨	૫	૦	૩	૫
૧૭	૪૫	૭૩		૦૧	૨૯	૫૭	૮૫		૧	૪	૪	૦	૨	૫	૦	૩	૬	૧	૪	૬
૧૮	૪૬	૭૪		૦૨	૩૦	૫૮	૮૬		૨	૫	૫	૧	૩	૬	૧	૪	૦	૨	૫	૦
૧૯	૪૭	૭૫		૦૩	૩૧	૫૯	૮૭		૩	૬	૬	૨	૪	૦	૨	૫	૧	૩	૬	૧
૨૦	૪૮	૭૬		૦૪	૩૨	૬૦	૮૮		૪	૦	૧	૪	૬	૨	૪	૦	૩	૫	૧	૩
૨૧	૪૯	૭૭		૦૫	૩૩	૬૧	૮૯		૬	૨	૨	૫	૦	૩	૫	૧	૪	૬	૨	૪
૨૨	૫૦	૭૮		૦૬	૩૪	૬૨	૯૦		૦	૩	૩	૬	૧	૪	૬	૨	૫	૦	૩	૫
૨૩	૫૧	૭૯		૦૭	૩૫	૬૩	૯૧		૧	૪	૪	૦	૨	૫	૦	૩	૬	૧	૪	૬
૨૪	૫૨	૮૦		૦૮	૩૬	૬૪	૯૨		૨	૫	૬	૨	૪	૦	૨	૫	૧	૩	૬	૧
૨૫	૫૩	૮૧		૦૯	૩૭	૬૫	૯૩		૪	૦	૦	૩	૫	૧	૩	૬	૨	૪	૦	૨
૨૬	૫૪	૮૨		૧૦	૩૮	૬૬	૯૪		૫	૧	૧	૪	૬	૨	૪	૦	૩	૫	૧	૩
૨૭	૫૫	૮૩		૧૧	૩૯	૬૭	૯૫		૬	૨	૨	૫	૦	૩	૫	૧	૪	૬	૨	૪
૨૮	૫૬	૮૪		૧૨	૪૦	૬૮	૯૬		૦	૩	૪	૦	૨	૫	૦	૩	૬	૧	૪	૬

NO.3 .... **દિવસ માટેનો કોઠો**

રવિવાર	૧	૮	૧૫	૨૨	૨૯	૩૬
સોમવાર	૨	૯	૧૬	૨૩	૩૦	૩૭
મંગળવાર	૩	૧૦	૧૭	૨૪	૩૧	
બુધવાર	૪	૧૧	૧૮	૨૫	૩૨	
ગુરુવાર	૫	૧૨	૧૯	૨૬	૩૩	
શુક્રવાર	૬	૧૩	૨૦	૨૭	૩૪	
શનિવાર	૭	૧૪	૨૧	૨૮	૩૫	

★ ૧૯૦૧ થી ૨૦૦૦ સુધીનાં બસો વર્ષમાં કોઈ પણ તારીખે કયો વાર આવે છે, તે આ સાથેના કેલેન્ડરથી શોધી શકાશે.
★ તેમાં નંબર ૧ વર્ષ માટેનો, નંબર ૨ મહિનાઓ માટેનો અને નંબર ૩ દિવસ માટેના કોઠાઓ છે.
★ સૌથી પહેલાં જે વર્ષનો દિવસ જોવો હોય, વર્ષના કોઠા નંબર ૧માંથી શોધી કાઢીને, તે વર્ષની સીધી લીટીમાં આવતા કોઠા નંબર ૨માં માગેલા મહિનાના ખાનામાં જે આંકડો હોય તે આંકડો આપેલી તારીખમાં ઉમેરવો. ઉમેરતાં જે આવે તે કોઠા નંબર ૩ દિવસના કોઠામાં તે આંકની સામે આવેલો દિવસ જાણવો. જેમ કે, ૧૫મી ઓગસ્ટ ૧૯૯૭ના દિવસે કયો વાર હશે?.... શુક્રવાર.
રીત : વર્ષ ૧૯૯૭ની સીધી લીટીમાં 'ઓ.' = ઓગસ્ટ માસના ખાનામાં '૫' આંકડાને આપેલી તારીખ '૧૫'માં ઉમેરતાં ૨૦ થાય, જેની સામે દિવસના કોઠા નંબર ૩માં 'શુક્રવાર' આવે છે. એટલે આપણે કહી શકીએ ૧૫મી ઓગસ્ટ ને શુક્રવાર ૧૯૯૭.
★ મહિનાઓ માટેના કોઠામાં દરેક અંગ્રેજી મહિનાના પહેલા અક્ષરથી મહિનાઓ સમજવાના, જેમ કે :
જા. = જાન્યુઆરી, ફે. = ફેબ્રુઆરી વગેરે.
★ ઉપરોક્ત રીત પ્રમાણે ૧૯૦૧થી ૨૧૦૦ સુધીનાં બસો વર્ષમાં કોઈ પણ તારીખનો વાર શોધી શકીએ.
★ વિશેષમાં ૨૧૦૦ પછી ક્રમવાર લેતાં ૨૧૦૧ થી ૨૧૨૪ સુધીનાં વર્ષો માટે પણ ઉપરોક્ત રીત પ્રમાણે કોઈ પણ તારીખનો વાર શોધી શકાશે.

\- માધવજી દેવળીઆ

ઉત્ખનનવિદ્યા

સુરેન્દ્રનાથ નિફાડકર

પુરાતત્ત્વવિદ્યાનો મુખ્ય ઉદ્દેશ પ્રાચીન અને ઐતિહાસિક એવા અનેક અવશેષો ખોદી-શોધી તેના આધારે માનવ સંસ્કૃતિનો અભ્યાસ કરવાનો રહ્યો છે. પ્રાચીન સંસ્કૃતિનો અભ્યાસ કરવા માટેનું આ તંત્ર નવું હોવાં છતાં તે માટે છેલ્લાં કેટલાંયે વર્ષોથી પ્રયત્ન થતા આવ્યા છે. પ્રાચીન ગ્રીક પ્રજાને તેના પૂર્વજોના વૈભવની કલ્પના હશે તે 'હોમર'નાં મહાકાવ્યો પરથી દેખાય છે. મહાકવિ હેસિએડને લોહયુગ પહેલાં તામ્રયુગ હશે એવું લાગતું હતું. આ ઉપરાંત ગ્રીક લોકોને ઇજિપ્ત અને પર્શિયાની પ્રાચીન સંસ્કૃતિનું થોડુંઘણું જ્ઞાન હશે એવું તેમના સાહિત્ય પરથી દેખાય છે. ગ્રીક ઇતિહાસકાર હિરોડોટસે કરેલ સિથિયન પ્રજાના સમાજજીવનનું વર્ણન કેટલું બધું ચોક્કસ હતું તે થોડાંક વર્ષો પહેલાં કરેલાં કબરોનાં ઉત્ખનન પરથી જાણવા મળે છે. પ્રાચીન રોમન પ્રજાને સુધ્ધાં આ વિષયમાં રસ હતો તે 'લ્યુક્રેશ'ના 'ધ રેરમ નેચ્યુરા' નામના ગ્રંથ પરથી પ્રતીત થાય છે. આ ગ્રંથમાં માનવે સૌપ્રથમ પોતાના નખ, દાંત, પથ્થર, લાકડું, અગ્નિ અને પછી તાંબું અને છેલ્લે લોખંડનો આયુધો માટે ઉપયોગ કર્યો હશે એવું કહ્યું છે.

પરંતુ પ્રાચીન સંસ્કૃતિનું વર્ણન એટલે પુરાતત્ત્વ વિદ્યા ન ગણાય. પ્રાચીન અવશેષો શોધી, તેનું પૃથક્કરણ કરી તે સાચવવા અને તેના આધારે માનવની સાંસ્કૃતિક ઉત્ક્રાન્તિનો અભ્યાસ કરવો એ પુરાતત્ત્વવિદ્યાનો મુખ્ય ઉદ્દેશ છે. તેથી જ પ્રાચીન ગ્રીક-રોમન વિદ્વાનોને પુરાતત્ત્વ તજ્જ્ઞોની સંજ્ઞા આપી ન શકાય. પ્રાચીન અવશેષોનો આવો સંશોધક કોઈને કહેવો હોય તો તે રાજા નબોનીદાસને કહી શકાય. ઈ.સ. પૂર્વના છઠ્ઠા સૈકામાં થયેલ બેબિલોનના આ રાજાએ સિપ્પર ગામે શમારા દેવતાના મંદિરનો સંપૂર્ણ જીર્ણોદ્ધાર કરવા મંદિરનો પાયો ખોદાવવાની શરૂઆત કરી. વીસ ફૂટ ઊંડાઈએ તેને એ જ મંદિરનો બે હજાર વર્ષ જૂનો અસ્સલ પાયો મળી આવ્યો. રાજા નબોનીદાસે એ સ્થાન પર મળી આવેલ પ્રાચીન અવશેષો એકત્ર કરી તેનું સંગ્રહાલય બનાવી તે પોતાની કન્યા બેલશાલ્ટીની દેખરેખ હેઠળ મૂક્યું.

પ્રાચીન પુરાતત્ત્વ શોધનો આ એક અપવાદ ગણાય. આ ઘટના બાદ પ્રાચીન અવશેષોની શોધ માટે માનવને કેટલાયે સૈકા સુધી રાહ જોવી પડી. ૧૬મી સદીમાં યુરોપના વિદ્વાનો, શાસ્ત્રજ્ઞો અને કલાકારોમાં એક નવી દૃષ્ટિ આપી. કેટલાક યુરોપીઅનો ગ્રીસ અને ઇટલીના પ્રવાસે ગયા ત્યારે ત્યાંના ભવ્ય પ્રાચીન અવશેષો જોઈને અત્યંત પ્રભાવિત થયા. આવા અવશેષોથી આપણાં નિવાસસ્થાનો સજાવી શકાય તો કેવું, એવો તેમને વિચાર સ્ફુર્યો. તેઓએ ગ્રીસ અને ઇટલીથી પ્રાચીન અવશેષો મેળવી પોતાના નિવાસો સજાવવાની શરૂઆત કરી એટલું જ નહીં, ખોદ-કામ કરાવી ત્યાં મળેલા અવશેષો સુધ્ધાં હસ્તગત કર્યા.

૧૮મી સદીમાં કલાત્મક વસ્તુઓનો શોખ ઓછો થયો. લગભગ બે સૈકામાં યુરોપનાં વેનિસ, રોમ, પૅરિસ, માદ્રિદ, મ્યૂનિક, પ્રાગ જેવાં શહેરોમાં પ્રાચીન અવશેષોનાં મોટાંમોટાં સંગ્રહાલયો સ્થાપાયાં. રોમના એક પ્રાચ્ય વસ્તુ-સંગ્રહાલયનો ઊંડો અભ્યાસ કરી જહોન વિંકલમન નામના સંશોધકે ઈ. સ. ૧૭૬૩ થી '૬૮ દરમિયાન 'કલાનો ઇતિહાસ' નામનો ગ્રંથ લખ્યો. પ્રાચીન શૈલીના વિકાસનો અભ્યાસ કરી ઐતિહાસિક દૃષ્ટિકોણથી પ્રાચીન અવશેષો પર લખાયેલો વિશ્વનો આ પ્રથમ ગ્રંથ મનાય છે. ઇંગ્લંડમાં કલાના ઇતિહાસના અભ્યાસ માટે છે ૧૬મી સદીમાં પ્રયત્ન થયા હતા. આઠમા હેન્રીએ જહોન લેલેન્ડ નામના પુરાતત્ત્વ વિશારદની શાસકીય પુરાતત્ત્વ તજ્જ્ઞ તરીકે નિમણૂક કરી હતી. ઇંગ્લંડના પ્રાચીન અવશેષ સંગ્રાહકોએ સમયે સમયે ગ્રીસનો પ્રવાસ કરી ત્યાંના મૌલિક અવશેષો ઇંગ્લંડમાં લાવવાની શરૂઆત કરી. લૉર્ડ એલજીન નામના એક અમીરે તો ઍથેન્સ શહેરના એથીના દેવીના મંદિરમાં રહેલ સેંકડો મૂર્તિઓ ઇંગ્લંડ ખાતે રવાના કરી હતી. એ તમામ મૂર્તિઓ આજે બ્રિટિશ મ્યૂઝિઅમના 'એલજીન માર્બલ્સ' તરીકે પ્રખ્યાત છે.

૧૯મી સદીમાં યુરોપીઅન અમીરો ગ્રીસ છોડી ઇજિપ્ત તરફ વળ્યા. તેનું શ્રેય નેપોલિયન બોનાપાર્ટને જ આવવું જોઈએ. તેણે ૧૭૯૮માં ઇજિપ્ત પર આક્રમણ કર્યું. પ્રાચીન ગ્રીક લોકો ઇજિપ્તની સંસ્કૃતિ તેમનાં દેશ કરતાંયે પ્રાચીન હતી એવું માનતા. તેની નેપોલિયનને ખબર હતી તેથી જ તેણે પોતાના લશ્કર સાથે વિવિધ શાસ્ત્રજ્ઞો ઉપરાંત કલાકારોનો પણ સમાવેશ કર્યો હતો. તેણે કાઈરોમાં ફ્રેંચ ઇજિપ્શિઅન સંસ્થાની સ્થાપના કરી. એ સંસ્થા વતી ઇજિપ્તના પ્રાચીન અવશેષોનો અભ્યાસ કરવાનું કાર્ય સાથે લાવેલ સંશોધકોને સોંપી દીધું. એ સંશોધકોએ ઉત્ખનન શરૂ કર્યું. એક ઉત્ખનનમાં બુશાર્દ નામના અધિકારીને અલેકઝાંડ્રીઆ ગામ પાસે એક શિલાલેખ મળી આવ્યો, જે આજે 'રોઝેટા સ્ટોન' તરીકે ઓળખાય છે. આ શિલાલેખ પર ગ્રીક, ડેમોટિક અને ઇજિપ્તની પ્રાચીન લિપિમાં લેખ કોતરેલા હતા. શાંપોલિયો નામના તજ્જ્ઞે ઇજિપ્તની પ્રાચીન સાંકેતિક લિપિ ઊકેલી. આના કારણે ઇજિપ્તની સંસ્કૃતિના અભ્યાસ માટે ગતિ મળી. પરંતુ ૧૮૦૧માં નેપોલિયનને કેવળ ઇજિપ્તના જ નહીં અન્ય દેશોના અવશેષોનો સંગ્રહ બ્રિટિશરોને સોંપવાનો પ્રસંગ આવ્યો. ફ્રેંચ સૈનિકો સ્વદેશ પાછા ગયા.

એ જ અરસામાં મેસોપોટેમિયામાં પુરાતત્ત્વ સંશોધનની શરૂઆત થઈ હતી. બોટ્ટા, લેયાર્ડ, લોફ્ટમ નામના સંશોધકોએ મોટા પ્રમાણમાં સંશોધનકાર્ય હાથમાં લીધું. ૧૯મી સદીમાં આ કામ પૂરજોશમાં ચાલ્યું. ત્યાંની પ્રાચીન લિપિ (ક્યુનિફોર્મ) રૉલિન્સન નામના બ્રિટિશ તજ્જ્ઞે ઊકેલી. આના આધારે મેસોપોટેમિયાની સંસ્કૃતિ, ઇજિપ્તની સંસ્કૃતિ જેટલી પ્રાચીન હોવાનું સિદ્ધ થયું.

હૅન્રિક શ્લીમન નામના તજ્જ્ઞની મહેનતના કારણે ગ્રીસ દેશના ટ્રોય ગામે મોટા પ્રમાણમાં ઉત્ખનન શરૂ થયું. ત્યાર બાદ આ સંશોધકે ટાયરિન્સ અને માયસિને ગામે ઉત્ખનન કર્યું. કવિ હોમરનાં મહાકાવ્યોમાં લખેલાં વર્ણનો કેવળ કવિકલ્પના નહીં પણ હકીકત હોવાનું આ ઉત્ખનન-કાર્યથી સાબિત થયું.

૧૮મી સદીમાં વગર વિચાર્યે ઉત્ખનન કરી પ્રાચીન કલાવસ્તુઓનો સંગ્રહ કરવાની જે વૃત્તિ હતી તે ૧૯મી સદીમાં ઓછી થવા લાગી. ઉત્ખનન એક શાસ્ત્ર છે અને તેને આધારે પ્રાચીન સંસ્કૃતિનો અભ્યાસ કરી શકાય એવું સંશોધકો માનવા લાગ્યા. પરંતુ બધા જ સંશોધકોને ગ્રીસ, રોમ કે ઇજિપ્ત જઈ ત્યાં ઉત્ખનન કરવાનું પોસાય તેમ ન હોવાથી તેમણે યુરોપીય દેશોના પુરાવસ્તુઓનો અભ્યાસ કરવાની શરૂઆત કરી. તે માટે પુરાતત્ત્વ સંશોધન મંડળો સ્થપાયાં.

૧૮મી સદીના મધ્યકાળમાં પુરાતત્ત્વ સશોધનકાર્ય ગ્રીસ, ઇટલી અને મધ્યપૂર્વના દેશોમાં થતું હતું, પરંતુ ડેન્માર્ક અને સ્વીડન બાદ કરતા બાકીના દેશોમાં પ્રાગૈતિહાસિક સંશોધનકાર્ય થતું ન હતું. અશ્મયુગના પથ્થરનાં હથિયારો કેવળ કુતૂહલ તરીકે સંગ્રહમાં રખાતાં. આ હથિયારો સાથે માનવનો કોઈ સંબંધ હશે તેની સંશોધકોને જરા સુધ્ધાં કલ્પના ન હતી. ૧૮૪૭માં બુશર-દ- પર્થ નામના સંશોધકને ફ્રાન્સની એક નદી સોમના કોતરમાં વસેલ સેંટ એબવિલ સ્થાનમાં પ્રાચીન હથિયારો મળ્યાં. તેનો ઊંડો અભ્યાસ કર્યા બાદ બુશર-દ-પર્થે મળેલાં આયુધો અશ્મયુગના માનવે તેના નિત્ય ઉપયોગ માટે કર્યાં હશે એવું પોતાનું મંતવ્ય જાહેર કર્યું. પરંતુ અન્ય પુરાતત્ત્વ નિષ્ણાતો તે માનવા તૈયાર ન હતા. છેવટે પેસ્ટવિચ, ઈવેન્સ અને ફોકનર નામના ભૂગર્ભ શાસ્ત્રીઓએ ઈ.સ. ૧૮૫૯માં મળેલાં હથિયારો ખૂબ જ જૂનાં અને માનવનિર્મિત હોવાનું જાહેર કરી બુશર-દ-પર્થના અભિપ્રાયને ટેકો આપ્યો. ત્યારથી પ્રાગૈતિહાસિક શાખાને પુરાતત્ત્વ વિદ્યાની મહત્ત્વની શાખા માનવામાં આવી. આનું શ્રેય ભૂગર્ભશાસ્ત્રીઓને આપવું જોઈએ.

૧૮મી સદીની શરૂઆતથી જ ડેન્માર્ક અને સ્વીડનમાં અશ્મકાળનાં વિવિધ હથિયારોનો સંગ્રહ કરવાનો શોખ હતો. કોપનહેગનના રાષ્ટ્રિય સંગ્રહાલયમાં આવાં આયુધો વિશાળ પાયા પર એકત્ર કરાયાં હતાં, પણ તેનું વર્ગીકરણ ઘણું મુશ્કેલ હતું. સંગ્રહાલયના પ્રથમ અધિકારી ક્રિશ્યન ટોમસને આ કામ માટે ઘણી જહેમત ઉઠાવી. તેમણે પથ્થરનાં, તાંબાનાં, બ્રોન્ઝનાં અને લોખંડનાં હથિયારો તો જુદાં પાડ્યાં જ; ઉપરાંત એ આયુધોનો કાળક્રમ સુધ્ધાં નક્કી કર્યો. તે માનવી સંસ્કૃતિની ઉત્ક્રાંતિમાં અશ્મ, બ્રોંઝ, લોહ જેવા મહત્ત્વના યુગોના તબક્કા હોવાનું માનતો હતો. તે પહેલાં ૧૮૧૩માં થેડેલ સાઈમનસેન નામના સંશોધકે ત્રણ યુગોની કલ્પના લોકો સામે મૂકવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેને ખાસ પ્રસિદ્ધિ ન મળવાથી ત્રિયુગ કલ્પનાનું (Three age system) શ્રેય ક્રિશ્યન ટોમસનને અપાયું.

૧૯મી સદીમાં અશ્મયુગનાં આયુધોનો સંગ્રહ કરવાની વૃત્તિ વધવા લાગી. બીજી તરફ સંશોધકો એ હથિયારોનો વધુ અભ્યાસ કરવા લાગ્યા. અશ્મયુગ એટલે પ્રગૈતિહાસિક કાળ એવું મંતવ્ય ૧૮૫૧માં ડેનિઅલ વિલ્સન નામના બ્રિટિશ સંશોધકે જાહેર કર્યું. પ્રાગૈતિહાસિક શબ્દનો ઉપયોગ કરનારો આ પહેલો જ પુરાતત્ત્વ તજ્જ્ઞ! એ પછી ફ્રેંચ સંશોધકોએ અશ્મયુગને બે ભાગમાં વહેંચવાની જરૂરનું પ્રતિપાદન કરતા લૉર્ડ એવબેરી નામના નિષ્ણાતે અશ્મયુગને પુરાશ્મયુગ અને નવાશ્મયુગ જેવા બે ભાગના વહેંચી નાંખ્યો. ત્યારબાદ ઉત્તર પુરાશ્મયુગનાં કેટલાંક આયુધો ૧૮૦૧ થી ૧૮૭૧ દરમિયાન થયેલા એડવર્ડ લાર્ત નામના સંશોધકે શોધી કાઢ્યાં. આ હથિયારો તેને જે ગુફામાંથી મળી આવ્યાં તે ગુફાની પથ્થરની દીવાલો પર કેટલાંક રંગીન ચિત્રો પણ હતાં. આવી જ એક ગુફા સ્પેનના અલ્ટામિરા ગામ પાસે માર્ક્વિસ-દ- સાતુઓલા નામના સંશોધકને મળી આવી. આ ગુફામાં કરેલ ઉત્ખનનમાં જે જુદા જુદા કાળખંડનાં હથિયારો મળ્યાં તેનાં આધારે અશ્મયુગના જુદા જુદા તબક્કા નક્કી કરવામાં ખૂબ જ મદદ મળી.

ઉપરોક્ત હકીકત પરથી ખયાલ આવશે કે આજે પુરાતત્ત્વ વિદ્યાની જે ભવ્ય ઇમારત દેખાય છે તેનો પાકો પાયો ૧૯મી સદીમાં જ નંખાયો હતો. તેમ છતાં ૧૯મી સદીમાં ઉત્ખનકોની વૃત્તિ કેવળ લૂંટવાની જ હતી. પરદેશોની પ્રાચીન અને મૌલિક વસ્તુઓ ખોદી કાઢી અથવા મેળવી તે સ્વદેશ કેવી રીતે મોકલાય તેનો જ તે વખતના ઉત્ખનકો વિચાર કરતા. મળેલ અવશેષોનાં આધારે સમગ્ર પરિશીલન કરી તત્કાલીન સંસ્કૃતિનો ઊંડો અભ્યાસ કરવાની કલ્પના તે વખતના ઉત્ખનકોને આવી ન હતી. તેમ છતાં નિત નવી શોધના કારણે અને અનુભવોના લીધે પુરાતત્ત્વીય સંશોધનકાર્યમાં ઉમેરો અને સુધારા થતા ગયા. ૧૮૫૦માં જેમ્સ મેરિયટ નામના સંશોધકે ઇજિપ્તના પુરાતત્ત્વ ખાતાનો હવાલો સંભાળતાં જ તેણે સૌપ્રથમ ત્યાંના અવશેષોની

લૂટફાટ બંધ કરી. ઉત્ખનન કરવાનો અધિકાર ફક્ત પોતાને જ છે, બીજો કોઈ કરી ન શકે એવી સૂચના બહાર પાડી અને જ્યાં ત્યાં પોલીસપહેરો ગોઠવી દીધો. તેની ઉત્ખનન-પદ્ધતિ સદોષ હોવાં છતાં તે તેમાં સુધારાવધારા કરતો હતો. ટ્રોય શહેરના ઉત્ખનક હેરિક શ્લીમન બાબતે પણ એવું જ કહી શકાય. તેના ઉત્ખનન વિષે એક વાતની ખાસ નોંધ લેવી ઘટે છે. ઉત્ખનનમાં મળી આવેલ તમામ નાનીમોટી વસ્તુઓની તેણે નોંધ રાખી. ટ્રોયની પ્રાચીન સંસ્કૃતિનો વિકાસ તેને સાત ખંડોમાં વિભાજિત કર્યો. તેના આ કાર્યના કારણે પુરાતત્ત્વ ઉત્ખનનમાં સ્તરશાસ્ત્રનો ઉપયોગ થવા લાગ્યો.

પુરાતત્ત્વ સંશોધન કેવળ શોખનો નહીં પણ તે શાસ્ત્રીય વિષય છે અને તે માટે કેટલીક પદ્ધતિઓ છે તે પ્રતિપાદન કરવા જે સંશોધકોએ અથાક પ્રયત્ન કર્યા તેમાં વિલિયમ પિટ રિવર્સનું નામ મોખરે છે. આ માણસ લશ્કરમાં હતો. બાળવયથી જ તેને પ્રાચીન આયુધો ભેગાં કરવાનો શોખ હતો. જોતજોતાંમાં તેની પાસે હથિયારોનો વિશાળ સંગ્રહ થયો. તેને આ સંગ્રહ જુદા જુદા સમયના આધારે વિભાજિત કરી, તેનું પદ્ધતિસર વર્ગીકરણ કર્યું. ઇંગ્લંડનાં અનેક સ્થાને તેમણે ઉત્ખનન કરી કેટલીક પ્રાચીન વસ્તુઓ બહાર કાઢી. આ કામ તેમણે ૧૮૮૦ થી ૧૯૦૦ દરમિયાન કર્યું. ઉત્ખનનમાં મળી આવેલ ઝીણામાં ઝીણી વસ્તુનું જતન કરી તેની નોંધ રાખી. આ ઉપરાંત કરેલ અનેક ઉત્ખનનોની રાખેલ નોંધના આધારે તેમણે અનેક અહેવાલો પ્રકાશિત કર્યા. આ મહાન તપ જેવા તેમના કાર્યના લીધે તેમને આધુનિક પુરાતત્ત્વ વિદ્યાના 'જનક' તરીકે સન્માન અપાય છે.

પુરાતત્ત્વ વિદ્યાને આજના દરજ્જે પહોંચાડનાર સંશોધકોમાં ફ્લિંડર્સ પેટ્રીનું નામ આદર સાથે લેવાય છે. તેની ઉમરના આઠમાં જ વર્ષે તેણે સ્વદેશમાં એટલે કે ઇંગ્લંડમાં થતા એક રોમન પેલેસનું ઉત્ખનન જોયું. આડેધડ થતું ઉત્ખનન જોઈને તેને ચીડ ચડી. આગળ જતાં ફ્લિંડર્સ પેટ્રીએ ઉત્ખનનશાસ્ત્ર ઘણું શિસ્તબદ્ધ કર્યું. આ મહાન સંશોધકે તેની આખી હયાતી ઇજિપ્તની પ્રાચીન સંસ્કૃતિનો અભ્યાસ કરવામાં ખર્ચી. ત્યાં રહી પેટ્રીએ અવશેષો માટે ક્રમકાળની (Sequence dating) પદ્ધતિ શોધી. આ પદ્ધતિ ઘણી ઉપયોગી નીવડશે એવી તેને આશા હતી. પરંતુ તે સદોષ હોવાને કારણે નિરર્થક રહી. તેમ છતાં તે સમયના ઉત્ખનનતંત્ર માટે આ પદ્ધતિ ઉપયોગી હતી, તે વાત સંશોધકો માન્ય રાખે છે.

ઇજિપ્તના ઉત્ખનનમાં ફ્લિડર્સ પેટ્રીને કેટલાક ગ્રીક અવશેષો મળી આવ્યા. ગ્રીક સંસ્કૃતિનો ઇતિહાસ કાળક્રમની દૃષ્ટિથી પાકો હોવાથી, પેટ્રીએ તેનો ઉપયોગ ઇજિપ્તના પ્રાચીન અવશેષોના કાળનિર્ણય માટે કરી લીધો. સાપેક્ષ કાળક્રમનો (Relative Dating) આ પ્રથમ પ્રયત્ન ગણાય છે. આજે પણ, પુરાતત્ત્વ તજ્જ્ઞ આ પદ્ધતિનો ઉપયોગ કરે છે.

ફ્લિંડર્સ પેટ્રીનું ત્રીજું મહત્ત્વનું કામ એ હતું કે તેને અવશેષ તરીકે મળી આવેલ ઠીકરીઓનું (Pottery) અભ્યાસની સામગ્રી તરીકે કેટલું મહત્ત્વ છે તે પ્રતિપાદિત કર્યું. એ સમયે ઉત્ખનનમાં ઘણી ઠીકરીઓ મળતી. માટીનું આખું વાસણ મળે તો તે રાખી બાકીનાં ઠીકરીના ટુકડા ફેંકી દેવાતા. જર્મન સંશોધક ફુર્ટબેંગ્લરે રંગીન ઠીકરીઓનું મહત્ત્વ બતાવ્યું હતું. પરંતુ સાદી ઠીકરીઓ કેટલું મહત્ત્વ ધરાવે છે તે તો પેટ્રીએ વિશદ વિવરણ કર્યા બાદ સમજાયું, અને ઠીકરીઓ જતનથી એકઠી કરાઈ. પેટ્રીના મતે ઠીકરીઓ પુરાતત્ત્વવિદ્યાની વર્ણમાલા હતી.

૧૯મી સદીના અનુભવ અને સમયસમયે થતી શોધના કારણે પુરાતત્ત્વવિદ્યા શિસ્તબદ્ધ થવા લાગી અને તેનું રૂપાંતર શાસ્ત્રમાં થયું. આ શાસ્ત્રની અનેક શાખાઓનું નિર્માણ થયું. એક જ ઉત્ખનકને બધી જ શાખાઓમાં નિષ્ણાત થવું અસંભવિત હતું. તેથી ઉત્ખનન માટે વિશેષજ્ઞોની જરૂર ઊભી થઈ. વર્તમાન સદીમાં વિજ્ઞાન અને અન્ય શાખાઓમાં થયેલ નિત નવી શોધોનો ઉપયોગ ઉત્ખનનવિદ્યાને ઉપકારક થવા લાગ્યો. પ્રાગૈતિહાસિક સંસ્કૃતિનો પ્રથમ અભ્યાસ ભૂગર્ભશાસ્ત્રના તજ્જ્ઞો એ જ શરૂ કર્યો હતો. ઉત્ખનનમાં માનવી તેમજ પ્રાણીઓનાં હાડકાં, અનાજના કણ, વનસ્પતિના અવશેષ મળી આવે છે. તેના ઊંડા અભ્યાસ માટે જે - તે શાખાના તજ્જ્ઞોની આજે મદદ લેવાય છે. આજના પુરાતત્ત્વ તજ્જ્ઞે ઠરાવેલા સ્થળ પર કેવળ વિશિષ્ટ શૈલીની કલાવસ્તુઓ અથવા તત્સમ અવશેષો તરફ ખ્યાલ આપવું પૂરતું મનાતું નથી. ઉત્ખનનમાં મળેલ પુરાવાઓની છણાવટ કરી માનવ સંસ્કૃતિની ઉત્ક્રાંતિનો અભ્યાસ કરવો પડે છે.

ગઈ સદીમાં જમીનમાં ઉત્ખનન કરી પ્રાચીન અવશેષો શોધાતા હતા. આ સદીમાં સમુદ્રમાં ડૂબકી મારીને તેના તળિયે રહેલ પ્રાચીન અવશેષો શોધવાનું તંત્ર વિકસિત થયું છે. આ શોધ આકસ્મિક રીતે જ થઈ છે! ઇ.સ. ૧૯૦૦માં એક ગ્રીક નાવિકની હોડી સપડાતાં એ નાવિક ક્રીટ પાસેના એક નિર્જન ટાપુ પર પહોંચ્યો. ત્યાં તેનો સમય જતો ન હતો. છેવટે કંટાળીને તે સમુદ્રમાં વારંવાર ડૂબકી મારવા લાગ્યો. તેને સમુદ્રમાં કેટલાક પ્રાચીન અવશેષો મળી આવ્યાં. આ ઘટનાથી સાગરી પુરાતત્ત્વ વિદ્યાનો જન્મ થયો.

વિમાન દ્વારા ફોટોગ્રાફ લઈને પ્રાચીન સ્થળોની શોધ કરી શકાય તેનો સ્વીકાર થતાં ઘણો સમય વીત્યો. ૧૯મી સદીમાં શત્રુના ગુપ્ત સ્થળો શોધવાં વિમાન દ્વારા ફોટોગ્રાફ લેવાતા હતા. આ જ પદ્ધતિ દ્વારા ઉત્ખનન માટે પ્રાચીન સ્થળો શોધી શકાશે

(અનુસંધાન પૃ. ૩૪૧ ઉપર)

તવારીખે પોસ્ટકાર્ડ
(૧)

ભરતકુમાર પ્રા. ઠાકર
સંજય પી. ઠાકર



(સમયાંતરે ભાવવધારાના પગલે પોસ્ટકાર્ડ પર પરિવર્તન પામતી રહેલી ટિકિટ-ડિઝાઇન)

સંદેશાવ્યવહારનું સૌથી સરળ, સસ્તું અને સુલભ સાધન - પોસ્ટકાર્ડ

૧લી જૂન, ૧૯૯૭થી પોસ્ટકાર્ડનો ભાવવધારો અમલી બની ચૂક્યો છે. આ વખતના કેન્દ્રીય અંદાજપત્રમાં આમવર્ગમાં પત્રાચારના સૌથી પ્રચલિત સાધન એવા સામાન્ય (જનતા) પોસ્ટકાર્ડના દર ૧૫ પૈસામાંથી ૨૫ પૈસા અને પ્રિન્ટેડ પોસ્ટકાર્ડના એક રૂપિયામાંથી દોઢ રૂપિયો કરવામાં આવ્યો છે; જ્યારે ટી.વી. ક્વિઝ માટેના પોસ્ટકાર્ડની કિંમત (બે રૂપિયા) યથાવત્ રખાઈ છે. ત્યારે ભારતીય પોસ્ટકાર્ડની ૧૧૮ વર્ષીય સોનેરી સફરની રસપ્રદ તવારીખ જાણવી ગમશે.

ગૌરવરૂપ ટચૂકડું માધ્યમ

આજે સામાન્ય માનવી માટે સંદેશાવ્યવહારની આપ-લે કરનારું સૌથી સરળ, સસ્તું અને સુલભ માધ્યમ જો કોઈ હોય તો તે છે એકમાત્ર ટચૂકડું 'ટપાલપત્તું' (પોસ્ટકાર્ડ)! આંતરદેશીય પત્રો અને પરબીડિયાના ટપાલખર્ચમાં સમયાંતરે વધારો થતો રહ્યો છે, પરંતુ લાંબા સમયથી પોસ્ટકાર્ડની કિંમતમાં ફેરફાર કરાયો ન હતો, જેથી ગરીબમાં ગરીબ માણસ ઓછામાં ઓછા દરની આ ટપાલસેવાનો ઉપયોગ કરીને સુખદુઃખના સમાચાર જાણી શકે.

પોસ્ટકાર્ડના દર ૨૫ પૈસા કરવામાં આવ્યા પછી પણ તે ટપાલ સંદેશા-વ્યવહારનાં અન્ય સાધનો કરતાં અનેકગણું સસ્તું છે. આપણે ગૌરવ લઈ શકીએ એવી હકીકત છે કે પોસ્ટકાર્ડના આટલા સસ્તા દર વિશ્વમાં કદાચ કોઈ દેશમાં નહિ હોય! વળી, ભારતમાં પોસ્ટકાર્ડ એકમાત્ર એવી 'વસ્તુ' છે કે જેના ભાવ છેલ્લા ૨૩ (જી હા, ત્રેવીસ) વર્ષોથી 'સ્થિર' રહ્યા હતા!

છેલ્લે ૧૯૭૪માં પોસ્ટકાર્ડની કિંમત વધારીને ૧૫ પૈસા કરવામાં આવેલી હતી. જ્યારે આંતરદેશીય પત્રો અને પરબીડિયામાં ભાવવધારો ૧૯૯૦માં કરાયો હતો.

પોસ્ટકાર્ડનું પ્રથમ પ્રચલન

સંદેસાવ્યવહાર જગતમાં પોસ્ટકાર્ડ સવાસો વર્ષ જૂનું છે અને તેની કહાણીનો આરંભ ઓસ્ટ્રિયાથી થાય છે. વિયેના યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. ઇમાન્યુએલ હરમાને પ્રથમવાર 'પોસ્ટકાડ'ની કલ્પના કરી હતી.

તેમણે 'વિયેના ન્યૂ ફ્રી પ્રેસ' (૨૬-૧-૧૮૬૮)માં એક લેખ લખી પત્રવ્યવહારના એક સસ્તા સાધન તરીકે પોસ્ટકાર્ડના પ્રયોગનું સૂચન કરેલું, જે સત્તાવાળાઓને જચી જતાં ૧લી ઑક્ટોબર, ૧૮૬૯ના રોજ ઓસ્ટ્રિયામાં દુનિયાના પ્રથમ પોસ્ટકાર્ડનો જન્મ થયો!

ત્યારબાદ અન્ય દેશોમાં પણ સંદેશાના નવા માધ્યમ તરીકે પોસ્ટકાર્ડ ઝડપથી પ્રચલિત થવા માંડ્યું. આ બાબતમાં ઓસ્ટ્રિયાનું પહેલું અનુસરણ ઇંગ્લન્ડે કર્યું. ૧૮૭૦માં ગ્રેટબ્રિટન અને જર્મની, ૧૮૭૧માં બેલ્જિયમ, નેધરલેન્ડ, ડેન્માર્ક અને કેનેડા, ૧૮૭૨માં સ્વિડન, રશિયા, નોર્વે અને સિલોન તથા ૧૮૭૩માં ફ્રાન્સ, અમેરિકા, ચિલી, સ્પેન અને રુમાનિયામાં પણ પોસ્ટકાર્ડ શરૂ કરવામાં આવ્યા હતા.

ભારતમાં પોસ્ટકાર્ડનાં પગરણ

દુનિયામાં પોસ્ટકાર્ડના પ્રચલનના એક દાયકા બાદ તે ભારતીય ઉપખંડમાં પણ પ્રવેશ્યું હતું. આપણા દેશમાં પ્રથમવાર ૧લી જુલાઈ, ૧૮૭૯ના રોજ પોસ્ટકાર્ડ બહાર પાડવામાં આવેલાં. તેના ત્રણ અઠવાડિયાં પૂર્વે એટલે કે ૯મી જૂનના ગેઝેટમાં ભારતીય ટપાલ-કચેરીઓના મહાનિર્દેશક એ.એમ. મોન્ટીથના નામ સાથે તેનું જાહેરનામું પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું.

આ કાર્ડ બે મૂલ્યમાં તૈયાર થયેલાં. તે વખતે એક આનાના ચાર પૈસા (અથવા બાર પાઈ) થતા હતા. ૧/૪ એટલે કે પા (ક્વાર્ટર) આના અથવા એક પૈસા (ત્રણ પાઈ) કિંમતનું ભૂખરા રંગનું કાર્ડ આંતરદેશીય ઉપયોગ માટેનું, જ્યારે દોઢ આના (છ પૈસા)વાળું આસમાની રંગમાં છપાઈ ધરાવતું ગુલાબી રંગનું કાર્ડ વિશ્વ ટપાલ સંઘ (યુનિવર્સલ પોસ્ટલ યૂનિયન) સાથે સંકળાયેલા દેશો માટે હતું. આ વિદેશ માટેના કાર્ડની કિંમત પાછળથી એક

આનો કરવામાં આવેલી.

પ્રથમ કાર્ડ કેવું હતું ?

આ પ્રાથમિક પોસ્ટકાર્ડ આજના પોસ્ટકાર્ડ કરતાં સાવ જુદાં હતાં. વર્તમાન કાર્ડના આકારથી તે પ્રમાણમાં નાનાં (એટલે કે ૧૨૧ × ૭૪ મિલિમીટર માપનાં) હતાં. વળી, આ કાર્ડમાં લખાણ માટે માત્ર પાછળની એક બાજુ જ રહેતી, જ્યારે આગળની બાજુએ ફક્ત સરનામું જ લખવાનું રહેતું.

આ પ્રારંભિક પોસ્ટકાર્ડ મધ્યમ પ્રકારના આછા પીળા કે ભૂસા જેવા ભૂખરા રંગના કાર્ડ પર છપાયાં હતાં. તેની ડિઝાઈન અને છાપકામ લંડન (બ્રિટન)ની મેસર્સ ટોમસ દ લા રયુ એન્ડ કંપનીએ કર્યું હતું.

એક પૈસા (પા આના)ના કાર્ડ પર 'ઈસ્ટ ઈન્ડિયા' અને 'પોસ્ટ કાર્ડ' એવા અંગ્રેજી શબ્દોની વચ્ચે ગ્રેટબ્રિટનનું રાજચિહ્ન (કોટ-ઓફ-આર્મ્સ), તેની નીચે 'ધી એડ્રેસ ઓન્લી ટુ બી રિટન ઓન ધિસ સાઈડ' (આ ભાગ પર ફક્ત સરનામું લખવું)ની સૂચના તથા ઉપરના જમણા ખૂણે તાજ પહેરેલ સામ્રાજ્ઞી વિક્ટોરિયાની લાલ-ભૂખરા રંગમાં મુખાકૃતિ છાપેલી રહેતી.

જવાબી પોસ્ટકાર્ડની પ્રથા

૧૧૮ વર્ષ પહેલાં પોસ્ટકાર્ડ શરૂ થયાં ત્યારે માત્ર 'સિંગલ પોસ્ટકાર્ડ' જ બહાર પાડ્યાં હતાં. તે વખતે આજની જેમ ભારતનાં બધાં જ ગામોમાં ટપાલ-કચેરીની શાખાઓ ન હતી. ગ્રામ લોકોને પરબીડિયાં કે પોસ્ટકાર્ડની માટે નજીકના કોઈ મોટા ગામ કે શહેરમાં જવું પડતું. આનો ઉકેલ લાવવાના પ્રયાસરૂપે પાંચ વર્ષ બાદ ૧૮૮૪ના ફેબ્રુઆરી માસમાં 'જવાબી (રિપ્લાય) પોસ્ટકાર્ડની સેવા શરૂ કરવામાં આવી, જે જનતા માટે વરદાનરૂપ બની ગઈ.

શહેરમાં રહેતાં લોકો ગામડે રહેતાં પોતાનાં સગાંસંબંધીઓને આવાં ડબલ કાર્ડ લખતાં. સંદેશો લખેલા કાર્ડ સાથે કોરું કાર્ડ પણ જોડેલું રહેતું. તેથી લોકોને જવાબ લખવા માટે પોસ્ટકાર્ડ લેવા દૂર જવું ન પડતું. એક કાર્ડ પર સંદેશો અને સામી વ્યક્તિનું સરનામું, જ્યારે સાથેના કોરા કાર્ડ પર પોતાનું સરનામું રહેતું. આ કાર્ડ છૂટું પાડીને સામી વ્યક્તિ જવાબ વાળતી.

સર્વક્ષેત્રીય વિકાસ સાથે ભારતમાં આજે લગભગ બધાં ગામોમાં ટપાલસેવાનું ફલક વિસ્તર્યું હોવાથી 'જવાબી પોસ્ટકાર્ડ'ના ઉક્ત હેતુનો છેદ તો હવે ઊડી જાય છે; પરંતુ હજુ પણ તે ચાલુ રાખવામાં આવ્યાં છે. પોતાના વડીલ કે મિત્રને પોસ્ટકાર્ડ મેળવવાની તકલીફ લેવી ન પડે, અજાણી વ્યક્તિ પાસેથી ઇચ્છિત બાબતે જવાબ મેળવવા અને કંપનીઓ દ્વારા પણ વ્યાપારી હેતુઓ માટે આજે પણ 'જવાબી પોસ્ટકાર્ડ'નો ઉપયોગ ચાલુ રહ્યો છે.

સર્વિસ અને બિઝનેસ કાર્ડ

ભારતમાં શરૂમાં પોસ્ટકાર્ડનો ઉપયોગ માત્ર પ્રજાપૂરતો જ હતો. ૧૮૯૦ના એપ્રિલ માસમાં સરકારી ખાતાઓના ટૂંકા સંદેશાવ્યવહાર માટે જુદાં 'સર્વિસ પોસ્ટકાર્ડ' શરૂ થયાં.

૧૮૯૮માં ખાનગી પેઢી અને કંપનીઓને તેમની પસંદગીના 'બિઝનેસ પોસ્ટકાર્ડ' છાપવાની પરવાનગી આપવામાં આવી. પોતાના ઉત્પાદન કે સેવાની જાહેરાત સાથેના આ પ્રકારના પોસ્ટકાર્ડનો દર ૩ પાઈના બદલે ૬ પાઈ (અડધો આનો) કરવામાં આવ્યો.

આ પ્રકારનાં કાર્ડમાં વધુ નફો દેખાતાં પાછળથી ૧૯૩૨માં વેપારીઓ અને કંપનીઓને 'બિઝનેસ રિપ્લાય પોસ્ટકાર્ડ' છાપીને વાપરવાની છૂટ આપવામાં આવી.

સમયાંતરે સ્વરૂપમાં પરિવર્તન

પોતાના લાંબા ઈતિહાસ દરમ્યાન નાનકડા પોસ્ટકાર્ડે ઘણાં પરિવર્તનો પણ નિહાળ્યાં છે. સરકાર પણ પોસ્ટકાર્ડ સેવાને લોકપ્રિય બનાવવા અનેક ફેરફારો સાથે વિવિધતા લાવતી રહી.

મહારાણી વિક્ટોરિયાની 'એમ્પ્રેસ ઓફ ઈન્ડિયા' તરીકે ઘોષણા થયા બાદ ૧૮૯૯માં નવા કાર્ડ નીકળ્યાં. તે રંગ, મૂલ્ય અને આકારમાં પૂર્વવત્ હતાં, પરંતુ તેના પરથી 'ઈસ્ટ' શબ્દ દૂર કરીને માત્ર 'ઈન્ડિયા પોસ્ટકાર્ડ' એવું લખાયું અને રાજચિહ્ન મધ્યમાંથી હટાવીને ડાબી બાજુએ લઈ જવાયું.

મહારાણી વિક્ટોરિયા પછી એડવર્ડ સાતમા રાજગાદીએ આવતાં ૧૯૦૨માં તેમની છબીવાળાં કાર્ડ પ્રસિદ્ધ થયાં. તેની સ્ટેમ્પ-ડિઝાઈનમાં પહેલીવાર 'પોસ્ટેજ' શબ્દ અને તાજ (ક્રાઉન)નું ચિત્ર મૂકવામાં આવ્યું.

બંને બાજુ પત્રલેખન

એડવર્ડ સાતમા બાદ જ્યોર્જ પાંચમા ગાદીએ આવ્યા હતા. આજકાલ જે સ્વરૂપનાં પોસ્ટકાર્ડ આપણા દેશમાં પ્રચલિત છે તે તેમના શાસનકાળમાં છાપવામાં આવેલા પોસ્ટકાર્ડથી ઘણાં મળતાં આવે છે.

પોસ્ટકાર્ડ દાખલ થયાના ત્રણ દાયકા (૧૮૭૯-૧૯૧૧) સુધી તેની માત્ર એક જ બાજુ પત્રલેખન માટે રહેતી. બીજી તરફનો સમગ્ર ભાગ સરનામા માટે રોકાતાં લોકો નારાજ હતાં. ઘણાં લોકો નિયમની અવગણના કરી સરનામાવાળી અડધી જગ્યાનો લખાણમાં 'સદુપયોગ' કરવા લાગ્યાં. લોકોને આ પ્રકારે છૂટ લેતાં રોકવા માટે ટપાલખાતાના અધિકારીઓ આવાં લખાણો પર શાહી છાંટી બગાડી નાખતા !

સરકારના આ પ્રકારના વર્તન સામે પ્રજાએ મોટો વિરોધ કરેલો. 'અમૃતબજાર પત્રિકા'એ મોટા મથાળા સાથે લોકોની આ મૂઝવણનો માર્ગ શોધવા સરકારને અનુરોધ કરતાં લખ્યું કે સરનામા

(અનુસંધાન પૃ. ૩૩૧ ઉપર)

સ્થિર નદી, સરતાં નીર

ખ્યાતનામ શિઆન

પ્રીતિ સેનગુપ્તા

જ્યાં આઠમી સદીથી ચીની સમ્રાટો પ્રિય ઉપ-પત્નીઓને પ્રેમિકાઓને લઈને આમોદ-પ્રમોદ માટે જવા માંડેલા તે સ્થળ હજી એવું જ સુંદર રહેલું હતું. નીલા આકાશની નીચે શ્યામ-હરિત પર્વતોની તળેટીમાં સદર્પ વસેલું સરોવર; કિનારે રચેલા, લાલ સ્તંભ ને ઢળતાં છત્રબદ્ધ મંડપો; પાણી સુધી ઝૂકતી તન્વી, સુરેખ ડાળીઓવાળાં પાદપ, તથા ફૂલોનો નિખાર – નૈસર્ગિક સૌંદર્યનાં ઘણાં લક્ષણોથી યુક્ત એ સ્થાનનું નામ 'હ્વા ત્ચિન્ગ' હતું. ત્યાં ગરમ પાણીના ઝરા હતા. સાત ખનિજ-તત્ત્વોથી બનેલું ત્યાંનું પાણી હૃદયરોગ, સંધિવા વગેરે માંદગી માટે ઔષધ જેવું ગણાતું હતું. તેથી જ તો, રાજવીઓએ ત્યાં મહેલો બનાવેલા. હજી પણ રોગોના ઉપચાર માટેની વ્યવસ્થા તો ત્યાં હતી જ.


શિઆન શહેરથી અડધો-પોણો કલાક દૂર જ હતું એ સ્થાન. ખાડા ને ગાબડાંવાળો રસ્તો દુરસ્તીથી વંચિત રહી ગયો હતો. ચોપાસનો પ્રદેશ ગામડા જેવો તો હતો, પણ સાવ અનાકર્ષક હતો. હર્યાંભર્યાં, લીલાં ખેતરો શરૂ થયાં. દૃશ્ય રૂપાળું થયું! એ 'લિન્ગ ટોન' પરગણું હતું. ઐતિહાસિક 'રેશમ-માર્ગ' ત્યાંથી પસાર થતો હતો, એમ મનાય છે. છેક પાકિસ્તાનથી ચીનના આ ભૂમિ-મધ્ય પ્રદેશ સુધી અખરોટ ને દાડમ પહોંચાડાતાં હતાં, એવી વાયકા છે. ફળદ્રુપ જમીન, ખેતી માટે આધુનિક સાધનોનો ઉપયોગ અને હસ્તકળાની ફૅક્ટરીઓ વગેરે કારણે હજી એ પરગણું સમૃદ્ધ છે.

હ્વા ત્ચિન્ગના સરોવરના પરિસરમાં થોડો સમય જરૂર ગાળ્યો, પણ ઝીણી ઝરમર ચાલુ રહેલી. બપોર પછી તો ઠંડી ખૂબ વધી ગઈ હતી. પગનાં મોજાંની બીજી જોડ સાથે નહોતી રાખી તેની તો જાણે ખોટ સાલી! પણ શિઆનમાંની સૌથી અસાધારણ બાબત જોવાની તો હજી બાકી હતી.

ચીની પુરાતત્ત્વખાતું શિઆનની આસપાસના પ્રદેશમાં ખોદકામ કરતાં ૧૯૭૪માં એક અદ્ભુત શોધ કરી બેઠું, જે જાહેર થતાંની સાથે 'દુનિયાની આઠમી અજાયબી' ગણાવા માંડી. વાતની શરૂઆતમાં છે ચીનનો આઠમો રાજવંશ – નામે, 'ત્ચિન.' બે હજાર વર્ષ પહેલાં જેનું આધિપત્ય હતું. એ પહેલાં બધાં રાજ્યો એકમેકની સાથે સતત યુદ્ધરત રહેતાં હતાં. ત્ચિનના પ્રથમ અતિપ્રતાપી સમ્રાટે ચીનમાં એકતા સ્થાપી, અને લશ્કરી, રાજકારણીય તથા આર્થિક ક્ષેત્રોમાં ઘણા સુધારા દાખલ કર્યા. પણ એની મહત્તમ આકાંક્ષા અમર થવાની હતી! કહેવાય છે કે પોતાને માટેની કબર બનાવવા માટે એણે સાત લાખ મજૂરોને કામે લગાડેલા ! પણ એ કબર તે કેવી હતી? એમાં ફક્ત એક કફન જ નહીં, સમ્રાટનાં રત્નાભૂષણ, કિંમતી પોષાક, અસ્ત્ર-શસ્ત્ર અને બીજી મનપસંદ અનેક ચીજો માટે પણ જગ્યા હતી. પછી તો ત્ચિન વંશાવળીના બીજા રાજાઓએ પણ પોતપોતાનાં દફન-સ્થાનોની આગોતરી વ્યવસ્થા કરેલી! ઘણી વાર દાસ-દાસીઓને જીવતાં ને જીવતાં સાથે દફનાવવામાં આવતાં - મૃતાત્માની સેવા કરવા માટે. ઈજિપ્તનાં રાજા-રાણીઓનાં આવાં મરણ-કક્ષોની સાથે આ ચીની કબરાગારો સરખાવી શકાય. ચીનમાં એ કક્ષો જમીન ખોદીને, ટેકરાઓની અંદર બનાવાતા. પૂરેપૂરા ગોપિત, અને તે કારણે સુરક્ષિત- એવા, કે હજારો વર્ષો પછી પણ ત્રણેક જ એ ભૂમિગત દફન-સ્થાન મળી આવ્યાં છે. અસંખ્ય બીજાં એ પ્રસ્તારની અંદર હશે, એવું અનુમાન થયેલું છે.

રાજવી મૃતદેહો, સંપત્તિ ને સેવકો વગેરેની સાથે સૈન્યો પણ દટાતાં. સદ્ભાગ્યે, એ સૈનિકો, પરિચારકો ને અશ્વો જીવંત નહીં, પણ માટીમાંથી બનાવાયેલાં રહેતાં. ખોદકામ કરતાં ત્રણ નિક્ષિપ્ત સંચય મળી આવેલા. ૧૯૮૨ પછી એમાંના બે જનતા અને પ્રવાસીઓ માટે ખુલ્લા મુકાયા. બસો મીટર લાંબા અને પાંસઠ મીટર પહોળા 'ખાડા'માં છ હજાર જેટલાં માટીનાં પૂતળાં હતાં - સામાન્ય સૈનિકો, સેનાપતિઓ, અને રથ સાથે જોડાયેલા તોખાર. દરેકનાં આકાર-પરિમાણ જીવતાં માણસ અને પ્રાણી જેવાં. ઉપરાંત, જેમ જીવતી વ્યક્તિઓમાં હોય એવી જ રીતે માટીના એ હજારો સૈનિકોના દેહાકાર, ઊંચાઈ, વાળ, મોઢાં, ચહેરા પરના ભાવ, બખ્તર, શિરત્રાણ, પાદત્રાણ વગેરે બધું ભિન્ન હતું. શી કળા હશે એ પુરાતન ચીની કુંભારોના હાથમાં ! અમલદારો પણ જુદા તરી આવે, કારણ કે એમનાં મોઢાં પર દાઢી ને મૂછ બનાવાયાં હોય. એવા અમલદારો માટેની મુખ્ય લશ્કરી કચેરીના કક્ષમાં કુલ અડસઠ પૂતળાં અને ચાર મોટા ઘોડા હતા. સેનાપતિઓ સામસામે ઊભેલા, જાણે ચર્ચા ના કરતા હોય. એમનાં બખ્તર ને પોષાક પર રંગ પણ કરાયેલા, જે કાળક્રમે ઊપટી ગયેલા. એમનાં આયુધ પિત્તળમાંથી બનાવાયેલાં.

પિત્તળનો એક રથ ત્યાં મળી આવેલો, જે દુનિયાનો મોટામાં મોટો ગણાય છે. માટીના બબ્બે ઘોડા જોડેલા બે રથ સોના અને ચાંદીથી જડેલા હતા, ને વાસ્તવિક કરતાં અડધા પરિમાણના હતા. એ બધું ખંડિત અવસ્થામાં – ૩,૨૬૦ જેટલા ટુકડામાં – મળી આવેલું. જીવતે જીવતા માણસો જેવાં, ને જેટલાં, આકારપરિમાણોનાં જે હજારો સૈનિક-શિલ્પો જોઈને અમે વિસ્મય-સ્તબ્ધ અને સંમોહિત થતાં હતાં, તે પણ એવી જ રીતે, ભાંગી-તૂટીને, ટુકડે ટુકડા થઈને, રોડાં-પથરાની જેમ એ દફન-ખંડોમાં પેડલા હતા. જહેમત અને ધીરજથી એ લાખો કરચો ને ટુકડાઓને સાંધી સાંધીને સૈન્ય તરીકે



એમને ફરી ઊભાં કરનાર આધુનિક કુંભારો, ને કારીગરોનાં કળા તથા કૌશલ્યને પણ મુક્ત કંઠે બિરદાવવાં પડે.

ત્યાં હવે તો એક 'ભૂમિગત સૈન્ય સંગ્રહાલય' પણ ખુલ્યું હતું, જ્યાં ચીની ભાષાના ટિપ્પણ સાથેની, એ ઉત્ખનન વિષેની દસ્તાવેજી ફિલ્મ બતાવાતી હતી. વળી, એ મૃત્તિકા-મહાસૈન્ય પરથી બે હજાર વર્ષ પહેલાંના કાળની યુદ્ધવિષયક, રાજનૈતિક સામાજિક આર્થિક પરિસ્થિતિઓનો અભ્યાસ પણ કરાતો હતો. યુદ્ધ-નીતિની એમની નિપુણતાનો અંદાજ પણ એ રીતે મળતો હતો. છેલ્લા એક લાંબા, નીચા મકાનમાં મૃત રાજવીઓ સાથે દાટવામાં આવેલાં અસ્ત્ર-શસ્ત્ર પ્રદર્શિત થયાં હતાં. ત્યાં કાચનાં મોટાં કબાટમાં કેટલાંક સૈનિક-શિલ્પો ઊભાં કરેલાં હતાં - પાસેથી જોઈ શકાય, ને ફોટા લઈ શકાય તે માટે. એ સિવાય ક્યાંયે એ અદ્ભુત અતિ-પ્રાચીન, અતિ-પ્રશસ્ય મહા-સૈન્યના ફોટા લેવાની છૂટ ન હતી. મને એ જ અફસોસ રહી ગયો!

બહાર વરસાદ પડ્તો રહેલો. 'ખાડા'ઓની ચૌતરફ ફરીને એ પૂતળાં જોતાં પણ ઠંડી લાગતી રહેલી. સોના-રૂપાના રથવાળો ખંડ અંધારો, અને સંયત ઉષ્માવાળો હતો. એ દિવસે અંતે પહેલવહેલું જરા. ગરમ, ને હુંફાળું, એ સ્થાન મળેલું. સરકારી ફ્રેન્ડશિપ સ્ટોર પણ સરસ હુંફાળો હતો. જોકે એમાં વસ્તુઓના ભાવ એટલા ઊંચા હતા કે જાણે ઠંડી ચડી જાય!


છેલ્લાં દસ વર્ષથી જે ઐતિહાસિક ખજાનો જોવા તલપાપડ હતી તે, શિયાનનું અજાયબ મહાસૈન્ય, મેં આખરે જોયું હતું. પ્રવાસ-વિષયક મારી એક તીવ્ર ઇપ્સા પૂર્ણ થઈ હતી. અને શિયાનમાંનું બધું જોવાનું હજી પત્યું નહોતું. પછીને દિવસે પણ એક વિશિષ્ટ જગ્યા જોવાઈ હતી. ખૂબ જૂના જમાનામાં કોન્ફુશિયસ જેવા બુદ્ધિશાળી વિચારકો માટે બંધાયેલા મહેલમાં 'કેલિગ્રાફી' - એટલે કે, 'સુંદર લેખનકળા'નું સંગ્રહસ્થાન વસાવાયું હતું. વૃક્ષો અને પ્રાણીઓની કોતરણીવાળા પાષાણ-સ્તંભોથી શોભતા લાક્ષણિક ચીની આંગણની ચૌતરફ પ્રદર્શન-ખંડો હતા. પ્રથમમાં 'શિલાલેખોનું વન' હતું. ૧૦૮૭માં એ સર્જાયેલું. કોઈ પણ અભ્યાસીએ જે બાર જ્ઞાનસભર પુસ્તકો વાંચવાં જ પડે તે મોટા ૧૪૪ પથ્થરો પર કોતરવામાં આવેલાં. ચીની સાહિત્યિક પ્રાચીન ગ્રંથો અને સંસ્કૃતિની ઐતિહાસિક નોંધણી પણ શિલાઓ પર 'લખાયેલાં' હતાં. તાન્ગ રાજવંશના એક સમ્રાટ કોન્ફુશિયસના શિષ્ય હતા, ને એમનો ઉપદેશ રાજાએ આરસ-પાષાણો પર કોતરાવેલો. ચીની ભાષાની કોઈ સમજણ ના હોય છતાં સ્પષ્ટ જોઈ શકાય કે અપૂર્વ સુંદર અને કળાપ્રવણ રીતે એ લિપિ કંડારાયેલી હતી. આઠસો વર્ષ પહેલાંના એ શિલાલેખોને તો એક ખાસ મંડપમાં મૂકવામાં આવેલા. વિદ્વાનો માટેનો સૌપ્રથમ શબ્દકોષ પણ આ જ રીતનું સ્વરૂપ પામેલો. સરકારી ઊંચી પદવી માટે રાજાઓ અમલદારોની પરીક્ષા લેતા. એમાં 'કેલિગ્રાફી' તથા પેલાં બાર પુસ્તકોની જાણકારી ખૂબ આવશ્યક રહેતી.

બીજા ખંડમાંના શિલાલેખો પર બૌદ્ધ, ખ્રિસ્તી ધર્મ ને ઇસ્લામના ધર્મોપદેશ ભવ્ય-સુંદર અંકનાકૃતિ સાથે અમર્ત્ય બનાવાયો હતો. તાન્ગ કાળના એ પાષાણ-ખંડો પરની લિપિ આજે પણ 'કેલિગ્રાફી'નો આદર્શ નમૂનો બની રહેલી છે. ત્રીજા ખંડમાં તાન્ગ, હાન, જિન વગેરે વિભિન્ન રાજવંશોમાં વિકસેલી વિવિધ પ્રકારની 'કેલિગ્રાફી' પ્રદર્શિત કરાઈ હતી. એને બારણે, સદ્ભાગ્ય અને લાંબા આયુષ્યના પ્રતીક ગણાતા, પથ્થરના, અત્યંત બૃહદ્ કાચબા મૂકેલા હતા. પછીના ઓરડામાંના શિલાખંડો પર પુષ્પાકૃતિઓ અને કુદરતી દૃશ્યોનું કોતરણ હતું. બીજા એકમાં 'સોન્ગ, યુઆન, મિન્ગ, ત્યિન્ગ વંશાવલિઓનાં શહેરોમાંનાં સમારકામ, બાંધકામ વગેરેના હેવાલ પાષાણબદ્ધ થયેલા હતા. અન્યત્ર આરસ પર કાવ્યો કોતરાયેલાં હતાં. વગેરે, વગેરે - કારણ કે સંગ્રહનો અંત કાંઈ હજી આવ્યો નહોતો!

શહેરની જરા બહાર આવેલા, અતિ-પ્રાચીન 'વન્ય હંસ સ્તૂપ'ના નામની એક વાર્તા છે. શાખ્ય-મુનિ ચીનમાં મહાયાન બૌદ્ધધર્મનો પ્રચાર કરતા હતા ત્યારે એક વાર માંસાહાર વગર કેટલાક દિવસ પસાર થયા. એ પછી એમના અનુયાયીઓએ થોડા હંસોને ઊડતા જોયા. બુદ્ધ-દેવે પોતે જ અનુકંપાથી એ મોકલ્યા હતા, એવો અર્થ કરીને એ હંસો એમણે પકડ્યા. પછીથી એ હંસોના નામે એમણે પેગોડા બાંધ્યું. દૂરથી દેખાય તેવા ઊંચા પેગોડા ઉપરાંત ત્યાં બુદ્ધ-મંદિર પણ બનાવ્યું, જે હજી લોકોથી પૂજાતું હતું. આગળ તો સરસ બાગ હતો. બાજુમાં ભિખ્ખુઓ માટેના રહેવાસ-ખંડ હતા. મંદિરમાં અગરબત્તી સળગતી હતી. લોકો ઘૂંટણિયે પડીને ટૂંકી પ્રાર્થના કરતા હતા. પાછલા નાના પ્રાંગણ પછી સાદા, નાના એક ખંડમાં ભિખ્ખુઓ માટેનું ધ્યાન-ગૃહ હતું. પેગોડાના સાત માળ પર ચડી પણ શકાત, જો આકાશમાં ઉઘાડ થયેલો હોત તો. □

સંસારનાં સ્થાપત્યો-૨

—— હેમંત વાળા ——



(પાર્થિનોન - ઍથેન્સ)

ઈ.પૂ. ૪૪૩ થી ૪૩૮માં એથેન્સમાં ૪૦ ફૂટ ઊંચા ખડક પર એક્રોપોલીસના સંકુલમાં બનાવાયેલ પાર્થિનોન ગ્રીક સ્થાપત્યની ડોરિક શૈલીનો બેનમૂન નમૂનો છે. વર્જિના ઍથિનાને સમર્પિત આ દેવળની નાજુક કોતરણી, તેનું અસરકારક પ્રમાણ-માન, દેવળની અભૂતપૂર્વ ભૌમિતિક તેમજ ગાણિતિક સિદ્ધાંતો અનુસારની આંતર-સંબંધ રચના તથા દૃષ્ટિભ્રમના નિયમો અનુસાર સમગ્ર ઇમારતની કરાયેલી યોગ્ય માવજત, તે આ ઇમારતની ખાસિયતો છે.

ત્રણ પગથિયાંના મંચ પર ૩૦.૯ x ૬૯.૫ મીટરના પાર્થિનોનમાં પૂર્વ તથા પશ્ચિમ બાજુ આઠ સ્તંભોવાળી ઓક્ટા-સ્ટાઈલ તથા અન્ય બે બાજુ ૧૭ સ્તંભોની રચના છે. આ સ્તંભોની ઉપર આર્ચિટ્રેવ ફ્રીઝ, કોર્નિસ તથા એન્ટાબ્લેચરવાળી ૩.૪ મીટર ઊંચી આડી પાટ છે, જેના પર ૧૩.૫ અંશના ખૂણાવાળી પેડિમેન્ટ છે. પાર્થિનોનના ૧૦.૪ મીટર ઊંચા તથા નીચેથી ૧.૯ મીટર વ્યાસવાળા આ સ્તંભોથી નિર્ધારિત થતી પરસાળની અંદર ૧.૨ મીટર જાડી દીવાલો વડે બે અલગ અલગ ઓરડા બનાવાયા છે. જે પૂર્વ તથા પશ્ચિમમાં પરસાળની અંદરના બે પગથિયા ઊંચા પ્રવેશ-મંડપમાં ખૂલે છે. આ પ્રવેશમંડપની આગળ ૧૦ મીટર ઊંચા તથા નીચેથી ૧.૭ મીટર વ્યાસના છ સ્તંભોની હાર છે. એક સમયે આ પ્રવેશમંડપ ફરતે લોખંડની જાળી હતી. આમાંના પૂર્વના પ્રવેશમંડપમાંથી નેઓસ કક્ષમાં પ્રવેશાય છે જેની લાકડાની છત તેમાંના ૨૩ સ્તંભો વડે ટેકવાઈ હતી. આ જ કક્ષમાં ઍથિનાની ૧૨.૮ મીટર ઊંચી સોને મઢેલ મૂર્તિ હતી. દેવળના ગર્ભગૃહ ગણાતા આ કક્ષમાં સૂર્યનાં કિરણો સૌપ્રથમ પ્રવેશતાં. પશ્ચિમ તરફ ખૂલતો ખંડ પ્રમાણમાં નાનો હતો. પાર્થિનોનની રચના ડોરિક શૈલીમાં થઈ હોવા છતાં અહીં આયોનિક શૈલીના ચાર સ્તંભ પર છત ટેકવાઈ છે. ગ્રીક સ્થાપત્યમાં બે શૈલીના મિશ્રણનો પ્રયોગ પ્રચલિત થવાની આ શરૂઆત હતી. આ દેવળની કોતરણીમાં દૈવી-આસુરી શક્તિની લડાઈ કંડારાઈ છે.

આ ઇમારતના ખૂણાના થાંભલા વાતાવરણના પ્રકાશ સામે દેખાય તેથી તે પ્રમાણમાં પાતળા દેખાય. આના ઉકેલ માટે - બધાં જ સ્તંભ દેખાવે સરખી જાડાઈ ના દેખાય તે માટે - ખૂણાના સ્તંભ ૩૫ મી.મી. જેટલા જાડા બનાવાયા છે. તેવા જ કારણસર અન્ય થાંભલા પણ વચ્ચેથી થોડા જાડા રખાયા છે. દૃષ્ટિભ્રમનાં અન્ય કારણોસર તેના સ્તંભ પરની આડી પાટ પૂર્વ-પશ્ચિમ બાજુએ વચમાં ૬૦ મી.મી. તથા અન્ય બે બાજુએ વચમાં ૧૧૦ મી.મી. દેખાવમાં ઉપરની બાજુએ વળાંકાકાર બનાવાઈ છે. સ્તંભો અને ઉપરની આડી પાટ પરની કોતરણી દેખાવમાં વધુ સમૃદ્ધ લાગે તે માટે છેડા પર વધુ ગીચ રખાઈ છે. તેવી જ રીતે ઇમારતની ઉપર તરફની કોતરણી નીચેની કોતરણી કરતાં મોટી છે. વળી, આ ઇમારતની ઊભી બાંધણી બહારની બાજુ ઢળતી ન લાગે તે માટે ઉપરથી અંદરની તરફ ૬૦ મી.મી. જેટલી ઢળતી રખાઈ છે. દુનિયાની કોઈપણ ઇમારતમાં દૃશ્ય-અનુભૂતિ માટે આટલી સજગતા તથા ચોકસાઈ ક્યાંય નથી રખાઈ અને તેથી પાર્થિનોનનો વિશ્વ-સ્થાપત્યના સીમાચિહ્ન તરીકે અચૂક ઉલ્લેખ થાય છે.

ઈ.સ. પૂર્વે ૪૩૮માં બનાવાયેલ આ દેવળ ઇસુની પાંચમી સદીમાં સા. સોફિયાને સમર્પિત થયેલું અને તેથી તેમાં થોડા ફેરફાર કરાયેલા. ઈ.સ. ૧૨૦૪માં તે લૅટિન ચર્ચ બનાવાયેલું. ઈ.સ. ૧૪૫૮માં તુર્કો દ્વારા આ ઇમારતનો ઉપયોગ મસ્જિદ તરીકે થતો. ઈ.સ. ૧૬૮૭માં યુદ્ધને કારણે તથા ઈ.સ. ૧૮૯૪માં ધરતીકંપથી મકાનને સારી ક્ષતિ પહોંચી હતી. ૧૯મી સદીની શરૂઆતમાં અહીંથી ઘણી કોતરણી પૅરિસ, કોપનહેગન તથા લંડનના મ્યૂઝિઅમમાં લઈ જવાઈ હતી. ગ્રીસના ઇક્ટિનસ તથા કેલીક્રટેસ સ્થપતિઓ દ્વારા બનાવાયેલ આ ઇમારતનો અંદરનો ભાગ નષ્ટ પામ્યો છે, જ્યારે બહારના ભાગના હયાત અવશેષો તેની એક કાળની ભાવ્યતાની ઝાંખી આપવા પૂરતા છે. □

—— હોમિયોપથીનું ઔષધ શાસ્ત્ર ——

લાઈકોપોડિયમ (Lycopodium)

—— હેમેન્દ્ર એ. શાહ ——

ઉત્તર યુરોપ, ઉત્તર ઇંગ્લન્ડ, ઉત્તર અમેરિકા તથા રશિયન એશિયા વગેરેના પહાડી પ્રદેશોમાં ઊગતી આ વનસ્પતિને શક્તિકૃત કરી બનાવેલ ઔષધિ.

લાઈકોપોડિયમ અથવા લાઈકો હોમિયોપથી ઔષધશાસ્ત્રની એક અતિ મહત્ત્વની દવા છે. મારી દૃષ્ટિથી (ને.મૂ.ને બાદ કરતાં) 'લાઈકો' જેટલી મહત્ત્વની દવા શોધવા માટે હનેમાનને જેટલાં ધન્યવાદ આપીએ તેટલાં ઓછાં છે. સલ્ફર, કેલકેરિયા કાર્બ અને લાઈકોની ગોળાકાર રિંગ બનાવીને દર્દીને ટ્રીટમેન્ટ આપીએ તો અનેક અસાધ્ય અને જટિલ દર્દો મટાડી શકાય. કૃષ્ણ ભગવાનના સુદર્શન ચક્રસમાન, હનેમાન નિર્મિત આ ઔષધચક્રમાં અડિંગો જમાવી બેઠેલા રાક્ષસી રોગોનો વિનાશ કરવાની શક્તિ છે.

લાઈકોપોડિયમ અનેક રોગો મટાડી શકે છે, તેથી સવાલ એ થાય છે કે અમુક રોગોમાં લાઈકો શા માટે આપવી, બીજી કોઈ દવા કેમ નહીં ? આ અંગે હોમિયોપથી ઔષધશાસ્ત્ર સ્પષ્ટ છે.

ફક્ત બે ચિહ્નો જોઈને લાઈકોની ટ્રીટમેન્ટ શરૂ કરી શકાય : (અ) રોગની ઉગ્રતા સામાન્ય રીતે સાંજે ૪ થી ૮ વચ્ચે વધે છે, અથવા કોઈક કેસમાં બપોરે ૩ થી ૬ વચ્ચે વધે છે. રાત્રે ૮ કે ૯ વાગે દર્દની ઉગ્રતા એકદમ નરમ પડી જાય છે અથવા દર્દમાંથી તદ્દન રાહત અનુભવાય છે. (બ) રોગ જમણી બાજુથી શરૂ થઈ ડાબી બાજુ જાય છે. આ બે ચિહ્નો જોઈને 'લાઈકો' આપવાથી અનેક રોગો મટી શકે છે.

'લાઈકો' ટ્રીટમેન્ટ નીચે જણાવેલ ચિહ્નો જોઈને પણ દર્દીને આપી શકાય. (૧) કોઈ સભામાં જવાનું હોય, સામાજિક પ્રસંગે ભેગા થવાનું હોય તો 'લાઈકો' દર્દી જવા માટે અચકાય છે અને બહાનુ બતાવી અળગો રહે છે. કોઈ જાહેર જવાબદારી બજાવવાની હોય કે ભાષણપ્રવચન આપવાનું હોય તો પોતાને તે માટે અયોગ્ય ગણે છે અને લઘુતાગ્રંથિથી પીડાઈ ગભરાટ અનુભવે છે. પરંતુ જબરજસ્તી કોઈ તેને કામગીરી સોંપે અથવા પ્રવચન માટે ઊભો કરી દે તો તે કામગીરી સફળતાપૂર્વક પાર પાડે છે. (૨) લાઈકો દર્દી એકલસૂરો હોય છે. તેમ છતાં તે ઇચ્છે છે કે તેની નજીક - તેની નજર સમક્ષ કોઈ રહે. (૩) ઘણીવાર 'લાઈકો' દર્દી, ખાસ કરીને સ્ત્રી વર્ગ, અત્યંત ધર્મઝનૂની હોય છે. આવી વ્યક્તિ જે ધર્મ પાળતી હોય કે શ્રદ્ધા ધરાવતી હોય તે અંગે મતમતાંતર થાય અથવા કોઈ મામૂલી ટીકા થાય તો તે ઉગ્ર બની જાય છે. (૪) પેટમાં આફરો ચડે, ગેસ થાય, ખાટા ઓડકાર આવે, ખાધેલાં શાકભાજીના સ્વાદવાળા ઓડકાર આવે, ભૂખ ભૂખ થાય પણ થોડું ખાય એટલે પેટ ભરાઈ જાય, ખાતી વખતે અધીરો બની ઝટપટ ખોરાક ખાવા માંડે, ત્યારે પણ લાઈકો ટ્રીટમેન્ટથી ફાયદો થાય છે. (૫) આ રોગનો દર્દી કોઈ પણ જાતનો શોર-બકોર, અવાજ - ધાંધલ, બારીબારણાં અથડાવાનો અવાજ સુધ્ધાં સહન કરી શકતો નથી. મોટા અવાજથી તે ચોંકી જાય છે અને ક્રોધિત થાય છે. (૬) 'લાઈકો'ની સ્ત્રી દર્દીને પુરુષો સાથે સામાન્ય વાતચીત, ગપસપ કરવી ગમતી નથી. પુરુષોથી તદ્દન અલિપ્ત રહેવાનું પસંદ કરે છે. (૭) 'લાઈકો'ના દર્દીને ઠંડી હવા, ઠંડો ખોરાક, ઠંડું પીણું વગેરે માફક નથી આવતું અને આવાં કારણોથી દર્દ વધી જાય છે. બ્રેડ, બીઅર તથા ફર્મેન્ટેડ પદાર્થોથી તેની તબિયત નબળી પડે છે. (૮) આ દર્દી ઘણીવાર કંજૂસ, બીકણ અને સાંકડા મનનો હોય છે. (૯) નપુંસકતા માટે લાઈકો એક અત્યંત સુંદર ઔષધ છે. ઘણાં પડી ભાંગતાં લગ્નજીવનને તેણે બચાવી આપ્યાં છે. નપુંસકતા માટેની ટ્રીટમેન્ટમાં લાઈકો ઉપરાંત 'એગ્નેસ કેકટ્સ' જેવી અન્ય પૂરક દવા આપવાની હોય છે. લાઈકો અત્યંત શક્તિશાળી દવા હોવાથી વારંવાર લેવી હિતાવહ નથી. નપસુંકતા ઉપરાંત બીજાં ચિહ્નો જોઈને બે ડોઝ વચ્ચેનું અંતર, દવાનો પાવર દા.ત., ૩૦, ૨૦૦, કે ૧૦૦ (im) નક્કી કરવાનો હોય છે. દર્દીની ઉંમર, રોગ કેટલો જૂનો છે વગેરે અંગે વિચાર કરીને ટ્રીટમેન્ટ લેવાની હોવાથી આ દર્દ માટે અનુભવી હોમિયોપાથની સલાહ-સૂચના લેવી જરૂરી છે. (૧૦) 'લાઈકો'ની સ્ત્રી દર્દી ઘણીવાર આંશિક ગાંડપણની અસર નીચે હોય છે. આ દર્દીની બહેનપણી, સગાં-સંબંધી, ખુશ થઈને ભેટી પડે, કોઈ શુભ પ્રસંગે અભિનંદન અને શુભેચ્છ પાઠવે ત્યારે આનંદિત અને આભારવશ થવાને બદલે ગમગીન થઈ રડી પડે છે અને હર્ષ-ઉલ્લાસવાળા પ્રસંગને શોકમય બનાવી દે છે, અને ઘણીવાર કઠોર, અપ્રસ્તુત વાતો કરીને અભિનંદન આપનાર વ્યક્તિને અપમાનિત કરે છે.

પોતાને સંસારમાં બધાં સુખ મળેલું હોય તો પણ બીજાની અર્થ વગરની ઈર્ષ્યા કરે છે અને પોતાનાં રોદણાં રોવે છે. હસવું, આનંદિત રહેવું, બીજાને મળીને ખુશી જાહેર કરવી તેને બિલકુલ ગમતી નથી. તે હંમેશાં ભવાં ચડાવીને ટેન્શનમાં રહેવું પસંદ કરે છે, કારણ વગર રડી પડે છે, શોકમગ્ન રહે છે અને તોછડું વર્તન કરે છે. 'લાઈકો' આવી જાતના ગાંડપણને સહેલાઈથી દૂર કરી શકે છે. (૧૧) માથામાં વારંવાર થતો દુઃખાવો, મોઢામાં વારંવાર ચાંદાં પડે, માથે પહેરેલું - ઓઢેલું કાઢવાથી સારું લાગે, ધોરી નસ ફૂલી જાય, પરસેવો થાય અને પછી સખત તરસ લાગે, વાળ અચાનક સફેદ થવા માંડે, સંડાશ જતી વખતે કઠણ મળ સાથે લોહી નીકળે, સખત ગેસને લીધે પેટ ફુગ્ગાની જેમ ફૂલી જાય વગેરે ચિહ્નો માટે 'લાઈકો' એક શક્તિશાળી ઔષધ તરીકે સુંદર કામગીરી બજાવે છે. □

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

શિક્ષણ અને વિચિત્ર જોગાનુજોગ

તા. ૧૩-૯-૮૫ : આજે એક વિચિત્ર જોગાનુજોગની વાત લખવી છે. ચૂંટણી જીત્યા પછી રાજીવ ગાંધીએ જાહેર કર્યું કે દેશની શિક્ષણનીતિની સમીક્ષા કરાશે અને ૨૧મી સદીમાં દેશને લઈ જઈ શકે તેવી શિક્ષણનીતિ ઘડાશે. સરકારની એક કમિટી આ કામમાં લાગી ગઈ.

બીજી બાજુ હરખપદુડા લોકો શિક્ષણ ઉપર સેમીનારો કરવા લાગ્યા. મેગેઝિનો શિક્ષણના વિશેષાંકો કાઢવા લાગ્યાં. મને પણ આવા બે ત્રણ કાર્યક્રમમાં આમંત્રણ મળ્યાં જે મેં સ્વીકાર્યાં નહીં. પણ છેવટે નક્કી કર્યું કે એમ મૂંગા રહેવું ઠીક નહીં એટલે એક દિવાળી અંક માટે શિક્ષણ ઉપર લેખ લખવાનું નક્કી કર્યું. લેખની શરૂઆત કાંઈક આવી કરી : 'શિક્ષણ ઉપર લેખ લખવો આમ તો સહેલી વાત છે. અંગ્રેજોએ કારકુન તૈયાર કરવા શરૂ કરેલી આ પદ્ધતિથી શરૂઆત કરી, શિક્ષણ પ્રથાના દોષો એક પછી એક વર્ણવતા જાઓ એટલે અડધા ઉપર લેખ તો લખાઈ જાય. પછી આ દોષોના નિવારણ અર્થે એકાદ બે સૂચનો કરી લંબાણના ભયે વધુ લખતો નથી એમ કહીને લેખ પૂરો કરી દેવાય.' અલબત્ત, મેં મારો લેખ આ સહેલી રીતે લખ્યો નથી. પણ મેં લેખમાં શું લખ્યું છે તેમાં અત્યારે રસ નથી. જે જોગાનુજોગની વાત કરવી છે તે લેખની શરૂઆતમાં મેં જે ઉપર લખ્યા વિચાર વ્યક્ત કર્યા તેની સાથે સંબંધિત છે. આ લેખ મેં ૧૪મી ઓગસ્ટે લખીને પોસ્ટ કરી દીધો.

૨૦મી ઓગસ્ટે, રાજીવ ગાંધીએ જે સરકારી સમિતિ નીમી હતી તેણે તૈયાર કરેલો એક દસ્તાવેજ પાર્લમેન્ટ સમક્ષ રજૂ થયો. દસ્તાવેજનું નામ હતું. 'શિક્ષણ સામે પડકાર' (ચેલેન્જ ઓફ એજ્યુકેશન). ૨૪ પાનાંના એ દસ્તાવેજનાં અડધાથી વધુ પાનાં તો અત્યારે પ્રવર્તમાન કેળવણી પ્રથાના દોષોના વર્ણનમાં અને તેની કડવી ટીકામાં ગયાં. શું કરવું જોઈએ તે માટે એક બે સૂચનો કર્યાં અને પછી 'લંબાણના ભયે વધુ લખતો નથી.' એમ સ્પષ્ટ કહ્યું નહિ પણ દસ્તાવેજ પૂરો થયો!!

કેવો વિલક્ષણ જોગાનુજોગ!

અને હવે 'જીવરામ ભટ્ટો' આ દસ્તાવેજનાં વખાણ શરૂ કરશે. મને પણ દૂરદર્શન ટીવી ઉપર આ વિષે આમંત્રણ હતું ત્યારે મારું વલણ હતું કે દસ્તાવેજમાં નક્કર સૂચનો નથી તો ચાલો આપણે ચર્ચા કરીને નક્કર યોજના ઉપસાવવા પ્રયત્ન કરીએ.

ડી.એન. હાઈસ્કૂલ

તા. ૨૨-૯-૮૫ : દર વર્ષે ૧૦મા અને ૧૨મા ધોરણની પરીક્ષા પૂરી થયા પછી અમે હુશિયાર વિદ્યાર્થીઓ માટે ગણિત-શિબિર કરીએ છીએ. આ વર્ષે આ પરીક્ષાઓ હમણાં જ પૂરી થઈ એટલે તે શિબિર હવે થાય છે. આ વર્ષનો શિબિર આણંદની ડી.એન.આઈ. હાઈસ્કૂલમાં થયો. હું પાંચ દિવસ આ ડી.એન. હાઈસ્કૂલમાં રહી આવ્યો. સામાન્ય રીતે હાઈસ્કૂલનાં નામ દાતાનાં નામ ઉપરથી પડે છે. પણ ડી.એન.નું તેવું નથી. ડી.એન. તો દાદાભાઈ નવરોજજીના નામ ઉપરથી પડ્યું છે. અને આ ફેરફાર નાનોસૂનો ન ગણાય. ડી.એન. રાષ્ટ્રિય ચળવળમાં હંમેશાં મોખરે રહી છે. દાંડીકૂચ વખતે ગાંધીજીની મંડળી આણંદમાં ડી.એન.માં રાતવાસો રહી હતી.

ડી.એન.નું ગેસ્ટ હાઉસ એટલે કુમાર આશ્રમ (પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની હોસ્ટેલ)ના રસોડા માટેના કોઠાર અને પડસાળ ઉપર બાંધેલા બે રૂમ હોસ્ટેલનાં બાળકો માટે જે જાજરૂ-પાણીની સગવડ તે જ ગેસ્ટહાઉસના મહેમાનો માટેની સગવડ અને કુમાર આશ્રમમાં ખાસ્સા ૧૦૦ નાના વિદ્યાર્થીઓ (૮થી ૧૧ વર્ષની ઉંમરના) રહે! સ્પષ્ટ છે કે ડાંડી-કૂચમાં જોડાય તેવા ઓલિયાઓ જ આ ગેસ્ટહાઉસમાં ઊતરે! પણ, ના, સાવ એવું નથી. કારણ કે અહીં શિસ્ત અને વ્યવસ્થાનું ધોરણ ઘણું ઊંચું છે. એટલે સવારે ચા ૬-૦૦ વાગે ઊઠવાનો ઘંટ વાગે, ૬-૧૦ પ્રાર્થના થાય અને ૭-૩૦ વાગે બધા જ વિદ્યાર્થીઓ (બાળકો જ કહેવું જોઈએ, ૮ થી ૧૧ વર્ષના) ન્હાઈ, ધોઈને તૈયાર થઈ જાય. એટલે મારા જેવો ૬-૦૦ પહેલાં જાજરૂ-બાથરૂમ વાપરી લે અથવા બીજા મહેમાનો માટે ૭-૦૦ પછી બધું જ ખાલી હોય!

બીજા ગેસ્ટહાઉસ જેવું બેડ-ટી, બ્રેકફાસ્ટ, લંચ, ડીનર અહીં નથી. અહીં તો સવારે ચા મળે. ૯-૩૦ વાગે ભોજન. જુદી જુદી સંસ્થાઓના ૫૦૦ ઉપરાંત છાત્રો માટે એક સરખું ભોજન અને તે જ ભોજન મહેમાન માટે. બપોરે ૨-૦૦ વાગે નાસ્તો અને સાંજે ૬-૩૦ વાગે છેલ્લું ભોજન. આ સમયમાં ૧૦,૧૫ મિનિટ મોડા પડો તો ચાલે પણ એથી વધુ મોડું થાય તો લટકતા રહેવાનો વારો આવે, કારણ કે સવારનું ભોજન ૯-૩૦ વાગે શરૂ થાય એટલે જમનાર બધા ૯-૪૦ સુધીમાં ભેગા થઈ જાય. અમે મોટા વિદ્યાર્થીઓ સાથે જમતા હતા.-૧૫૦ વિદ્યાર્થીઓ અને ૩૦ અમે. આ બધાની ભોજન-વિધિ ૯-૩૦ વાગે શરૂ થાય અને એક કલાકમાં તો ભોજન પૂરું થાય. ભોજન જગ્યા ધોવાઈ જાય,

રસોઈયા - નોકર જમી લે અને રસોડાંને તાળું દેવાઈ જાય. સાડા દસ પછી તમે પહોંચો તો ભોજન-સ્થળ ઉપર ચોકીદાર મળે!

ત્રીસ, પાંત્રીસ વર્ષ પહેલાં અહીં નિવાસી છાત્રો માટેની શિસ્ત અને વ્યવસ્થા જે મેં જોયાં હતાં તે આજે પણ એવાં જ છે એ જોઈને આશ્ચર્ય થયું. જોકે જમાનાની અસર અન્ય બાબતમાં જોવા મળે. જેમ કે આજે દરેક છાત્ર પાસે જમવાનાં થાળી-વાટકો - પ્યાલો સ્ટેનલેસ સ્ટીલનાં છે. પહેલાં રાત્રિભોજનની છેલ્લી પરીસણી દાતણની થતી. બીજે દિવસે સવારે દાંત સાફ કરવા બધાંને એક દાતણ મળતું. આજે દાતણની પરીસણી થતી નથી. પણ એક ભાઈ દાતણ લઈને નીકળે છે, જેને જોઈતાં હોય તે લે છે.

ગેસ્ટહાઉસની નીચે કુમાર આશ્રમનાં પોયરાં તો બધાં જ ટૂથ-બ્રશ, પાવડર અને ઓળિયું જ વાપરે છે!

મને લાગે છે કે ચરોતરના પટેલોએ ખંતીલા વેપારી-ઉદ્યોગકાર તથા વહીવટકાર તરીકે નામના દુનિયાભરમાં ઊભી કરી છે તેની પાછળ આવી સંસ્થાઓએ નાનપણથી જ વ્યવસ્થા અને શિસ્તનો પાયો નાખ્યો તેનો ઘણો મોટો હિસ્સો હશે.

મિનિકોય, હડતાળ અને ગો સ્લો

તા. ૨૫-૧૦-૮૫ : અંગ્રેજી રાજ્યની શાળામાં અમે ભણ્યા હતા કે અરબી સમુદ્રમાં આવેલા લક્ષદ્વીપ અને માલદ્વીપ ટાપુઓ ભારતના ભાગ છે. આઝાદી પછી માલદ્વીપ ટાપુ સ્વતંત્ર દેશ થયો છે જ્યાં એક નવાબનું રાજ ચાલે છે પણ લક્ષદ્વીપ ટાપુઓ ભારતનો ભાગ છે. આમ, ભારતનો પશ્ચિમ તરફનો છેવાડાનો પ્રદેશ તે ઓખા કે વેરાવળ નહિ પણ લક્ષદ્વીપ થાય. હમણાં હમણાં રાષ્ટ્રપતિ ઝૈલસિંહ લક્ષદ્વીપ ટાપુઓની મુલાકાતે ગયા ત્યારે આ ટાપુઓ તરફ આપણું ધ્યાન ગયું. લક્ષદ્વીપ આમ તો ટાપુઓનો સમૂહ છે. તેમાં દક્ષિણ તરફનો ટાપુ મિનિકોય છે. આ ટાપુમાં સ્ત્રીઓનું વર્ચસ્વ છે અને આ વર્ચસ્વ તો ઇતિહાસમાં પણ નોંધાયેલું છે. ૧૩મી સદીનો આરબ યાત્રી ઈબ્ન બતૂતા આ ટાપુ પર ગયેલો અને ત્યાંની બે સ્ત્રીઓને પરણેલો પણ ખરો. પોર્ટુગીઝ મુસાફર માર્કો પોલોએ આ ટાપુને નારી જાતિનો પ્રદેશ તરીકે વર્ણવ્યો છે. આજે પણ આ ટાપુના ગામમાં એક મુખી હોય છે અને એક મુખિયાની પણ હોય છે! અને ઘણાખરા લોકો ઇસ્લામ ધર્મ પાળે છે છતાં સમાજમાં સ્ત્રીઓનું વર્ચસ્વ એ આશ્ચર્યકારક ઘટના ગણાય.

આપણે ત્યાં ગામડામાં નદીના પટમાં વીરડા ગાળીને પીવાનું પાણી મેળવવાનો રિવાજ છે. રેતીમાં થોડે ઊંડે ખાડો પાડો એટલે ધીમે ધીમે પેટાળમાંથી પાણી ઝવે અને થોડી વારે ખાડો ચોખ્ખા પાણીથી ભરાઈ જાય અને બહેનો તે પાણી ભરી લાવે. રાષ્ટ્રપતિએ મિનિકોય ટાપુ ઉપરના એક વોટર-વર્કસનું ઉદ્ઘાટન કર્યું. આ વૉટરવર્ક્સ ઉપર કહ્યું તેવા વીરડા ગાળવાના સિદ્ધાન્ત ઉપર જ રચાયું છે. ટાપુ હોવાને કારણે સામાન્ય રીતે ઊંડા કૂવામાં ખારું પાણી મળે. પણ ખારા પાણીના થર ઉપર એક પાતળો મીઠા પાણીનો થર હોય છે. નીચેના ખારા પાણીના થરને અડક્યા વગર ઉપલા થરનું મીઠું પાણી તો આપણી વીરડા ગાળવાની પદ્ધતિથી જ મળેને!

*

બાકી ઘરઆંગણે ગુજરાતમાં નવો વા વાયો છે. માધ્યમિક શિક્ષકોએ હડતાળ પાડી. બીજે દિવસે સરકારે માગણી સ્વીકારી સમાધાન કર્યું. થોડા દિવસ પછી ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોએ હડતાળ પાડી. બીજે દિવસે સરકારે નમતું જોખ્યું અને સમાધાન થયું. પછી પોલીસ વિભાગના કર્મચારીઓએ હડતાળનું એલાન આપ્યું અને આજે છાપામાં વાંચ્યું કે વાટાઘાટો શરૂ થઈ છે. હવે કોણ હડતાળ પાડે છે તેની વાટ જોવાય છે.

દરમિયાન એસ.એસ.સી. બોર્ડના કર્મચારીઓ (ગો સ્લો) આન્દોલન ચલાવે છે. એટલે ૧૦મા અને ૧૨માનું પરિણામ જે આજે બહાર પાડવાનું હતું, તે ૧૧મી નવેમ્બરે બહાર પડશે. હવે થયું છે એવું કે ૧૧મી નવેમ્બરે કાળી ચૌદશ છે. એટલે કેળવણી-ક્ષેત્રમાં કકળાટ કાઢવાના દિવસે પરિણામ જાહેર કરવું તે આમ તો યોગ્ય જ છે. પણ 'મારો દીકરો કાળી ચૌદશે પાસ થયો.' એવું કદાચ મા-બાપને ન ગમે એટલે સંભવ છે કે કાળી ચૌદશને બદલે લાભ પાંચમે પરિણામ બહાર પડે... બરાબર એક સત્ર મોડું! જય અનામત-આંદોલનની!!

ચાર્લ્સ શોભરાજ - તિહાડ જેલ

તા. ૨૦-૩-૮૬ : આપણે ઇતિહાસમાં ભણ્યા છીએ કે શિવાજી ઔરંગઝેબના જેલખાનામાંથી મીઠાઈના ટોપલામાં બેસીને ભાગી ગયો હતો. દિલ્હીની મોગલ સલ્તનતના જમાનામાં જે જેલવ્યવસ્થા હતી તેમાં આ નેહરુ-ગાંધીની સલ્તનતના જમાનામાં કાંઈ ફેર પડ્યો લાગતો નથી. હા, પરિસ્થિતિ થોડી બગડી જરૂર છે. શિવાજી તો ટોપલામાં સંતાઈને નાસી છૂટ્યો હતો, પણ ૧૯૮૬ના માર્ચ માસમાં તો દિલ્હીની તિહાડ જેલમાંથી ભરબપોરે ૨ વાગે સાત કેદી દરવાજેથી બેધડક બહાર નીકળી (ટોપલામાં સંતાઈને નહીં) બહાર રાહ જોતી ગાડીમાં બેસી ફરાર થઈ ગયા! કોણ કહે છે કે દેશ પ્રગતિ કરતો નથી?

આપણે બધા એમ કહીએ છીએ કે હિન્દી ફિલ્મમાં બધું અવાસ્તવિક આવે છે - 'આવું કાંઈ રોજિન્દા જીવનમાં બને નહીં' એવી ટીકા આપણે ફિલ્મો માટે કરીએ છીએ. પણ હવે એવું આપણાથી કહેવાશે નહીં. આંતરરાષ્ટ્રિય ડ્રગ પેડલર

(અનુસંધાન પૃ. ૩૪૧ ઉપર)

(સંસ્થાપરિચય)

ભો.જે. વિદ્યાભવન


ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ અને સંશોધન સાથે સંકળાયેલી તેમજ ગુજરાત સરકાર તથા ગુજરાત યુનિવર્સિટી માન્ય એવી સંસ્થાઓમાં ભો.જે. વિદ્યાભવન સૌથી જૂની સંસ્થા છે. આ સંસ્થા વિવિધ વિષયોમાં સંશોધન ઉપરાંત અનુસ્નાતક શિક્ષણ, પીએચ.ડી. તથા પોસ્ટ ડૉક્ટરલ માર્ગદર્શનની કામગીરી પણ બજાવે છે.

અસલમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના નામે ઓળખાતી ગુજરાત વિદ્યાસભા લગભગ ૧૫૦ વર્ષ જૂની પ્રતિષ્ઠાવંત વિદ્યાસંસ્થા છે. તેની સ્થાપના ઈ. ૧૮૪૮માં થયેલી. ગુજરાતી ભાષા અને સાહિત્ય, શિક્ષણ, પત્રકારિત્વ તેમજ સામાજિક સુધારાઓના ક્ષેત્રે આ સંસ્થાનું અમૂલ્ય પ્રદાન છે.

ગુજરાત વિદ્યાસભાના પ્રમુખ આચાર્ય આનંદશંકર ધ્રુવે ૧૯૩૯માં અનુસ્નાતક અને સંશોધન વિભાગનો આરંભ કર્યો. આ વિભાગના માર્ગદર્શન માટે શ્રી આનંદશંકર ધ્રુવ, શ્રી ગણેશ વાસુદેવ માવળંકર અને વિદ્યાબહેન નીલકંઠની એક સમિતિ નિમાઈ. વિભાગના અધ્યક્ષ તરીકે પ્રા. રસિકલાલ પરીખ હતા. અન્ય વિદ્વાન અધ્યાપકોમાં પંડિત સુખલાલજી સંઘવી, પ્રા. હરિહર પ્રા. ભટ્ટ, પ્રા. આર.બી. આઠવલે, મૌલાના અબુઝફર નદવી, પ્રા. ઉમાશંકર જોષી, પ્રા. કે.વી. અભ્યંકર, પ્રા. રામનારાયણ પાઠક, પ્રા. કે. કા. શાસ્ત્રી, ડૉ. છોટુભાઈ નાયક, પ્રા. નગીનદાસ પારેખ, પ્રા. યશવંત શુક્લ, ડૉ. ભોગીલાલ સાંડેસરા, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી જેવા ખ્યાતનામ વિદ્વાનો હતા. ઈ. ૧૯૪૬માં શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ તરફથી રૂ. બે લાખનું દાન મળતાં ગુજરાત વિદ્યાસભાના આ ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગને સ્વતંત્ર વિદ્યાભવનમાં ફેરવી તેનું **'શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન સંશોધન વિદ્યાભવન'** એવું નામ રાખવામાં આવ્યું. ૧૯૫૦માં ગુજરાત યુનિવર્સિટી સાથે આ સંસ્થાનું જોડાણ થયું. તે અગાઉ ૧૯૩૮-૩૯થી બોમ્બે યુનિવર્સિટી સાથે જોડાણ હતું. હાલ સંસ્થાના નિયામક તરીકે ડૉ. ભારતીબહેન શેલત સેવાઓ આપી રહ્યા છે.

ભો.જે. વિદ્યાભવનમાંથી સંસ્કૃત, ગુજરાતી ભાષા તથા સાહિત્ય, અરબી, ફારસી, ભારતીય સંસ્કૃતિ અને જ્યોતિષશાસ્ત્ર જેવા વિવિધ વિષયોમાં ૬૯ જેટલા વિદ્યાર્થીઓ પીએચ.ડી. થયા છે. સંસ્થામાંથી પીએચ.ડી. થયેલ આ વિદ્વાનો હાલે ગુજરાતની ખ્યાતનામ સંશોધન સંસ્થાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ અને મ્યૂઝિઅમોમાં પોતાની સેવાઓ આપી રહ્યા છે. સંસ્થાએ અત્યાર સુધીમાં ભાષા અને સાહિત્ય, ઈતિહાસ તથા સંસ્કૃતિના વિષયોમાં ૮૫ જેટલા સંશોધન ગ્રંથો પ્રકટ કર્યા છે.

સંસ્થાએ શ્રીમદ્ ભાગવત પુરાણની સમીક્ષિત આવૃત્તિ પ્રકાશિત કરવાની યોજના ગુજરાત સરકારની આર્થિક સહાયથી



હાથ ધરી છે. એમાં દેશની વિવિધ લિપિઓમાં લખાયેલી હસ્તપ્રતોમાંથી ઉપલબ્ધ પાઠભેદોને આધારે ભાગવત પુરાણની સંશોધિત આવૃત્તિ તૈયાર થઈ રહી છે. આનું પ્રકાશન તાજેતરમાં જ થયું છે. આ ઉપરાંત ગુજરાત સરકારની આર્થિક સહાયથી 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ'ની ગ્રંથમાલા ૯ ગ્રંથોમાં પ્રકાશિત કરવામાં આવી છે.

સંસ્થાના ઉપક્રમે જુદાં જુદાં અંકિત ફંડોમાંથી વ્યાખ્યાનમાળાઓ યોજાય છે. એમાં વિવિધ વિષયોના નિષ્ણાત-તજ્જ્ઞોને વ્યાખ્યાન માટે આમંત્રણ આપવામાં આવે છે. એમનાં વ્યાખ્યાનો ગ્રંથ સ્વરૂપે પણ પ્રકટ કરવામાં આવે છે. સંસ્થામાં ૭૦,૦૦૦ જેટલા અમૂલ્ય ગ્રંથો ધરાવતું ગ્રંથાલય છે.

ભો.જે. વિદ્યાભવન મ્યૂઝિઅમ

આ સંસ્થામાં પુરાતન અવશેષોથી સમૃદ્ધ એવું મ્યૂઝિઅમમાં છે, આ મ્યૂઝિઅમ મૂળમાં ગુજરાત વિદ્યાસભાનો અમૂલ્ય સંગ્રહ ધરાવે છે. એમાં દસ હજાર જેટલી સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાત અને અરબી-ફારસી હસ્તપ્રતો સંગૃહીત છે. સંસ્થાએ આ હસ્તપ્રતોનાં કેટલોગ ૭ ગ્રંથોમાં પ્રકાશિત કર્યા છે. આ ઉપરાંત ૫૦ જેટલી સચિત્ર હસ્તપત્રો સંગ્રહાલયના મૂલ્યવાન ખજાનામાં છે. ૪,૦૦૦ જેટલા સિક્કાઓ, હજાર જેટલાં ચિત્રો, ૨૦૦ જેટલા ખતપત્રો અને ૧૭૫ જેટલાં શિલ્પોથી સંસ્થાનું મ્યૂઝિઅમ સમૃદ્ધ છે. એમાંની કપડવંજ અને સિદ્ધપુરનાં તોરણોની કાષ્ઠ પ્રતિકૃતિઓ ધ્યાનાકર્ષક છે. આમ, સંસ્થાનું ગ્રંથાલય અને મ્યૂઝિઅમ સંશોધન શાખાઓના વિદ્વાનો માટે કિંમતી ખજાનારૂપ છે. તેનો લાભ ગુજરાતના જ નહિ, પરંતુ દેશવિદેશના જિજ્ઞાસુઓ અને સંશોધકો પણ લઈ રહ્યા છે.

સંસ્થા ૧૯૮૪થી ગુજરાતી ભાષામાં 'સામીપ્ય' નામનું સંશોધન ત્રૈમાસિક પ્રકટ કરે છે. આ ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ભારતીય સંસ્કૃતિ વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર પણ ચાલે છે. સંસ્થાનું મકાન અમદાવાદમાં આશ્રમ રોડ પર આવેલી હ. કા. આર્ટ્સ-કોમર્સ કારલેજના કોમ્પાઉન્ડમાં આવેલું છે. □

જીવનનાં વિવિધ ક્ષેત્રોની સિદ્ધ-પ્રસિદ્ધ

મહિલાઓની મુલાકાત

લેનાર
અવંતિકા ગુણવંત



સુમિત્રાબહેન ઠાકોર

[બહેનો અને બાળકોના કલ્યાણ અર્થે આજીવન સમર્પિત, સ્નેહાળ, સહૃદયી, નીડર સુમિત્રાબહેનનો જન્મ ૧૯૧૩માં અમદાવાદમાં થયો છે. જીવનના આઠ દસકા વીતાવી ચૂક્યા પછી ય એમને કોઈ ટેકાની જરૂર નથી પડી. ટટ્ટાર ઊભાં રહે છે, ટટ્ટાર ચાલે છે ને ત્રણસો પાંસઠે દિવસ, પછી એ જાહેર રજા હોય કે રવિવાર હોય તેઓ વિકાસગૃહમાં આવવાનાં જ. સુમિત્રાબહેન એટલે જ વિકાસગૃહ. આવી સંનિષ્ઠ દીર્ઘ સેવાઓ માટે એમને સમાજ સુરક્ષા ઍવોર્ડ, લેડી વિદ્યાગૌરી નીલકંઠ સ્મૃતિચંદ્રક અને સરકાર તરફથી તામ્રપત્ર એનાયત થયાં છે.]

પ્ર. 'સેવાનો જીવનમંત્ર તમે ક્યાંથી પામ્યાં ?' પછી ઉમેર્યું, 'આપના ઘરમાં આવું પ્રગતિશીલ વાતાવરણ હતું?'

ઉ. 'ના, જરાય નહિ. ઘાસીરામની પોળમાં અમે રહીએ. તેરચૌદ વર્ષની હતી ને પિતાનું અવસાન થયું. ઘરની સ્થિતિ સાધારણ. અમે ચાર બહેનો ને એક ભાઈ. ભાઈ ભણી શકે એ ખાતર મેં અભ્યાસ છોડી દીધો.

ઘરમાં બેસીને થઈ શકે એવા ઉદ્યમો જેવા કે પતરાળાં બનાવવાં, ઠળિયા કાઢીને આમલીના ગોળા વાળવા એવું એવું કરતાં. પણ મને ચેન પડે નહિ. નવું શીખવાની ખૂબ ઉમેદ.

મારા ઘરની નજીક જ્યોતિસંઘ. એટલે ત્યાં ટાઈપ શીખવા જવા માંડ્યું, ને ત્યાંની લાયબ્રેરીમાં કામ પણ મળ્યું. પગાર તો મામૂલી હતો પણ ત્યાં મને ઉત્સાહ અને નવચેતનથી ધબકતા કરુણાસભર મૃદુલાબહેન સારાભાઈનો પરિચય થયો ને મારું જીવન બદલાઈ ગયું. હૃદય-મનની ક્ષિતિજો વિસ્તરતી ગઈ.

મારા ઘરમાં રાષ્ટ્રપ્રેમ કે આઝાદીની લડત કે સ્વદેશીની કોઈ ભાવના ન હતી, પરંતુ જ્યોતિસંઘમાં ગયા પછી સેવાદળમાં પ્રવૃત્ત થઈ હરિપુરા કૉંગ્રેસમાં નિરીક્ષકનું કામ કર્યું. કામ અંગે સાઈકલ ફેરવતી થઈ. એ જમાનામાં છોકરી સાઈકલ ફેરવે એ નવાઈ ગણાતી.

સાડત્રીસની સાલથી ખાદીનો સંપૂર્ણ ઉપયોગ કર્યો. આજે ય બધે ખાદી વાપરું છું પણ છેલ્લાં પાંચેક વરસથી કાંતવાનું છોડી દીધું છે.

સ્ત્રીજાગૃતિનો એ જમાનો હતો. દારૂના પીઠા પર પિકેટિંગ કરવા જતી, પરદેશી ચીજોનો બહિષ્કાર અને નશાબંધીનું કામ કરતા ગુલઝારીલાલ નંદા અને અર્જુન લાલા જેવા રાષ્ટ્રભક્તોનો સંપર્ક થયો.

પ્ર. તમે સત્યાગ્રહની ચળવળમાં સક્રિય ખરાં ?

ઉ. હા. ૧૯૪૦માં ગાંધીજીએ વ્યક્તિગત સત્યાગ્રહની હાકલ કરી ત્યારે મા તથા ભાઈનો વિરોધ છતાં બે વાર સત્યાગ્રહ કર્યો, પકડાઈ ને છ છ મહિનાની જેલ ભોગવી.

પ્ર. આપના ઘરમાંથી કેમ વિરોધ હતો ?

ઉ. મારી બાને સગાં ભાઈબહેન નહિ, ઘરમાં પિતાજી નહિ, બીજા કોઈ વડીલ નહિ તેથી એમનો સ્વભાવ અધીરો થઈ ગયેલો ને વળી જેલના નામથી ય ડરે. પણ મારી તો દુનિયા જ બદલાઈ ગયેલી. ૧૯૪૨ની 'હિંદ છોડો'ની ચળવળમાં પણ પૂરા મનથી ઝંપલાવ્યું.

પ્ર. નારીકલ્યાણની પ્રવૃત્તિમાં ક્યારથી જોડાયાં ?

ઉ. 'જ્યોતિસંઘમાં હતી ને પુષ્પાબહેન મહેતાનો સંસર્ગ થયો. એમના સંગે હું અહીં વિકાસગૃહમાં આવી. આજે હું જે કંઈ છું એ એમના પ્રતાપે છું.'

પ્ર. 'તમારા અભ્યાસ વિશે કંઈક કહેશો ?'

ઉ. 'મારે અભ્યાસ અધૂરો છોડી દેવો પડેલો, પણ આગળ ભણવાનું ખૂબ મન હતું, પુષ્પાબહેનની પ્રેરણાથી બૉમ્બે જઈને કર્વે કોલેજમાંથી બી.એ. થઈ.'

પ્ર. 'વિકાસગૃહમાં તમે ક્યારથી ?'

ઉ. વિકાસગૃહની સ્થાપના થઈ ત્યારથી અહીં છું. મને તો હતું કે આઝાદી પછી આવાં કામોની જરૂરત નહિ રહે, પણ અત્યારે તો બહેનોની સ્થિતિ વધારે બગડી છે.

'હવે તો શિક્ષણ વધ્યું છે, સમાન હક જળવાય એવા કાયદા થયા છે, બધાં ક્ષેત્રે બહેનોએ ડગ માંડ્યાં છે. હક માટેની જાગૃતિ વધી છે છતાં શોષણ ઓછું નથી થયું. મને તો લાગે છે પુરુષો જ્યાં સુધી નહિ સુધરે ત્યાં સુધી આ પીડા, યાતના સ્ત્રીઓએ વેઠવી જ પડશે.'

પ્ર. 'પણ ગાંધીયુગમાં તો સ્ત્રીઓ હિંમતભેર સામનો કરીને દુરિતને હટાવતી હતી. આ વિશે તમારું શું મંતવ્ય છે ?'

ઉ. 'પણ આજે ક્યાં છે સમજપૂર્વકની એ હિંમત, એ ગંભીરતા, એ ઊંડી નિષ્ઠા, એ જવાબદારીનું ભાન ? આજે તો

નખરાં અને સ્વેચ્છાચાર વધ્યાં છે.'

પ્ર. 'આ અંગે તમારો વિકાસગૃહનો શો અનુભવ છે ?'

ઉ. અમારે ત્યાં તો અલ્પશિક્ષિત બહેનો આવે છે, જે રીતસર પુરુષની સત્તામણીનો ભોગ બની હોય છે ને બાળકો હોય, તેથી સહન કરે જતી હોય છે, ના છૂટકે એ ઘર છોડે છે.

અમારે અહીંયાં અડધી રાત્રેય બહેન પોકાર કરતી આવે તો એના માટે દરવાજા ખૂલી જાય. અમારો એક જ સિદ્ધાંત છે : 'તારી આશ કરીને આવે બારણે એને જાકારો દઈશ નહિ.'

પ્ર. 'આપની જિંદગીથી આપને સંતોષ છે?'

ઉ. 'મને કામ કરવાની તક મળી એનાથી વધારે મારે શું જોઈએ? તમે જાણો છો, અહીંથી અઢીસો જેટલી છોકરીઓનાં અમે લગ્ન કરાવ્યાં છે, એ બધી લગભગ સુખી છે.'

પ્ર. 'પણ આપે કેમ લગ્ન ન કર્યાં?'

ઉ. 'મારાં બાએ મારાં લગ્નની વાત ચલાવી હતી, પણ અમારી જ્ઞાતિમાં પૈઠણનો રિવાજ. છોકરાઓ મોટી રકમની પૈઠણ માગે. મેં મારી બાને કહ્યું હતું કે મારો વિચાર છોડી દે, બીજી બહેનોને પરણાવી દે.'

પ્ર. 'ત્યારથી જ નહીં પરણવાનો નિર્ણય કરી લીધેલો?'

ઉ. 'સાવ એવું તો નહીં. મનમાં હતું અનુકૂળ વિચારનું કોઈ હશે ને લેખ હશે તો લગ્ન થશે, પણ પછી તો દેશનાં કામોમાં લાગી ગઈ.'

પ્ર. 'અત્યારે એકલાં રહો છો?'

ઉ. 'મારી નાની બહેન સાથે એના ફ્લૅટમાં રહું છું.'

પ્ર. 'આપની આ સાદાઈ ?'

ઉ. 'મને સાદાઈ અને સ્વાવલંબન ગમે છે. પાંચસાત જોડ કપડાં છે. કપડું ચારે બાજુથી ઘસાય ત્યાં સુધી પહેરું છું, થેર થીંગડાંવાળું કપડું પહેરતાં અચકાતી નથી. મારું કામ જાતે કરું છું.'

પ્ર. 'આપને અહીંથી વેતન તો મળતું હશે ને ?'

ઉ. 'મળે. પણ હું લેતી નથી. સ્વાતંત્ર્ય સેનાની તરીકેની જે રકમ મળે છે એ પૂરતી છે, એમાંથીય બચત કરીને ક્યાંક ને ક્યાંક દાન કરી દઉં છું.'

પ્ર. 'તો કોઈ માંદગી આવે ત્યારે?'

ઉ. 'આ સંસ્થા છે ને! હું તો આશા રાખું છું કે અહીં કામ કરતાં જ મારો શ્વાસ થંભી જાય. ને કદાચ જરૂર પડી તો સંસ્થા મારો પરિવાર છે.'

પ્ર. 'આપને સ્વાસ્થ્ય અંગે કોઈ ફરિયાદ ખરી?'

ઉ. 'ક્યારેક બ્લડપ્રેશર વધી જાય છે. ડૉક્ટર કહે આરામ કરો. પણ મને ચેન ન પડે, અહીં આવું એટલે મને સુખશાંતિ.'

પ્ર. 'આપને બીજો કોઈ શોખ ખરો?'

ઉ. 'સવારે રેડિયો પર ભજનો ને અમૃતધારા સાંભળું, છાપું વાચું, સારાં મૅગેઝીન વાંચું. બાકી મને તો વિકાસગૃહ અંગેનાં કામ જ ગમે!'

પ્ર. 'ટી.વી. જુઓ? પ્રવાસે જાઓ ? દેવદર્શનયાત્રા કરો?'

ઉ. 'ટી.વી. વસાવ્યો જ નથી. સાઠ થઈ ગયાં પછી પિકચરે જોતી નથી. કોઈ પરિષદ કે સંમેલન હોય ત્યાં જાઉં છું. દર્શનયાત્રામાં માનતી નથી. હા, હનુમાનની દેરીએ દર્શન કરવા જાઉં છું.'

પ્ર. 'કેમ હનુમાનજી?'

ઉ. 'એમનો સેવામંત્ર મારો આદર્શ છે.'

પ્ર. 'અત્યારે આ બદલાયેલો સમય જોઈને શું થાય છે?'

ઉ. 'દુઃખ થાય છે, લોકો ભૌતિકવાદી બની ગયાં છે, જેમણે દેશ માટે કોઈ ભોગ નથી આપ્યો, દેશનું હિત જેને હૈયે નથી તેઓના હાથમાં દેશનું સુકાન છે.'

પ્ર. 'આપને કડવા અનુભવો થયા છે?'

ઉ. 'મારાં ગુરુ પુષ્પાબહેને શીખવાડ્યું છે, જતું કરતા શીખો, મોટું મન રાખો, સમાધાનવૃત્તિ કેળવો.' □

લઘુકથા

તેજોદ્વેષ

અશોક જોષી

રાજેશ્વર મોટા જાગીરદાર, ઉદ્યોગપતિ, રાજનીતિજ્ઞ, મૅનેજિંગ ટ્રસ્ટી ને એવું ઘણું બધું હતા.

એક વાર તેઓ પોતાના દીવાનખંડમાં વિરાજમાન હતા, ત્યાં તેમના એક કર્મચારીનો પુત્ર અતિ પ્રસન્નતાપૂર્વક ને બહુ ભાવથી તેમને વંદન કરવા આવ્યો. પરંતુ આજે તેણે ધારણ કરેલાં બહુમૂલ્ય વસ્ત્રોની ચમક જોઈ અકળામણ ને અકળ આવેશથી રાજેશ્વર બોલી ઊઠ્યા :

'તું મારા કર્મચારી વિનયનો દીકરો તેજસ કે?'

'હા, જી.' તેજસે જવાબ આપ્યો.


'મૂલ્યવાન વેશે ને ઉન્નત મસ્તકે મારી સામે કેમ આવ્યો છે? જરા જો કે તારા પિતા જેવા કેટલાય અહીં નતમસ્તકે હાથ જોડી સાદા વેશમાં ઊભા છે, મૂર્ખ!'

તેજસ્ બોલે તે પહેલાં જ રાજેશ્વરનો પુત્ર અભિનવ આવી પહોંચ્યો. તે કહે : 'પિતાજી, આજે અમારી પરીક્ષાનું પરિણામ આવ્યું ને તેમાં મારો આ સહાધ્યાયી તેજસ્ તેજસ્વી પરિણામથી ઉત્તીર્ણ થયો છે. તે અહીં આપ સૌને વંદન કરવા આવ્યો છે. આજ મેં તેને મારો પોશાક પહેરવા આપ્યો છે. ક્ષમા કરજો, પિતાજી, હું અનુત્તીર્ણ થયો છું, પણ મિત્રના વિજયઆનંદનો હું સહભાગી છું!'' □

કલાવાર્તા




અશોક શાહ અને કલાચિકિત્સા




અશોક શાહે તૈયાર કરેલી 'નિર્વાસિતો'ની શ્રેણીમાંનું એક પેઇંટિંગ


૨૮મી જાન્યુઆરી, '૯૭ને દિને સાંજે કલાચિકિત્સા તરીકેનું 'મનપંચમ' પ્રદર્શન ખૂલ્લું મુકાયું. આ પ્રદર્શનમાં જાણીતા ચિત્રકારોનાં ચિત્રો ઉપરાંત યુરોપીય ચિત્રકારોની પ્રિન્ટો રજૂ થઈ હતી. આ પ્રદર્શનની પાછળના ઉમદા હેતુને સાકાર કરતો હાર્વર્ડ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગના જાણીતા પ્રોફેસર ડૉ. રુડોલ્ફ આર્તહીમના મત પ્રમાણે કલા તકલીફોના સમયમાં મદદગાર તરીકે, માનવીય અસ્તિત્વની સ્થિતિઓને સમજવા માટેના સાધન તરીકે તથા આ પરિસ્થિતિઓનાં ભયભીત કરતાં પાસાંઓનો સામનો કરવાની શક્તિ આપનાર તરીકે, અર્થપૂર્ણ વ્યવસ્થા કે સંવાદિતાના સર્જન તરીકે મહત્ત્વપૂર્ણ છે. આ જ બાબત જગતમાં બધા જ કલાકારોને યાદ દેવડાવે છે કે કલાનું કાર્ય સાચા અર્થમાં શું છે અને ભવિષ્યમાં પણ હંમેશાં કેવું રહેશે. કલાને કેવળ સૌંદર્યની સાધના કે રૂપપ્રદ કલાની નિષ્પત્તિપૂરતી મર્યાદિત ન રાખતા સમાજ પાસેથી સહાનુભૂતિ, સમજ, પ્રોત્સાહનની અપેક્ષા રાખતા માનસિક તેમજ

અશોક શાહનું એક ચિત્ર 'શીર્ષ'



ઝૂંપડપટ્ટીમાં રહેતા ૧૭ વર્ષના એક મંદબુદ્ધિના તરુણ ગિરીશ પરમારે તૈયાર કરેલું દૃશ્યચિત્ર





'નિર્વાસિત કુટુંબ' અશોક શાહનું એવોડવિજેતા એચિંગ

શારીરિક રીતે દુઃખી દર્દીઓ માટે તેમની યાતનાની પળોમાં પણ આત્માભિવ્યક્તિના સાધન તરીકે, કથાર્સિસ - વિશુદ્ધિકરણ તરીકે ખૂબજ ઉપયોગી સાબિત થતી બતાવે છે. આ કલા કેવળ સૌંદર્યલક્ષી દૃષ્ટિકોણથી નહિ પણ માનવીય ચિકિત્સક દૃષ્ટિકોણથી જોવાની છે. આ પ્રવૃત્તિ માનવતાવાદી ને કલાલક્ષી પણ છે; કારણ કે જેમને આપણે શારીરિક તથા માનસિક રીતે દર્દીઓ ગણીએ છીએ તે લોકોનાં સર્જેલાં ચિત્રો ચિત્રકલાનાં ઘટકતત્ત્વોની દૃષ્ટિએ પણ પ્રભાવશાળી તો છે જ, પણ સાથે સાથે તેમના આવેગો, ભાવો પણ તેમાં નિરૂપાયા છે.

વડોદરાની ફાઈન આર્ટ્સ કોલેજમાં ભણેલા અશોક શાહ કલાકાર તો છે જ અને સર્જનાત્મક ચિત્રો કરે છે, તેમણે 'એચિંગ' પ્રિન્ટો પણ કાઢી છે. તેમનાં ચિત્રોમાં મનોવૈજ્ઞાનિક ઊંડાણ છે, માનવીય નિરૂપણ છે. પરંતુ એથીય વિશેષ તેમણે ઘણાં વર્ષોથી તેમના વ્યવસાયના ક્ષેત્રને 'મનોચિકિત્સા' જેવો મહત્ત્વપૂર્ણ વિષય બનાવ્યો છે. તેઓ અમદાવાદની જાણીતી બી.એમ. ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થમાં આર્ટ થેરપિસ્ટ તરીકે સેવાઓ આપી રહ્યા છે.

વડોદરાના ટી. બી.ના દર્દી મગન સોમાનું લિનો પ્રિન્ટ



તેમણે અમેરિકામાં 'આર્ટ થેરપીનો ખાસ કોર્સ પણ કર્યો છે. હા, તેમની સર્જક કલાકાર તરીકેની શક્તિઓ આ ઉમદા પ્રવૃત્તિને વધુ મદદરૂપ, માર્ગદર્શક બની છે. સ્વયં અશોકભાઈ તેમના જીવનમાં એક સમયે આવી કટોકટીભરી માનસિક સ્થિતિના અનુભવમાંથી પસાર થઈ ચૂક્યા છે અને આવી સ્થિતિમાં કલા કેવી રીતે તેમને સાંત્વના આપે છે તથા વ્યક્તિત્વમાં સુધારો લાવે છે તેનો પ્રત્યક્ષ અનુભવ હોવાથી તેમની પાસે આવતા શારીરિક તેમજ માનસિક દર્દીઓ પાસે રંગો, માટી વગેરે દ્વારા ચિત્રોનું સર્જન કરાવી તેમના દુઃખી જીવનમાં પ્રકાશ પાથરી, આશાનાં કિરણો જન્માવે છે અને તેમના વ્યક્તિત્વને મજબૂત કરે છે. આ ઉમદા પ્રવૃત્તિને અશોક શાહ 'આઉટસાઈડર' અને 'ઇનસાઈડર' વ્યક્તિઓની કલાપ્રવૃત્તિ તરીકે ઓળખાવે છે, પરંતુ તેને કલાચિકિત્સા તરીકે અમલમાં મૂકે છે. મને લાગે છે ભારતમાં કલાચિકિત્સાની આ પ્રવૃત્તિ અલ્પ પ્રમાણમાં શરૂ થઈ છે.

હતાશા અને નિરાશા જેવી માનસિક સ્થિતિ તથા શારીરિક ખોડ-ખાંપણ જેવી સ્થિતિમાં આર્ટ થેરપી દ્વારા જે ચિત્રો સર્જાય છે અને તેમાં જે વેદના અભિવ્યક્ત થાય છે તે આપણને, આપણા સમગ્ર વ્યક્તિત્વને, હલાવી નાખે છે. અશોકભાઈ સ્વયં કહે છે કે તેઓ કોઈ જાદુગર નથી, પરંતુ આર્ટ થેરપી દ્વારા બીમાર લોકોની અને ખાસ તો પંગુ બાળકોની બીમારીમાં રાહત આપવાનું કાર્ય કરે છે. બીજા વિશ્વયુદ્ધ વેળાની પરિસ્થિતિમાં મનોભગ્ન થયેલાં લોકોની માનસિક સ્થિતિને હળવી કરવા કેટલાક મનોચિકિત્સકોએ 'આર્ટ થેરપી'નો સફળતાપૂર્વક ઉપયોગ કર્યો હતો. આવા દરદીઓને ચિત્રો, નાટકો, સંગીત જેવાં કલાનાં માધ્યમો તરફ વાળ્યા હતા. તેથી આ 'કલાચિકિત્સા'ને વૈજ્ઞાનિક માન્યતા પણ મળી.

- બંસીલાલ દલાલ

વડોદરાના, માનસિક પક્ષઘાતના દર્દી રમેશ લાલચંદ લોહાણાએ તૈયાર કરેલું એક પેન્ટિંગ



ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા પુરસ્કૃત કલાકારો



જસુભાઈ નાયક — ઊર્મિ પરીખ — ગુલામ મોહમ્મદ શેખ — વિનોદ સી. શાહ — રાઘવ કનેરિયા

જસુભાઈ નાયક


દક્ષિણ ગુજરાતમાં ગણદેવી તાલુકાના મોહનપુર ગામે ભીખુભાઈ નાયકના ગાંધીવાદી અનાવિલ પરિવારમાં જસુભાઈ નાયકનો જન્મ ૧૯ ડિસેમ્બર ૧૯૨૫માં થયો હતો. તેઓનું માધ્યમિક શિક્ષણ પૂર્ણ થતાં જ અમલસાડની હી. ધૂ. સાર્વજનિક હાઈ સ્કૂલમાં ચિત્રકાર તરીકે જોડાયા હતા. તેઓએ ૧૯૪૬થી ૧૯૬૩ દરમ્યાન જી. ડી. આર્ટ પેઈન્ટિંગ તેમજ ઉચ્ચ કલાની આર્ટ-માસ્ટરની પરીક્ષાઓ ઉત્તીર્ણ કરી.

તેમના સ્વભાવમાં પડેલી કલ્પનાશીલતા, રચનાત્મક વિચારધારા, તેમ જ ચિત્રકલા પ્રત્યેનું અનન્ય સમર્પણ તેમને નવસર્જન પ્રતિ દોરી ગયું. ચિત્રકલામાં એમણે જલરંગોમાં કરેલ તૈયાર સ્ટડી, સ્ટિલ લાઈફ, લેન્ડસ્કેપ તથા હેડ સ્ટડી એમનું આગવું પ્રદાન ગણાય. સાદી પેન્સિલ દ્વારા બોલ્ડ સ્ટ્રોક્સ તેમજ હલકા ભારે ટોન ઊભા કરવામાં તેઓએ અદ્વિતીય નિપુણતા હાંસલ કરી છે. કલાપુરુષ અને ખરા આચાર્યપદને તેઓએ આજીવન ચરિતાર્થ કર્યું છે.

સ્કેચ (ઊર્મિ પરીખ) →




ગાંધીજી (જસુભાઈ શાહ)



ઊર્મિ પરીખ

ચિત્રકલાના ઉપાસક અને સુખ્યાત કલાશિક્ષક પિતા આચાર્ય રસિકલાલ પરીખના સુપુત્રી કુ. ઊર્મિ કલાજગતમાં ખૂબ નાની ઉંમરે માનભર્યું સ્થાન પ્રાપ્ત કરી શક્યાં છે. તેઓએ મેટ્રિક પછી ડી.ટી.સી. અને પેઈન્ટિંગનો અભ્યાસ કર્યો. અમૃતા શેરગીલમાં રસ જાગૃત થતાં ઊર્મિબહેનમાં વાસ્તવદર્શી અભિગમ વિશેષ દૃઢિભૂત થયો. બ્રશટેક્નિક તેઓના સર્જનનો અગત્યનો ભાગ છે. ઘણીવાર તો તેઓના બ્રશ અને રંગો સાવ સાદા આકારોની ગોઠવણીને પણ મૌલિક અને અદ્ભુત ઓપ આપે છે. 'મસ્કયુલર ડિસ્ટ્રોફી'થી અપંગ બનેલાં ઊર્મિબહેને કદાપિ પોતાની જાતને અપંગ માની નથી. તેઓ સતત ચીતરતાં રહે છે



એક દૃશ્ય (ગુલામ શેખ)


અને બોલતાં રહે છે : 'ચિત્રાય નહીં તો જિવાય નહીં.'

ગુલામ મોહમ્મદ શેખ

ગુલામ મોહમ્મદ શેખનો જન્મ ૧૯૩૭માં સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગરમાં થયો હતો. તેઓએ ૧૯૬૧માં ફાઈન આર્ટમાં એમ.એ.ની પદવી મેળવી હતી. તેઓને અનેક શિષ્યવૃત્તિઓ અને ચિત્રકલાનાં અનેક પારિતોષિકો પ્રાપ્ત થયાં છે. શેખની જાણીતી ચિત્રકૃતિ 'સિટી ફૉર સેલ' લંડનના વિખ્યાત વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ સંગ્રહસ્થાનમાં પસંદગી પામી છે. ભારત સરકારે તેમને પદ્મશ્રીના ખિતાબથી નવાજ્યા છે. તેઓના ચિત્રોમાં રંગોનું વૈવિધ્ય રચનકલાની દૃષ્ટિએ 'પેઝમેટિક' છે. તેઓનું 'દૃશ્યકલા' પુસ્તક ખૂબ પ્રચલિત છે. તેઓએ ચિત્રકલાની અસર હેઠળ કાવ્યરચનાઓ કરેલી છે. 'અથવા' કાવ્યસંગ્રહમાં તે સંગૃહીત થયેલી છે.

વિનોદ સી. શાહ

વિનોદ સી.. શાહનો જન્મ ૨૩ સપ્ટેમ્બર ૧૯૩૪માં રાજકોટ ખાતે થયો હતો. તેઓ આધુનિક ચિત્રકારોમાં આગવું સ્થાન ધરાવે છે. તેઓ ખાસ કરીને પ્રાકૃતિક ચિત્રોમાં પ્રભુત્વ ધરાવે છે. વિનોદ શાહે ઘણાં ચિત્રપ્રદર્શનો યોજ્યાં છે. તેઓને ૧૯૬૮માં નૅશનલ ઍવૉર્ડ પ્રાપ્ત થયેલો. આવાં એકાધિક પારિતોષિકો તેમને સાંપડ્યાં છે. નવી દિલ્હી પાર્લમેન્ટ હાઉસમાં




ખુરશીમાં (વિનોદ શાહ)

તેમનું ભીંતચિત્ર પ્રદર્શિત થયેલું છે.

રાઘવ કનેરિયા

રાઘવ કનેરિયાનો જન્મ રાજકોટ જિલ્લાના ભિલોડી ગામમાં થયો હતો. વડોદરાના એમ. એસ. યુનિવર્સિટીના ફાઈન આર્ટ્સ વિભાગમાં શિલ્પકલાનો અભ્યાસ કરીને શિલ્પી બન્યા. શિલ્પના ડિપ્લોમામાં પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થયા. ત્યાર બાદ પરદેશમાં પણ તેઓએ શિલ્પનો અભ્યાસ કર્યો. તેઓને આંતરરાષ્ટ્રિય અને રાષ્ટ્રિય પુરસ્કારો પણ પ્રાપ્ત થયા છે. યુનેસ્કો ફોટો હરીફાઈનું સર્વોચ્ચ પારિતોષિક ૧૯૮૨માં તેમને મળ્યું હતું. તેઓએ શિલ્પ અને છબિકલાનો સમન્વય કર્યો છે.

પશુ (રાઘવ કનેરિયા)



અતીતમાં અવગાહન

શિવાજીની તલવાર



શિવાજીના પૌત્ર શાહુ મહારાજને બાદશાહ પાસેથી તે પાછી મળી. શિવાજીના વીરત્વને યાદ આપતી આ તલવાર સને ૧૮૨૭ સુધી શિવાજીનાં વંશજો પાસે અમૂલ્ય અવશેષ તરીકે હતી એ વાત નિઃસંશય છે. પણ ત્યાર પછી એ તલવાર ક્યાં અને કોના પાસે ગઈ તે સંબંધી ઘણા વિદ્વાનો વચ્ચે મતભેદ છે.

કેટલાક ઇતિહાસવેત્તાઓ એમ માને છે કે કોલ્હાપુર નરેશની કુળદેવી ભવાનીના મંદિરમાં જે તલવાર છે તે જ શિવાજીની ભવાની તલવાર છે. આ તલવાર જોકે શિવાજીની તલવારને ઘણી રીતે મળતી આવે છે ખરી, પણ તેના પર કોતરાએલા અક્ષરો 'सरकार राजा शाहु छत्रपतिकड' બતાવે છે કે એ શિવાજીની નહિ પણ તેમના પૌત્ર રાજા શાહુની છે.

બીજી વાત એમ ચાલે છે કે કોલ્હાપુર - નરેશે એ તલવાર બાદશાહ એડવર્ડને ભેટ આપેલી અને અત્યારે તે લંડનના બ્રિટિશ મ્યૂઝિઅમમાં છે. આ સંબંધમાં મ્યૂઝિઅમમાં અમારી પાસે શિવાજીની અસલ ભવાની તલવાર કે વાઘનખ નથી.' એમ કહે છે.

પૂનાવાળા ખાનબહાદુર બમનજી ડી. પદમજી પાસે જે તલવાર છે તે અસલ ભવાની તલવાર હોવાનું કેટલાક વિદ્વાનો સિદ્ધ કરે છે. સને ૧૯૧૨માં મુંબાઈના મિ. ડી. પી. મૂસે તેમના શસ્ત્રપરીક્ષકને એક તલવાર સાફ કરવા માટે આપી હતી. સાફ કરતાં ધાર પર કોતરાએલા સોનું ભરેલા અક્ષરો અને બીજા ચિહ્નો સ્પષ્ટ દેખાયાં. ધાર પર દેવનાગરી લિપિમાં 'छत्रपति महाराजा शिवाजी' એમ કોતરેલું છે. અત્યારની મહારાષ્ટ્રની લિપિથી આ અક્ષરો ઘણી રીતે જુદા પડે છે અને ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટવાળા ડૉ. એસ. કે. બેલવેલકરે એ અક્ષરો શિવાજીના સમયના હોવાનું સાબિત કર્યું છે.

એ તલવારની ધારની ડાબી તથા જમણી બાજુએ બીજના ચંદ્ર જેવાં બે સુશોભનો કોતરેલાં છે તે એમ બતાવે છે કે શિવાજી મહારાજની આણ પૂર્વ તથા પશ્ચિમના સઘળાઓમાં હતી. ધાર પર ચંદ્રની વધઘટ પામતી કળા જેવાં કેટલાંક ગોળ તથા અર્ધગોળ વર્તુળો છે. તે શિવાજીનાં ગુપ્ત ચિહ્નો હોવાનું મનાય છે. શિવાજી મહારાજે રાજા જયસિંહ પર લખેલા એક પત્રમાં આ ચિહ્નો વિષે ઉલ્લેખ છે. એ પત્રમાં શિવાજી લખે છે કે, 'જો આપને આ પત્રની કંઈ અસર ન થાય તો મારી આ તલવારથી આપના લશ્કરનો સામનો કરવા હું તૈયાર છું. આવતી કાલે જે ઘડીએ સૂર્ય સંધ્યાનાં ઘેરાં વાદળાંઓમાં સંતાઈને આથમી જશે ત્યારે મારી તલવારનો બીજચંદ્ર ઝળહળી ઊઠશે. ઈશ્વર આપનું કલ્યાણ કરો. અસ્તુ.' શિવાજીએ પત્રમાં તલવાર માટે 'બીજચંદ્ર'નું રૂપક બે અર્થમાં યોજેલું હતું. એક તો તલવારની વળાંક લેતી ધાર માટે અને બીજું ધાર પર ચંદ્રાકારે કરેલાં આ સુશોભનો માટે.

આ તલવાર મગરિબ નામના ઊંચા પોલાદની બનાવેલી છે અને તેગની જાતની છે. તેની વચ્ચેના ભાગમાં પહોળા પાનાવાળી ધાર સારી પેઠે વળાંક લે છે. નીચેની અણીથી નવ ઇંચ સુધી આ તલવાર બેધારી છે અને પછી સળંગ એકધારી છે. છેડેથી મૂઠ સુધી માપતાં તેની લંબાઈ બે ફૂટ સાડા ચાર ઇંચ થાય છે અને પહોળાઈ વધારેમાં વધારે ત્રણ ઇંચની છે. મૂઠ પર સોનેરી ફૂલોની સુંદર નકશી કરેલી છે.

આ તલવાર કોઈ એક વ્યક્તિની સંપત્તિ નહિ પણ આખા રાષ્ટ્રમાં શિવાજીના પરાક્રમોનો પડકાર કરતી મહાશક્તિ છે.

(સળંગ અંક ૧૫૦)

- રાયસિંહજી કા. રાઠોડ

જાદુગરનો હાથરૂમાલ અને જાદુઈ સીટી

ખેલ ચાલુ છે. સ્વાભાવિક જ જાદુગર ખિસ્સામાંથી રૂમાલ કાઢી મોં લૂછે છે અને જાણે નકામા કાગળનો ડૂચો ફેંકી દેતો હોય તેમ અથવા તો રૂમાલની જાણે એને કંઈ ફિકર જ નથી એ રીતે એ એને નીચે ફેંકે છે. પ્રેક્ષકોને તેની આ બધી નાટકીય અદાઓમાં કશું અસ્વભાવિક નથી લાગતું. પણ પછી એકાએક તેમને ખ્યાલ જાય છે કે પેલો ફેંકાએલો રૂમાલ જેવો તખ્તા પર પડ્યો કે તુરત જ ઊછળીને પાછો જાદુગર તરફ આવે છે. ને તદ્દન સ્વાભાવિક હોય એ રીતે જાદુગર તેને પાછો ઝીલી લઈ પોતાના



ખિસ્સામાં મૂકી દે છે. પોતાના મુખ્ય કાર્યક્રમોની યુક્તિપ્રયુક્તિઓ વિશે કંઈ વિચારવાની તક પ્રેક્ષકોને મળે જ નહિ એટલા સારુ તે આવા આડખેલો કર્યે જ જાય છે.

હવે આ આડખેલનું રહસ્ય જોઈએ. તેણે માત્ર રૂમાલ સાથે રબ્બરના એક દડાને સીવી રાખેલો હોય છે, એવી સિફતથી કે દૂર બેઠેલા પ્રેક્ષકોને તે દેખાય નહીં. ફેંકતી વખતે જાદુગર રૂમાલનો પણ એવો ડૂચો વાળે કે અંદર વીંટાએલા દડાનો ખયાલ આવે જ નહીં. એવો જ બીજો આડખેલ છે જાદુઈ સીટીનો. દોરી પર લટકતી સીટી જાદુગરના કહેવાથી આપોઆપ વાગતી પ્રેક્ષકો જુએ છે. હકીકતે જે સીટી તેઓ જુએ છે એ વાગતી નથી, પણ જાદુગરે પોતાના કોટમાં છુપાવેલી સીટી વાગે છે. એ માટે એ બગલમાં એક દડો રાખે છે. એ દડો દબાવે એટલે એની સાથે જોડેલી સીટી વાગે. પ્રેક્ષકો સમજે કે દોરી પર લટકતી સીટી વાગી રહી છે. (સળંગ અંક ૪૩૮) પશુતાન

અનુસંધાન] પોસ્ટકાર્ડ [પૃ. ૩૧૬થી

સરનામા માટે અડધી જગ્યા પૂરતી છે. માટે બાકીની અડધી જગ્યાનો ઉપયોગ પત્રલેખન કરવા માટે છૂટ આપવી જોઈએ.

આકારમાં મોટું થયું

બ્રિટિશ સરકારે એકદમ તો આ સૂચનનો સ્વીકાર ન કર્યો. પરંતુ ૧૯૧૨માં કિંગ જ્યોર્જ પંચમની તસવીર ધરાવતા નવા કાર્ડ બહાર પાડ્યા ત્યારે તેની નવી ડિઝાઈનમાં જે કેટલાક મહત્ત્વપૂર્ણ ફેરફારો થયા તેમાં ઉક્ત સૂચનનો પણ અમલ કરવામાં આવ્યો. સાથે પોસ્ટકાર્ડનો આકાર પણ પહેલાં કરતાં મોટો (અર્થાત્ ૧૩૯ × ૮૯ મિલિમીટરના વર્તમાન માપનો) કરવામાં આવ્યો.

રાખોડી છાંટ સાથે આસમાની ડિઝાઈન ધરાવતા આ ખૂલતા પીળા રંગના કાર્ડનો છાપેલો ભાગ બે ભાગોમાં વિભાજિત હતો. ડાબી બાજુના અડધા ભાગ પર 'રાઈટિંગ સ્પેસ' (લખાણની જગ્યા) અને જમણી બાજુના બીજા અડધા ભાગ પર 'એડ્રેસ ઓન્લી' (માત્ર સરનામું) એવી સૂચના છાપેલી રહેતી.

આમ, કાર્ડનો આકાર મોટો થતાં અને આગળની બાજુએ પણ વધારાની અડધી જગ્યા મળતાં લખાણ માટે અગાઉ ૯૦ ચોરસ મિલીમીટરના સ્થાને હવે બમણી એટલે કે ૧૮૦ ચો.મિ.મી. જગ્યા મળવા લાગી! બીજા શબ્દોમાં, સરનામા માટે ૧/૪ ભાગ અને બાકીનો ૩/૪ ભાગ (જેમ આજે છે તેમ) સંદેશ લખવા માટે રખાયો.

પ્રથમવાર કિંમત વધી

કાર્ડ પ્રથા દાખલ થયાનાં ૪૨ વર્ષોના વિક્રમરૂપ સમયગાળા બાદ પ્રથમવાર ૧૯૨૧માં (૨૪મી એપ્રિલે) તેની કિંમત વધારીને બમણી કરવામાં આવી અને પા આનામાંથી તેનું મૂલ્ય અડધો આનો (બે પૈસા) કરવામાં આવેલું. ત્યારબાદ ૧૯૨૫માં નીકળેલા કાર્ડ લીલા રંગના હતા.

૧૯૩૨માં (૧૫મી ફેબ્રુઆરીના) પુનઃ કાર્ડની કિંમત વધારીને અડધા આનામાંથી ૯ પાઈ (પોણો આનો અર્થાત્ ત્રણ પૈસા) કરવામાં આવી. ત્યારે તેના પર ઘાટા લીલા રંગમાં કોટ-ઓફ-આર્મ્સની નવી ડિઝાઈન મુકાઈ. તો, ૧૯૩૫માં આ રાજચિહ્ન વિનાનાં કાર્ડ પ્રસિદ્ધ કરવામાં આવેલાં.

૧૯૩૯માં કિંગ જ્યોર્જ છઠ્ઠાની છબીવાળાં કાર્ડ કાઢવામાં આવ્યાં. ત્યારબાદ ૧૯૪૧માં નીકળેલા કાર્ડની સ્ટેમ્પ-ડિઝાઈનમાં ફેરફાર કરવામાં આવ્યો. રંગીન પૃષ્ઠભૂમિ કાઢી નાખવામાં આવી અને કાર્ડની ટિકિટ ઘેરા લીલા (ડાર્ક ગ્રીન)માંથી ચળકતા લીલા (બ્રાઈટ ગ્રીન) રંગમાં મુદ્રિત થઈ હતી. (ક્રમશઃ)

ચૌ તી સા

જ્યોતિ ભટ્ટ

દસેક વરસ પહેલાં રાજસ્થાનનાં ગામડાંમાં માંડણાં નામે ઓળખાતાં લોકકલાસ્વરૂપોના અભ્યાસાર્થે ફરવા જવાનું થયેલું. ત્યાં ઘરઆંગણે દોરવામાં આવતાં રંગોળીનાં તથા ભીંત પર દોરવામાં આવતાં શોભનસ્વરૂપો માંડણાં કહેવાય છે. ફરતાં ફરતાં કેટલાંક સ્થળે ઘરના પ્રવેશદ્વારની બાજુમાં ભીંત ઉપર 'જાદુઈ ચોરસ' દોરેલા જોવા મળ્યા. ભલે મોર, પોપટ, હાથી, ઘોડા જેવાં પરંપરાગત તથા લોકપ્રિય સ્વરૂપોને સ્થાને તો નહીં, પરંતુ સાથોસાથ આ ચોરસ શા માટે દોરવામાં આવે છે એવો પ્રશ્ન પૂછતાં જાણવા મળ્યું કે, ગ્રામવાસીઓ એ ચોરસના અંકોમાં જાદુઈ, દૈવી શક્તિ સમાયેલી છે એવું માને છે અને તેથી ઘરની ભીંત પર 'ચૌતીસા' નામે ઓળખાતો એ ચોરસ દોરવાથી ઘરની વ્યક્તિઓ, ઢોર-ઢાંખર તથા સંપત્તિ માટે શુકનિયાળ નીવડે છે.

મહદ્ અંશે નિરક્ષર ગ્રામવાસીઓ અંકોની અટપટી રચના કેવી રીતે ભૂલ કર્યા વિના દોરી શકતા હશે એ મારા અચરજનું નિવારણ તેમણે જ કરી આપ્યું. શક્ય હોય તે પ્રમાણે પ્રાસ અને વર્ણસગાઈની લોકગીતોમાં જોવા મળતી તરકીબોના ઉપયોગથી ડાબી બાજુ ઉપરના ખાનાથી શરૂ કરી બીજી, ત્રીજી અને છેલ્લી હરોળના જમણી તરફના અંત સુધીના અંકોને સમાવી લેતું જોડકણું તેઓ બનાવીને યાદ રાખે છે. તહેવાર કે વિવાહ જેવા શુભ પ્રસંગે 'ચૌતીસા' દોરવામાં આવાં જોડકણાં ઉપયોગી થાય છે. તે જોડકણાનું સ્વરૂપ કંઈક આવું હોઈ શકે :

એક શે'રમાં ચૌદ ચબૂતરા, ચાર ચકલાં ને પંદર પારેવડાં,
આઠ આવિયા ને ગિયા અગિયાર, પંચે પકડ્યા દસ દરવાન,
તેર તલવાર ને બંધૂક બે, સોળ સુંદરીમાં કુંવારી ત્રણ,
બાર બજાણિયાની સાળાવેલી સાત, નવ નારી છેલછબીલી છ.

ગામડામાં ઘરની ભીંતો પર મલેરિયા, શીતળા જેવા રોગચાળા અટકાવવા ડી.ડી.ટી. છાંટવા આવેલ સરકારી કર્મચારીઓ તારીખ વગેરે આંકડાઓનું ચિતરામણ કરી જતા હોય છે. પરંતુ આડેધડ લખેલા એવા આંકડાની સરખામણીમાં ગ્રામજનો પોતે જાદુઈ ચોરસ એવી રીતે દોરે છે તથા ક્યારેક વિવિધ રંગોથી સજાવે છે કે તે ઘરની શોભામાં વૃદ્ધિ કરતું દૃશ્ય સ્વરૂપ બની રહેતું હોય છે.

જાદુઈ ચોરસ અંગે વધુ જાણકારી મેળવવા પ્રયત્ન કરતા માર્ટિન ગાર્ડનરનું 'More Mathematical Puzzles and Diversions' નામનું પુસ્તક જોવા મળ્યું. તેમાં જાદુઈ ચોરસની લાક્ષણિકતા અંગે આપેલી વિગતનો સંબંધ રાજસ્થાની ચૌતીસા સાથે બરાબર બંધ બેસે છે. હવે પછીનું લખાણ ગાર્ડનરના ઉપરોક્ત પુસ્તકના આધારે થયું છે.

સૌથી જૂનો કહી શકાય તેવો ચાર × ચાર ખાનાંનો જાદુઈ ચોરસ ૧૧મી સદીના, ખજુરાહોના મંદિરના કોતરકામમાં જોવા મળ્યો છે. ભારતીય મૂળ ધરાવતી આ માહિતી આરબો દ્વારા યુરોપ પહોંચી. સોળમી સદીના ડ્યુરર નામના વિખ્યાત યુરોપીય કલાકારે તેની જગપ્રસિદ્ધ એન્ગ્રેવિંગની છાપ 'મેલેંકોલિયા'માં ૧૬ ખાનાંવાળો અંકચોરસ પણ સમાવ્યો છે.

રાજસ્થાનના ચૌતીસાનું સ્વરૂપ 'કુમાર'ના ૧૯૯૬ના નવેમ્બરના અંકમાં છપાયેલ 'ચોરસ' કરતાં જરા જુદું છે. એને માટે જાદુઈ ચોરસ શબ્દપ્રયોગ વધુ યોગ્ય ઠરે છે. આમ કહેવાનું કારણ એ કે 'ચૌતીસા'માં ચાર આડી, ચાર ઊભી અને બે ત્રાંસી

રાજસ્થાનનો ચૌતીસા

૧	૧૪	૪	૧૫
૮	૧૧	૫	૧૦
૧૩	૨	૧૬	૩
૧૨	૭	૯	૬

ચિત્ર ૧ : રાજસ્થાનનો ચૌતીસા

	૧૪	૪	૧૫•
૮•		૫	૧૦
૧૩	૨•		૩
૧૨	૭	૯•	

ચિત્ર ૨ : 'તૂટેલી' કર્ણરેખા

← કાળા ખાનાવાળી મુખ્ય કર્ણરેખાની બન્ને તરફ આવેલી 'તૂટેલી' કર્ણરેખાઓના અંકો નીચે પ્રમાણે જોડાય છે :

૧. સફેદ ખાનામાં
૧૨, ૧૪, ૫, ૩
૨. ગ્રે-શેડેડ-ખાનામાં
૧૩, ૭, ૪, ૧૦
૩. ટપકું કરેલ સફેદ ખાનામાં
૧૫, ૮, ૨, ૯

	ક	ખ	ગ	ઘ
અ	૧	૧૪	૪	૧૫
આ	૮	૧૧	૫	૧૦
ઈ	૧૩	૨	૧૬	૩
ઉ	૧૨	૭	૯	૬

ચિત્ર ૩

	ખ	ગ	ઘ	ક
અ	૧૪	૪	૧૫	૧
આ	૧૧	૫	૧૦	૮
ઈ	૨	૧૬	૩	૧૩
ઉ	૭	૯	૬	૧૨

ચિત્ર ૪

	ખ	ગ	ઘ	ક
આ	૧૧	૫	૧૦	૮
ઈ	૨	૧૬	૩	૧૩
ઉ	૭	૯	૬	૧૨
અ	૧૪	૪	૧૫	૧

ચિત્ર ૫

એમ એ દસેય હરોળોમાં આવેલા ચાર ચાર અંકોનો સરવાળો તો ચોત્રીસ થાય જ છે, પરંતુ પાસે પાસે આવેલાં કોઈ પણ ચાર ખાનાંઓથી બનતા ચોરસના અંકોનો સરવાળો પણ ચોત્રીસ થાય છે. સોળ ખાનાંના ચોરસમાં ચાર ખાનાં ધરાવતા નવ ચોરસ થાય છે.

વળી, 'ચૌતીસા'માં મુખ્ય બે કર્ણરેખાઓના ચાર ચાર અંકોનો સરવાળો ૩૪ થાય છે એ તો આપણે જાણીએ છીએ. પરંતુ તે ઉપરાંત મુખ્ય કર્ણરેખાની બન્ને તરફ ચારથી ઓછાં ખાનાં ધરાવતી 'તૂટેલી' કર્ણરેખાઓ પણ બને છે. એમાંથી ૧ + ૩ અને ૨ + ૨ ખાનાં જોડવાથી બની શકતી આઠ કર્ણરેખાઓના ચાર-ચાર અંકોનો સરવાળો પણ ૩૪ જ થાય છે. આ પ્રમાણે 'ચૌતીસા'ના આ સાથે રજૂ કરેલ સ્વરૂપમાં ઉપરોક્ત જુદા જુદા ૨૭ પ્રકારે એકબીજા સાથે સંબંધિત બધા જ ચાર-ચાર અંકોનો સરવાળો ૩૪ થાય છે. આટલું જોયા પછી જો એમ લાગે કે આથી વધારે કોઈ પણ રીતે આ જાદુઈ ચોરસ 'ચૌતીસા'માં પાસેપાસેના કે એક રેખામાં સ્થાન ધરાવતા ચાર અંકોનો સંબંધ જોડવો શક્ય નથી તો તે સ્વાભાવિક છે. પણ ના ! એવું નથી.

ચિત્ર ૩-૪-૫માં દોરેલા ચૌતીસામાં ડાબેથી જમણી તરફ ઊભી હરોળ (સ્તંભ-કોલમ)ને ક, ખ, ગ, ઘ અને ઉપરથી નીચે આડી હરોળને અ, આ, ઈ, ઉ એ પ્રમાણે ઓળખ આપી છે. આમાંથી કોઈ પણ છેડે આવેલા એક કે બે સ્તંભ અથવા હરોળને કાપીને સામી તરફ જોડી શકાય. એમ કરવાથી નવી નવી અંક ગોઠવણી થઈ શકે. નવી ગોઠવણીમાંથી પણ ઉપર પ્રમાણે સ્તંભ કે હરોળનું સ્થાન બદલી શકાય. આ પ્રમાણે થાકીએ નહીં ત્યાં સુધી નવી નવી ગોઠવણી શક્ય છે એમ તો ન કહી શકાય, પરંતુ માર્ટિન ગાર્ડનરે આપેલી માહિતી પ્રમાણે ૪૮ જુદી જુદી ગોઠવણી થઈ શકે છે. આ દરેક ગોઠવણીમાં ચોરસની 'જાદુઈ' લાક્ષણિકતા જળવાઈ રહે છે. જો આવર્તન (રોટેશન) તથા પરાવર્તન (રિફ્લેશન) દ્વારા શક્ય ગોઠવણીને ગણી લઈએ તો આવા જાદુઈ ચોરસની સંખ્યા ૪૮ને બદલે ૩૮૪ થાય છે!

હરોળ કે સ્તંભનાં સ્થાન બદલવાથી નવી રચના થાય છે તેમ એક અન્ય રીતે પણ અંકોની ગોઠવણી બદલી શકાય છે. ચિત્ર ૬માં બે ચોરસ દોર્યા છે. તેમાં પહેલામાં ક થી ધ સુધીના વર્ણાક્ષરોને ચાર ચારના સમૂહમાં આડી હરોળમાં ગોઠવ્યા છે. બીજા ચોરસમાં એ અક્ષરોને જુદી રીતે ગોઠવ્યા છે. આ નવી ગોઠવણીમાં જણાવ્યા પ્રમાણે ચૌતીસાના અંકો બદલવાથી બનતો નવો ચોરસ પણ ચૌતીસાનાં બધાં જ લક્ષણો ધરાવે છે.


અંક-આયોજનની આવી માયાજાળ ધરાવતા ચતુષ્કોણને ભલે માર્ટિન ગાર્ડનર જેવા પાશ્ચાત્ય ગણિતજ્ઞો દાનવી (ડાયાબોલિક) કહે, પરંતુ રાજસ્થાનના ભલાભોળા ગ્રામવાસીઓ દૈવી ગણે અને સ્વરક્ષણ-સ્વહિતની ભાવનાથી પોતાના ઘરની ભીંત પર તેને સ્થાન આપે છે એ હકીકત હવે નવાઈ નહીં પમાડે. પ્રાચીન ભારતના ગણિત સહિત અનેક શાસ્ત્રોનું જ્ઞાન લોકસ્તર સુધી વિવિધ સ્વરૂપે પહોંચી શક્યું છે તેવી ધારણાનું ચૌતીસા પુષ્ટિ આપતું દૃષ્ટાંત છે. □

ક	ખ	ગ	ઘ
ચ	છ	જ	ઝ
ટ	ઠ	ડ	ઢ
ત	થ	દ	ધ

ક	ઘ	ઝ	ચ
ખ	ગ	જ	છ
થ	દ	ડ	ઠ
ત	ધ	ઢ	ટ

ચિત્ર ૬

હરોળ-૧ / હરોળ-૨



હરોળ-૪ / હરોળ-૩

પ્રસંગપરાગ

ઉસ્તાદ અલાઉદ્દીનખાં

વિએના, પૅરિસ, પ્રાગ, બુડાપેસ્ટ ઇત્યાદિ શહેરોમાં સંગીત અને કળા પ્રત્યે અભિરુચિ વિશેષ નજર આવી. આ દરેક શહેરમાં સંગીત માટે ખાસ અલગ હૉલ હતા. હૉલ પણ એવા હોય કે ક્યાંય પણ બેઠેલા શ્રોતાને સંગીતના સૂક્ષ્મ સ્વર પણ બરાબર સંભળાય. વળી, એક એક હૉલ દશ-બાર હજાર શ્રોતાઓનો સમાવેશ કરી શકે એવો! ગાયન-વાદન શરૂ થાય કે તરત જ ચોતરફ ખામોશી છવાઈ જાય. પ્રકાશની એક હલકી સેર મારા પર પડતી. આખું થીએટર એવું શાંત થઈ જતું કે જાણે હું હિમાલયની ગુફામાં બેસી વગાડી રહ્યો છું! કાર્યક્રમ સમાપ્ત થતાં જ હૉલ તાળીઓના ગડગડાટથી ગાજી રહે. ફરમાઈશ થતી. પછી પણ અવાજ ઊઠતા : હજુ પણ વગાડો! આવા શ્રોતાઓની સમક્ષ વાદન કરવું તથા એમની સાથે વાતો કરવામાં મને ખૂબ ઉત્સાહ આવતો. પૂરી તન્મયતાથી હું વગાડતો. મારી જાતને વીસરી જતો. આવું તો મેં ભારતમાં પણ ક્યાંય વગાડ્યું નથી. મારું કાષ્ઠનું નિર્જીવ વાદ્ય સજીવ થઈ ઊઠતું. યુરોપના શ્રોતાઓ સમક્ષ કાર્યક્રમ આપવામાં મને જે આનંદ મળ્યો છે એવો આનંદ ક્યાંય નથી મળ્યો.

એક દિવસ હોટેલમાં કેટલીક યુરોપિયન અને અમેરિકન યુવાપેઢીઓ મળવા આવી. એમને સરોદ સાંભળવું હતું. અમેરિકન યુવતીઓ ભારે ચિબાવલી! ભારતીય સંગીત સાંભળવું એ ફૅશન ગણાતી! અમેરિકા પાછી જાય ત્યારે અમે આવું ઓરિએન્ટલ મ્યૂઝિક સાંભળ્યું છે એવું કહેવા પૂરતું સાંભળવાની ઇચ્છા હોય એમ મને લાગ્યું. બપોરના ત્રણ વાગ્યાનો સમય હતો. જરા ખીજમાં મેં ભીમપલાસ રાગ વગાડવો શરૂ કર્યો. શરૂઆત કરતાં જ મને સમજાયું કે આ બધી એવી યુવતીઓ ન હતી. બેહદ મન લગાવીને એક એક સ્વર સાંભળી, જાણે સ્વરોની અંદર ઊતરી જવા ન માગતી હોય! બહુ સારું લાગ્યું. મેં પણ ત્રણ કલાક સુધી મન લગાવીને વગાડ્યું. છ વાગ્યે મેં આંખ ખોલી તો બધી છોકરીઓ એમના સ્થાને ચૂપચાપ બેઠી હતી, અને દરેકની આંખમાંથી આંસુઓની ધારા વહી રહી હતી. જાણે એમનું મૂક રુદન ક્યારે ય અટકશે જ નહીં! એમનો કંઠ ભરાઈ ગયો હતો. કોઈ કાંઈ બોલી શકી નહિ. બીજી જ ક્ષણે બધી યુવતીઓ દોડી આવી મને વળગી પડી, મારું મસ્તક ચૂમવા લાગી!

મુક્ત અનુવાદ : રમેશ બી. શાહ

'કુમાર'ના જૂના અંકો

નીચે જણાવેલા અંકોની જૂજ નકલો સિલકમાં છે. વહેલો તે પહેલો એ ધોરણે તે અપાશે.

- સળંગ અંક ૬૧૬, ૬૨૭, ૬૨૮, ૬૨૯, ૬૩૦, ૬૩૩, ૬૩૫, ૬૪૦, ૬૪૫, ૬૫૩, ૬૫૪, ૬૫૫, ૬૫૬, ૬૫૭, ૬૫૯, ૬૬૦, ૬૬૧, ૬૬૨, ૬૬૩, ૬૬૪, ૬૬૫, ૬૬૬, ૬૬૭, ૬૬૮, ૬૬૯, ૬૭૬, ૬૭૭, ૬૭૮, ૬૭૯, ૬૮૦, ૬૮૧, ૬૮૨, ૬૮૩, ૬૮૪, ૬૮૫, ૬૮૬, ૬૮૭, ૬૮૮, ૬૮૯, ૬૯૦, ૬૯૧, ૬૯૨, ૬૯૩, ૬૯૬ (પ્રત્યેકની કિંમત રૂ. ૨-૫૦).
- સળંગ અંક ૬૫૮, ૬૭૦, ૬૯૭, ૬૯૮, ૬૯૯, ૭૦૧, ૭૦૨, ૭૦૫, ૭૦૬, ૭૦૭-૮, ૭૦૯, ૭૧૦, ૭૧૧-૧૨, ૭૧૩, ૭૧૪, ૭૧૫, ૭૧૬, ૭૧૭-૧૮, ૭૨૦, ૭૨૧, ૭૨૨, ૭૨૩, ૭૨૪, ૭૨૫, ૭૨૬-૨૭, ૭૨૮, ૭૨૯, ૭૩૨ (પ્રત્યેકની કિંમત રૂ. ૩-૦૦).
- સળંગ અંક ૭૩૩, ૭૩૪, ૭૩૫-૩૬, ૭૩૭-૩૮, ૭૩૯, ૭૪૦, ૭૪૧-૪૨, ૭૪૩-૪૪, ૭૪૫, ૭૪૬, ૭૪૭-૪૮, ૭૪૯-૫૦, ૭૫૧ (પ્રત્યેકની કિંમત રૂ. ૪-૦૦).
- સળંગ અંક ૭૫૨, ૭૫૩, ૭૫૪ (પ્રત્યેકની કિંમત રૂ. ૬-૦૦).
- સળંગ અંક ૭૫૬, ૭૫૭, ૭૫૮, ૭૫૯, ૭૬૦, ૭૬૧, ૭૬૨, ૭૬૩, ૭૬૪, ૭૬૫, ૭૬૬, ૭૬૭, ૭૬૮, ૭૬૯, ૭૭૦, ૭૭૧, ૭૭૨, ૭૭૩, ૭૭૪, ૭૭૫, ૭૭૫, ૭૭૬, ૭૭૭, ૭૭૮, ૭૭૯ (પ્રત્યેકની કિંમત રૂ. ૮-૦૦).
- સળંગ અંક ૭૮૦-૮૧, ૭૮૨, ૭૮૩, ૭૮૪, ૭૮૫, ૭૮૬, ૭૮૭, ૭૮૮, ૭૮૯, ૭૯૦, ૭૯૧, ૭૯૨, ૭૯૩, ૭૯૪, ૭૯૫, ૭૯૬, ૭૯૭, ૭૯૮, ૭૯૯, ૮૦૧-૨, ૮૦૩, ૮૦૪, ૮૦૫, ૮૦૬, ૮૦૭, ૮૦૮, ૮૦૯, ૮૧૦, ૮૧૧, ૮૧૨, ૮૧૪, ૮૧૭, ૮૨૧, ૮૨૨, ૮૨૩. (પ્રત્યેકની કિંમત રૂ. ૧૦-૦૦).

ઉપરના દરેક અંકનું રવાનગી ખર્ચ રૂ. ૨, પાંચ અંક અથવા તેથી વધુ મંગાવનારે પ્રત્યેક અંક દીઠ રવાનગી ખર્ચ રૂ. ૧ ઉમેરવું.

- સળંગ અંક ૮૦૦ (કિંમત રૂ. ૫૦ + રવાનગી ખર્ચ રૂ. ૫ મળી કુલ રૂ. ૫૫-૦૦)

રકમ માત્ર મનિ ઑર્ડરથી કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે મોકલવી.

સાહિત્યસંપર્ક

મેઘનાદ ભટ્ટ, સ્વ.



સુરત જિલ્લામાં આવેલા ઓલપાડ પાસેના રાવણદેવ ગામે મેઘનાદ હ. ભટ્ટનો તા. ૨૪-૧૦-૧૯૩૫ના રોજ જન્મ થયો હતો. તેઓ મુંબઈમાંથી વાણિજ્યના સ્નાતક થઈને ત્યાં જ સ્થિર થયા હતા. મફતલાલ ગ્રૂપના એકાઉન્ટ ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવતાં બજાવતાં કાવ્યસર્જન તરફ વળ્યા હતા. પિતા હરિશ્ચંદ્ર ભટ્ટના કાવ્યસંસ્કારો તેમને વારસામાં મળ્યા હતા. એકાઉન્ટ ખાતામાં નોકરી કરતાં કરતાં મજૂર કામદારોની સમસ્યાઓ પર તેમની ખાસ દૃષ્ટિ રહી હતી. સામાજિક ચિંતનમાં માનવ-અસ્તિત્વને સમજવાની તાકાત તેમણે કેળવી હતી. માટે જ એમના એક કાવ્યસંગ્રહમાં એમણે કહ્યું છે : "કવિતા મારે માટે જીવનનું એક 'કમિટમેન્ટ,' પ્રતિજ્ઞાકર્મ છે, રહેશે."

મેઘનાદ ભટ્ટનો પ્રથમ કાવ્યસંગ્રહ 'છીપલાં' અને લઘુનવલ 'અમથાનુભવ' ૧૯૮૦માં પ્રકટ થયાં હતાં. 'છીપલાં' નામકરણથી એમની મૃદુતા અને વિવેકવૃત્તિનો પરિચય મળી આવે છે. એમાં તમામ કાવ્યકૃતિઓ છીપલાં જેવી વિવિધરંગી અને વિવિધ આકારવાળી છે. બાલસહજ લીલાનું પ્રકટીકરણ જોવા મળે છે, પરંતુ એનો નાદ તો પ્રચંડ મેઘના નાદ જેવો છે. એમાં કોઈ વાદ ચુસ્તપણે જોવા મળતો નથી. માલિક અને નોકર વચ્ચેનો ભેદ તેમ જ નોકરના લોહીપ્રસ્વેદથી ચાલતી પેઢીનું ચિત્રાંકન 'છીપલાં'માં માણવા જેવું છે. (નરભેરામ ઉર્ફે મગનલાલ છગનલાલની પેઢીના એક નામાંકિત મહેતાજી) :

"નરભેરામ
ભાયગવાનના ભાયગનું રળે જે
ભૂત
તેના તમે તો ધરમના સપૂત.
મહેતાજી નરભેરામ,
શેઠની લાખેણી પેઢીના તમે તો
તાતા તારણહાર,
તમને તો લાખ લાખ સલામ.
નરભેરામ
તમને તો લાખ લાખ જુહાર!"

જન્મે બ્રાહ્મણ, વિદ્યાભ્યાસે વાણિજ્ય ઉપાસક અને કર્મક્ષેત્રે સતત અન્યાય સામે ઝઝૂમતા ક્ષત્રિય જેવો ત્રિવેણી સંગમ! માર્ક્સ અને ગાંધીજીની ફિલસૂફીનો વ્યવહારુ સંગમ કરીને પોતાનો જીવનમંત્ર ઘડનાર સફળ ટ્રેડ યૂનિયન લીડર! પરંતુ આ બધાંની વચ્ચે પોતાની આગવી અભિવ્યક્તિ લઈને ટોળામાં પણ નોખા તરી આવતા હતા.

યાતનાસભર એક પ્રતિબદ્ધ કાવ્યમાં વિવિધ મિથ (પૂરા કલ્પન)નો ઉપયોગ કરતાં તે કહે છે :

'કોઈ હેલન ઓફ ટ્રોય
સીતા
કે દ્રૌપદી માટે
યા સોય જેટલી જમીન માટે
અમારા દાદા પરદાદામાંથી
કોઈ હણાયું હોય
કે ફાંસીના માંચડે કાંટાળા તાજમાં
યા
ઝેરનો પ્યાલો પીતાં પીતાં
યા
બંદૂકની ગોળી ખાઈ
અમારે માટે કોઈએ આંસુ સાર્યા
હોય તો તે અમને યાદ નથી.'

'અમથાનુભવ' લઘુનવલમાં જીવનના ખાલીપણાની અને અમાનવીકરણની વાત થઈ છે. 'સ્પાઈડરમેન' (શોકાંતિકા) અને 'મલાજો' (કાવ્યસંગ્રહ), ૧૯૮૭માં પ્રકાશિત થયાં હતાં. એમનો 'શંખઘોષ' વિવેચનસંગ્રહ ૧૯૯૧માં પ્રકાશિત થયો હતો. ૧૯૯૪માં 'અમથાભરણ' નામક કાવ્યસંગ્રહ પ્રકાશિત થયો હતો. આ પછી પણ મેઘનાદ ભટ્ટની સર્જનયાત્રા ચાલુ જ રહી હતી. ટ્રેડ યૂનિયન પ્રવૃત્તિના અનુભવોને કેન્દ્રમાં રાખીને બે નવલકથાઓ સર્જવાની તેમની ખ્વાહિશ હતી. એવા પ્રતિબદ્ધ કવિસર્જક મેઘનાદ ભટ્ટનું ૨૧મી એપ્રિલે વહેલી સવારે જ અવસાન થયું છે. તેમનો જીવન પ્રત્યેનો આશાવાદ આવો હતો :

'મારું શ્વાન ભલે એકલું એકલું
હિમાલયમાં હિજરાય.
મારે હવે સ્વર્ગમાં નથી જવું.
મારે અનિંદ્રાના ચિરંજીવ નશામાં
ચકચૂર રહેવું છે
અને મારી નિર્ભ્રાંત ભ્રાંતિમાં જીવ્યા
કરવું છે.'' - ડૉ. નલિન પંડ્યા

પ્રાપ્ત પ્રકાશનો

પરિચય ટ્રસ્ટનાં (મહાત્મા ગાંધી મેમૉરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ-૪૦૦૦૦૨) પ્રકાશનો

દાદાભાઈ નવરોજી : દાદાભાઈ નવરોજીના જીવન - કવન અંગે પરિચયપુસ્તિકા. લે. જયકુમાર શુક્લ

નેશનલ સ્ટૉક એક્સચેન્જ : રાષ્ટ્રિય શેરબજાર વિશે માહિતી પૂરી પાડતી પરિચય પુસ્તિકા. જયેશ ચિતલિયા.

એકો-કાર્ડિયોગ્રાફી : હૃદય રોગ અને હૃદયની રચના તેમજ એના ધબકાર-માપન અંગેની પુસ્તિકા. ડૉ. કિશોર ડી. શાહ.

ભોમ ધૂળે ભરી ગ્રીષ્મ-તાપે તપી,
રુક્ષ કો યોગીના કેશ સરખી,
દિવસભર આભથી નેત્રને બાળતી
પીતવરણી રહે આગ વરસી.

રતિલાલ 'અનિલ'

રમણલાલ સોનીને રણજિતરામ ચંદ્રક



શ્રી રમણલાલ સોની 'સુદામો'નો સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના કોકાપુર ગામે પિતા પીતાંબરદાસ અને ધાર્મિક વૃત્તિનાં માતા જેઠીબાને ત્યાં ૨૫-૧-૧૯૦૮ રોજ જન્મ. નાનપણથી જ વાચન-લેખનનો શોખ. શાળાજીવન દરમિયાન રમણલાલને સાંપડેલો સાહિત્યપ્રેમી ગુરુ શ્રી નર્મદાશંકર પંડ્યાનો પ્રેરક સત્સંગ; ઘર પાસેના મંદિરોના સાધુસંતો, માતા અને ફોઈ દ્વારા કહેવાતી કથાઓ અને પિતરાઈ ભાઈ જેઠા સોની સાથે જંગલોમાં ઘૂમતાં ઘૂમતાં સાંભળેલી શિયાળવાંની લાળી તેમના કથાસર્જનમાં ઉપકારક નીવડે છે.

મોડાસામાં શાળાજીવન બાદ, વિદ્યાપીઠના ગ્રામસેવા વિદ્યાલયમાં પ્રથમ દિવસે જ ગાંધીજી પાસે તે 'જનસેવા'નો મંત્ર મેળવે છે. સત્યાગ્રહની લડતમાં સક્રિય બની બે વાર જેલનિવાસ. ઈ.સ. ૧૯૨૪માં મેટ્રિક; ૧૯૪૦માં આગ્રા યુનિવર્સિટીમાંથી બી.એ.; ૧૯૪૨માં મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.ટી. (આજની બી.એડ્.)ની ઉપાધિ એમણે મેળવી. મોડાસાની શાળામાં તે શિક્ષક ને પછી આચાર્ય બને છે. પરંતુ સંચાલકો સાથે મતભેદ થતાં નોકરીને હંમેશ માટે છોડવાનું પણ લે છે. ઈ.સ. ૧૯૪૩માં મુંબઈના શ્રી મગનલાલ ઝવેરીનાં પુત્રી રસિકબાળા સાથે લગ્ન. જનસેવાના આશયથી તે મુંબઈ રાજ્યની ધારાસભામાં ૧૯૫૨-૫૭ દરમિયાન મોડાસાનું પ્રતિનિધિત્વ કરીને ખેડૂતો-હરિજનોનાં હિતનાં અનેક કાર્યો કરે છે.

બાલસાહિત્ય અને અનુવાદ તેમના લેખન-સર્જનનાં મુખ્ય ક્ષેત્રો છે. ગિજુભાઈ પછી તેમના કાર્યને જાળવવા-વધારવામાં રમણલાલનો ફાળો એક સંસ્થાના ફાળા જેવો માતબર છે. બાલસાહિત્યનું સર્જન એ પુખ્ત કે પ્રૌઢ સર્જક માટે ઉતારી નાખેલી કાંચળીમાં પુનઃ પ્રવેશ કરવા જેવું કઠિન કાર્ય છે, શ્રી રમણલાલ આ કાર્ય લીલયા કરી શક્યા છે. તેમના થકી સો ટચનું શુદ્ધ બાલસાહિત્ય મળી શક્યું છે. તેમના સત્ત્વશીલ બાલસાહિત્યના પ્રદાનના સંદર્ભે 'ગિજુભાઈ બધેકા સુવર્ણચંદ્રક' સૌપ્રથમ તેમને ઈ.સ. ૧૯૮૬માં અપાયેલો. આજે એક દાયકા બાદ 'શ્રી રણજિતરામ સુવર્ણચંદ્રક' તેમને મળે છે અને ગિજુભાઈ પછી આ બીજા બાલસાહિત્યકાર ગુજરાત સાહિત્ય સભા દ્વારા સન્માનાય છે.

બાળકોની વયકક્ષાને ધ્યાનમાં રાખી, બાળકોનાં મનહૃદય સાથે, તેમની આશા-અપેક્ષાઓને કલ્પનાઓ સાથે તાદાત્મ્ય સાધી, બાળકોને ગમતી જાદુનગરી અને વાસ્તવસૃષ્ટિનો અનોખો મેળ રચી આપતી અનેક કથાઓ, કાવ્યકૃતિઓ, નાટ્યકૃતિઓ, ચરિત્રકૃતિઓ અને રૂપાંતરિત-અનૂદિત કૃતિઓ તેમણે વિપુલ સંખ્યામાં આપી છે. 'શિશુ સંસ્કારમાળા' (૧૯૪૬), 'શિશુ' કથાવલી' (૧૯૭૩) અને અન્ય કેટલીક શ્રેણીઓ શિશુઓને ધ્યાનમાં રાખીને આપી છે, જેમાંની 'શિશુભારતી ગ્રંથમાળા' (૧૯૫૬-૫૭)ને મુંબઈ સરકારનું પારિતોષિક ૧૯૫૮માં; 'રામરાજ્યનાં' મોતી (૧૯૬૨)ને ગુજરાત રાજ્ય તરફથી ૧૯૬૪માં, 'ખવડાવીને ખાવું ને જિવાડીને જીવવું' (૧૯૬૨) એ સુંદર કથાને દિલ્હીનો રાષ્ટ્રિય પુરસ્કાર ૧૯૬૫માં અને 'રંગ રંગ વાદળિયાં' માટે એનસીઈઆરટીનો પુરસ્કાર ૧૯૮૨માં મળે છે. તેમની 'મધુર બાલવાર્તાવલિ' (૧૯૬૭), 'બોધોદય વાર્તાવલિ' (૧૯૭૭), 'ચિત્તરંજન બાલવાર્તાવલિ' (૧૯૭૭) જેવી સાગરગાગરન્યાયે શ્રેણીઓ જોતાં તે યથાર્થનામા હોવાનું વરતાય છે. તેમણે પુરાણ-ઇતિહાસ, પંચતંત્ર-હિતોપદેશ, કથાસરિત્સાગર, જગતનો ઇતિહાસ, અરેબિયન નાઈટ્સ, વિશ્વની અને ગ્રીમબંધુઓની લોકકથાઓ તેમજ હાન્સ ઍન્ડરસન અને શામળની કથાઓને આધારે તથા નારદ, વીર વિક્રમ, બીરબલ, ઇસપ, મુલ્લાં નસિરુદીન, ટારઝનની કથાઓ પણ આપી છે. 'સ્વામિનારાયણ કથામાળા' (૧૯૭૯)માં સ્વામિનારાયણ સંપ્રદાયના સંદર્ભે તથા 'ભારતીય કથામંગલ' (૧૯૬૪)માં ઉપનિષદ, રામાયણ-મહાભારત, ભાગવતનો આધાર લઈ બાલકિશોરભોગ્ય કથાઓ આપી છે. ટૂંકાં વાક્યોવાળું સાદું છતાં સફાઈદાર ગદ્ય, ચિત્રાત્મક રજૂઆત, રસપ્રવાહને અખંડિત રાખતી કથનરીતિ જેવાં તત્ત્વોથી તેમનું આ બાલકથાસાહિત્ય ઉત્તમ કક્ષાનું બન્યું છે. 'પગલાં,' 'મગોડીનો પિપૂડીવાળો,' 'કાશીનો પંડિત' જેવા તેમના સર્વ કાવ્યસંગ્રહોનાં કાવ્યો એકસાથે 'રમણલાલ સોનીનાં બાળકાવ્યો' (૧૯૭૯)માં પ્રાપ્ત થાય છે. 'ગાંધીજીનાં ઉખાણાં'ને ૧૯૫૬માં અને 'પશુનો કક્કો'ને

૧૯૫૮માં દિલ્હી તરફથી પુરસ્કાર મળેલો. તેમનાં આ સત્ત્વશીલ, સુંદર, લયાત્મક કાવ્યોમાં તેઓ બાળકોની કૌતુક-વિસ્મયભરી આંખે જગતને જુએ છે ને તેમના અવાજમાં તેનું ગાન કરે છે. તેમનાં કથાગીતો તો તેમનો વિશેષ બની રહે છે. 'ઈડરના વાણિયા'ને કોણ નથી ઓળખતું? બાળકોની અભિનયપ્રતિભાને વ્યક્ત કરવાની તક મળે તેવાં 'ફતુ ફાંફડો,' 'બેચરકાકા,' 'રૂપાની ગાય', 'છબીલો લાલ,' 'બાલમંદિરનાં નાટકો' જેવાં નાનાં નાટકો 'રમણલાલ સોનીનાં બાલનાટકો' (૧૯૭૯)માં સંપાદિત રૂપે મળે છે. તેમના 'વંદેમાતરમ્'ને ૧૯૬૧-૬૨નાં ગાળાના ઉત્તમ નાટક તરીકે ગુજરાત રાજ્યનું ઈનામ મળેલું. તેમણે સંસ્કારઘડતરના હેતુથી આપેલી ચરિત્રકૃતિઓમાંની 'હ્યુએનસંગ'ને મુંબઈ રાજ્ય તરફથી પ્રથમ પારિતોષિક મળેલું. 'કુમારકથાઓ', 'નરાસુર,' 'ટાગોરની દૃષ્ટાંતકથાઓ' કે 'કિશોર રહસ્યકથામાળા' એ તેમનું કિશોર સાહિત્યક્ષેત્રે ઉલ્લેખપાત્ર પ્રદાન છે. 'મૂરખલાલ'ના પાત્ર દ્વારા તેમણે બાળકો-કિશોરોને હસાવ્યાં છે. આમ, વિપુલ બાલસાહિત્ય દ્વારા ગુજરાતમાં ચારે બાજુ છવાઈ ગયેલા આ બાલસાહિત્યકારને ગુજરાત રાજ્યે આપણા અન્ય અગ્રગણ્ય બાલસાહિત્યકારો સ્વ. શ્રી ર.ના. શાહ અને શ્રી જીવરામ જોશી સાથે ઈ.સ. ૧૯૮૧માં સન્માનેલા. તો તેઓ પણ ગુજરાતી બાલસાહિત્યકારને ભૂલ્યા નથી. ગુજરાતી સાહિત્ય પરિષદમાં બાલ-કિશોરસાહિત્યના પ્રોત્સાહન, માટે પારિતોષિક સારુ રકમ પણ તેમણે આપી છે.

રા.વિ. પાઠક દ્વારા પ્રશંસાયેલ શરદબાબુકૃત 'સ્વામી'ના અનુવાદથી અનુવાદક રમણલાલ કાર્યરત બને છે. જેલનિવાસ દરમિયાન અનેક વિટંબણાઓ સહીને તે બંગાળી શીખે છે. સ્વલ્પાંશે ભોગીલાલ ગાંધી, નગીનદાસ પારેખની મદદ લઈને રમણલાલ 'શરદ ગ્રંથાવલિ' ગુજરાતને ચરણે ધરે છે. ટાગોર અને શરદબાબુના બાલકથાસાહિત્ય સમેતના કથાસાહિત્યને તેઓ ગુજરાતીમાં ઉતારે છે. અનુવાદક રમણલાલ મૂળ લેખક અને વાચક વચ્ચે ક્યાંયે આવતા નથી. ઈ. ૧૯૭૭માં શરદબાબુની જન્મશતાબ્દી નિમિત્તે અખિલ હિંદ બંગ સાહિત્ય પરિષદ તરફથી તેમને પ્રતીક અને સન્માનપત્ર તથા ઇ. ૧૯૯૧માં ટાગોરની 'કાબૂલીવાલા'ના અનુવાદ માટે રાષ્ટ્રિય પારિતોષિક અપાય છે. દિલીપકુમાર રોય, નરેશબાબુ, ઈશ્વરચંદ્ર જેવા સર્જકો-વિદ્વાનોના ગ્રંથોના અનુવાદ દ્વારા તે ગુજરાતના બૌદ્ધિકોને આકર્ષે છે. તેમણે વાચકને લક્ષમાં રાખી આ અનુવાદકાર્ય કર્યું છે ને તેથી તે રોચક અને હૃદયસ્પર્શી બન્યું છે. બંગાળી ઉપરાંત અંગ્રેજીમાંથી પણ તેમણે અનુવાદ કર્યા છે, જેમકે એચ.જી. વેલ્સની કૃતિઓ.

પ્રૌઢો માટે તેમણે 'ચબૂતરો' (૧૯૩૦)માં વાર્તાઓ આપેલી. હાલમાં ૧૦૫ સંતોનાં ચરિત્રો સમાવતી 'સંતસાગર,' માતા વિશેના વિશ્વકોશ જેવી 'માતા-મહાતીર્થ,' 'ગુલાબી દૃષ્ટાંતકથાઓ' અને જીવનનાં મૂલ્યોને કલારૂપ બક્ષતી ટોલ્સ્ટોયની વાર્તાઓ પર આધારિત-રૂપાંતરિત 'પ્રેમ એ જ પરમેશ્વર' જેવી કૃતિઓ દ્વારા ઉમદા સંસ્કારનો વારસો આપવા સાથે સન્માર્ગે પ્રેરે તેવું સદ્વાંચન તેમના થકી મળ્યું છે. (ટૂંકાવીને) – શ્રદ્ધા ત્રિવેદી

રાયણ

ગુજરાત તથા સૌરાષ્ટ્રની ભૂમિમાં રાયણનાં વૃક્ષો બહુ થાય છે. રાયણ ફળદ્રુપ જમીનનું સુંદર વૃક્ષ છે.

રાયણનાં પાન ઉપરથી ગોળ, દીટાં તરફથી કંઈક ત્રિકોણાકાર અને રંગે લીલાં હોય છે. જ્યારે તેમાં ફળો લાગે છે અને પાકે છે ત્યારે પાનનો લીલો રંગ ભૂખરો બને છે.

તેનાં ફળો રસદાર અને મધુર હોવાથી ખાવામાં બહુ મીઠાં લાગે છે. રાયણનું લાકડું બહુ ચીકણું અને કઠોર હોય છે. શૌખીનો તેની ગાંઠોવાળી ડાળીઓની લાકડી બનાવી ચાંદી કે ત્રાંબાની કુંડળીઓથી મઢીને હાથમાં રાખે છે. રાયણાના થડથી લઈને શાખાપ્રશાખાઓ બધે જ ગાંઠો હોય છે. તેની આ વિશિષ્ઠતાને કારણે તથા લીલાં ઘાટાં સુંદર પાનને લીધે ઘણાં લોકો આ ઘટાદાર વૃક્ષને ઘરઆંગણે વાવે છે. તે સુંદર તો લાગે જ છે ઉપરાંત વિશેષ પ્રાણવાયુ છોડતું હોવાથી વાતાવરણને સ્વચ્છ રાખવાનું કાર્ય પણ કરે છે.

રાજદાન, ફલાધ્યક્ષા, રાજકન્યા અને ક્ષીરિકા આ ચાર રાયણના સંસ્કૃત નામ છે.

(૧) પચવામાં ભારે હોવાથી તેને રાજાઓ-પ્રબળ જઠરાગ્નિવાળા માણસો જ ખાઈ શકે છે. તેથી તે રાજદાન કહેવાય છે. (૨) વીર્યવર્ધક તથા બળકારક આદિ ઉત્તમ ગુણોવાળી હોવાથી ફળોમાં પ્રથમ મનાય છે, એટલે ફલાધ્યક્ષ કહેવાય છે. (૩) રાજાને લાયક અને પ્રિય હોવાથી, રાજન્યા કહેવાય છે. (૪) તેમાં ક્ષીર (દૂધ) રહેલું હોય છે, એટલે ક્ષીરિકા કહેવાય છે.



રાયણનું ફળ વીર્યને વધારનાર તથા શક્તિવર્ધક, સ્નિગ્ધ એટલે ચીકણું, ઠંડું અને ભારે હોવાથી તરસ, મૂર્છા, ભ્રાંતિ, ભ્રમ, ક્ષય, ત્રણેદોષ (વાયુ-પિત્ત-કફ) તથા લોહીના બગાડને મટાડે છે.

અપસ્માર (વાઈ)ના રોગમાં રાયણના ઝાડમાં થતી ગાંઠો અંગારામાં શેકી તેનો રસ કાઢી તેમાં મધ તથા ચપટી લીડી પીપરનું ચૂર્ણ મેળવીને આપવાથી રાહત થાય છે.

વાયુ તથા પિત્તના વિકારમાં, પ્રદરમાં તથા રક્તપિત્તના રોગમાં રાયણ તથા કોઠીંબાનાં પાન ઘીમાં શેકી તેનો છુંદો કરીને ખાવા અપાય છે. રાયણનાં પાકાં ફળોને બરાબર ધોઈ, જથ્થા પ્રમાણે ચમચી બે ચમચી શુદ્ધ દેશી ઘી લગાવીને ખાવાનો રિવાજ છે. તેથી રાયણ સ્વાદિષ્ટ લાગે છે અને તેનો ચીકણો રસ જીભને લાગતો નથી. ('હેલ્થકેર') - વૈદ્ય રમણીકલાલ ઠાકર


કંસારો

'કંસારો' એક પક્ષીનું નામ છે. એને અંગ્રેજીમાં પણ એવું જ નામ આપવામાં આવ્યું છે - 'કોપરસ્મિથ' અથવા 'ધ ક્રિમ્સન બ્રેસ્ટેડ બારબેટ.' એ લાલ-લીલા-કાળા અને પીળા એમ વિવિધ રંગોથી શોભતું પંખી છે. એ બોલતાં બોલતાં પોતાના ટૂક-ટૂક-ટૂક અવાજના તાલ સાથે સતત પોતાની ડોક હથોડી ઠોકવાની જેમ નીચે ઝટકતું, ડાબે, જમણે અને સામે ફેરવતું જાય છે. ઘણા તેને લુહાર તરીકે પણ ઓળખે છે. મરાઠી ભાષામાં તેને 'સોનાર' અથવા 'સોની' કહેવામાં આવે છે.

ઝાડ પર જો એ આરામથી બેઠું હોય અને એની સામે જોતાં જો એની નજર આપણી નજરથી મળી જાય, તો તરત એ જાણે શરમાઈ કે ગભરાઈ જતું હોય તેમ એક ડાળીએથી બીજે એમ દૃષ્ટિથી દૂર જતું રહે છે.

એ ઝાડ પર જ રહેવાનું પસંદ કરે છે અને ક્યારેય જમીન પર બેઠેલું જણાતું નથી. દિવસના ગમે તે ભાગમાં એ એનાં ખાસ અવાજ અને અદાથી બોલતું રહે છે. નવરાશના સમયમાં એ ઝાડ પર ફરતું ફરતું લક્કડખોદની માફક ચાંચ વડે ડાળીઓ ઠોકતું રહે છે.

એની ચાંચ રંગે કાળી, જાડી અને મજબૂત છે. એથી લાકડામાં ચાંચ વડે ઠોકી એ છેદ કરી શકે છે. છતાં એ લક્કડખોદના વર્ગનું પક્ષી નથી. કેમકે લક્કડખોદ પોતાના ખોરાકની શોધ માટે ઝાડનાં થડ અને ડાળીઓની આસપાસ ફરતો ચાંચ વડે ખોતરી



જીવાત ખાઈ જાય છે. જ્યારે કંસારો એ રીતે જીવાત માટે ઝાડ પર ફરતો નથી. એ નાનાં ફળો અને ક્યારેક જીવાત ખાય છે.

ઉપરથી એ ઘટ્ટ લીલા રંગનું અને નીચે લીલા અને આછા પીળા રંગનું દેખાય છે. નર કંસારાના માથે લાલ રંગનું મોટું ટીલું અને કંઠે લાલ પટ્ટો શોભે છે તેમ જ માદાને માત્ર કંઠે જ લાલ પટ્ટો જોવા મળે છે. એની આંખની આસપાસ ઘટ્ટ લાલ રંગ અને પછી પીળા રંગની ચામડી છે. એને ટૂંકી પૂંછડી હોય છે.

એ પોચા અને થોડા પોલા લાકડાને ઠોકીઠોકીને એમાં છેદ કરી દે છે. પછી એ જ છેદમાં ઊંડે ઊંડે બાકોરું પાડતો જાય છે. દિવસના ગમે તે સમયે પણ એ લાકડામાં ઠોકતો રહે છે. બાકોરું કરી એમાં રાતવાસો કરવા લાગે છે. બાકોરમાં જ ઈંડાં મૂકે છે.

કંસારો સફેદ રંગના ત્રણ ઈંડાં મૂકે છે. પક્ષીવિદોના જણાવ્યા પ્રમાણે નર અને માદા બંને વારાફરતી ઝાડના થડ અથવા ડાળીમાં છેદનકાર્ય કરી રહેઠાણ બનાવે છે. માદા એમાં ઈંડાં મૂક્યાં પછી નર અને માદા બંને ઈંડાં સેવવામાં અને બચ્ચાં ઉછેરવામાં સહભાગી બને છે. બચ્ચાંને ખોરાક ખવાડાવવાનું શરૂ કર્યા બાદ કંસારા જોડી બચ્ચાંને લઈ લગભગ ૩૫-૩૬ દિવસ બાદ ઊડી જાય છે.

સુંદર અને મિલનસાર કંસારા પક્ષીઓ ભારતભરમાં દરેક રાજ્યમાં જોવા મળે છે. એમના માળાઓ બાકોરામાં સલામત જગાએ હોવાથી શિકારી પક્ષીઓ એનો શિકાર સહેલાઈથી કરી શકતા નથી. એટલું જ નહિ, મહિનાથી પણ વધુ પોષણ આપી બચ્ચાંને સક્ષમ કરી કંસારા જોડી તેમને બાકોરાની બહાર કાઢે છે, એટલે બચ્ચાં સલામત રીતે આમતેમ ઊડી શકે છે. બીજું કે એમની ચાંચ અને આંખો મોટી મોટી હોવાથી બીજાં પક્ષીઓ એમના પર તરાપ મારતાં ગભરાતાં હશે. આ પક્ષીઓ છૂટાછવાયાં વૃક્ષો પર અને બગીચાઓમાં જોવા મળે છે. ખાસ કરીને ઉનાળાના દિવસોમાં તે આવે છે અને શિયાળા તથા ચોમાસામાં ક્યાંક ચાલ્યાં જાય છે. ડૉ. સલીમઅલીના જણાવ્યા પ્રમાણે તેમના આગમનની તારીખ હંમેશાં સરખી રહે છે.

('પરિસર'માંથી) - બેન્જામિન સુવાર્તિક

કબજિયાત

- ★ અજમો અને સોનામુખીનું ચૂર્ણ હુંફાળા ગરમ પાણી સાથે લેવાથી કબજિયાત મટે છે.
- ★ પાકાં ટમેટાનો એક કપ રસ પીવાથી આંતરડાનો મળ છૂટો પડી કબજિયાત મટે છે.
- ★ નરણા કોઠે સવારમાં થોડું ગરમ પાણી પીવાથી કબજિયાત મટે છે.
- ★ રાત્રે સહેજ ગરમ કરેલા પાણીમાં થોડું મીઠું નાખી પીવાથી કબજિયાત મટે છે.

★ લીંબુનો રસ ઠંડા અથવા ગરમ પાણીમાં સવારે અને રાત્રે પીવાથી કબજિયાત મટે છે.

★ ખજૂરને રાત્રે પલાળી રાખી સવારે મસળી, ગાળીને તે પાણી પીવાથી કબજિયાત મટે છે.

★ ગરમ પાણીમાં એક ચમચી આદુનો રસ, એક ચમચી લીંબુનો રસ અને બે ચમચી મધ મેળવી પીવાથી કબજિયાત મટે છે.

★ કાળી દ્રાક્ષને રાત્રે ઠંડા પાણીમાં પલાળી સવારે દ્રાક્ષને મસળી ગાળી તે પાણી પીવાથી કબજિયાત મટે છે.

★ રાત્રે સૂતી વખતે એકાદ-બે સંતરાં ખાવાથી કબજિયાત મટે છે.

★ ત્રણ ગ્રામ મેથીનું ચૂર્ણ સવાર-સાંજ ગોળ અને પાણી સાથે લેવાથી કબજિયાત મટે છે.

★ ચાર ગ્રામ હરડે અને એક ગ્રામ તજ, સો ગ્રામ પાણીમાં ગરમ કરી તે ઉકાળો રાત્રે તથા સવારના પહોરમાં પીવાથી કબજિયાત મટે છે.

★ રોજ સવારે એક ગ્લાસ ઠંડા પાણીમાં અને રાત્રે દૂધમાં બે ચમચી મધ મેળવીને પીવાથી કબજિયાત મટે છે.

★ અજમાના ચૂર્ણમાં સંચર નાખી ફાકવાથી કબજિયાત મટે છે.

★ તુલસીના ઉકાળામાં સિંધવ અને સૂંઠ મેળવી ફાકવાથી કબજિયાત મટે છે.

★ લીંબુના રસમાં જાયફળ ઘસીને, તે ઘસારો લેવાથી કબજિયાત મટે છે.

★ જમ્યા પછી એકાદ કલાકે ત્રણથી પાંચ હિમેજ ખૂબ ચાવીને ખાવાથી કબજિયાત મટે છે. ('શ્રી ભાગવતામૃત'માંથી)

'બ્રાહ્મીપ્રાશ'

આમળામાંથી તૈયાર કરવામાં આવતો ચ્યવનપ્રાશ અવલેહનો શારીરિક આરોગ્ય અને રોગ નિવારણ માટે સર્વત્ર ઉપયોગ કરીએ છીએ તેમ માનસિક આરોગ્ય અને માનસિક રોગોને મટાડવા માટે 'બ્રાહ્મી પ્રાશ'નો પ્રચાર કરવા જેવો છે. 'ચિકિત્સા પ્રદીપ' નામના આયુર્વેદીય માન્ય ગ્રંથમાં તેનો પાઠ આપવામાં આવેલો છે, જે આ પ્રમાણે છે. ખૂબ સરળ સસ્તો હોવાથી કોઈ પણ વ્યક્તિ ઘેર બનાવી શકે તેવો છે.

બ્રાહ્મીનાં તાજાં પાન લાવી પાણી વડે ધોઈ નાખવાં અને પાણી નાખીને તેનો રસ કાઢવો. આ રસમાં તેના અર્ધા ભાગે સાકરનું ચૂર્ણ મેળવવું અને રસ જેટલું પાણી મેળવવું. પછી તેને ધીમા તાપે ખુલ્લું તપાવવું, અવલેહ વિધિથી તેનો અવલેહ તૈયાર થતાં ઠંડો થયે સ્વચ્છ બટલી કે બરણીમાં ભરી લેવો. તેનો ઉપયોગ આ પ્રમાણે કરવો.



૧. સ્મૃતિ-અલ્પતા : યાદશક્તિ વધારનારાં તમામ ઔષધોમાં બ્રાહ્મી શ્રેષ્ઠ હોવાથી સ્મૃતિ અલ્પતાના દરદી માટે તે મહત્ત્વનું ઔષધ છે. સ્વસ્થ લોકો પણ તેનું રોજ સેવન કરે તો તેની યાદશક્તિ સારા પ્રમાણમાં વધે છે. વિદ્યાર્થીઓ, સાહિત્યકારો, કલાકારો, અધિકારીઓ, વિજ્ઞાનીઓ વગેરે બુદ્ધિજીવી લોકોએ રોજ રાત્રે ૧ ચમચી આ ચાટણ ચાટીને ઉપર દૂધ પીવું. બ્રાહ્મીનો એક પર્યાય 'સરસ્વતી' છે. માતા શારદા, માતા સરસ્વતીની પૂજા કરવાને બદલે બ્રાહ્મીનું સેવન કરવું જોઈએ. જે શાળા-લોકશાળા પાસે જમીન છે તેમણે અથવા કુંડામાં પણ મોટા પ્રમાણમાં પોતાના પૂરતી બ્રાહ્મી ઉછેરવાનું શરૂ કરી દેવું જોઈએ.

૨. અપસ્માર-વાઈ (એપિલેપ્સી) : વાઈનું દરદ અસાધ્ય માનવામાં આવે છે. આવા દરદીને અચાનક ભાન ગુમાવવાનું થતું હોવાથી તેની કાળજી ખૂબ રાખવી પડે છે. અથવા જાનનું જોખમ તોળાતું હોય તેવા પાંચ વર્ષ પૂરાં ન થયાં હોય તેવા દરદી આ દવાનું લાંબો સમય સેવન કરશે તો ચોક્કસ સાજા થઈ શકશે, કારણ કે 'ચિકિત્સાપ્રદીપ' નામના ગ્રંથમાં આ ઔષધનો ખાસ ઉપયોગ અપસ્માર - એપિલેપ્સી માટે કરવાનું કહેલ છે. સવારે-સાંજે-રાત્રે ૧-૧ ચમચી બ્રાહ્મી પ્રાશ અવલેહ ચાટી જવું. ગાયનું દૂધ મળે તો ઉપર એક કપ પીવું દશ વરસ પસાર થઈ ગયા હોય તેવા દરદીનો રોગ અસાધ્ય હોવા છતાં પણ આ ઔષધના સેવનથી ઘણી રાહત મેળવી શકશે. ઉન્માદ અથવા ગાંડપણના રોગોમાં પણ આ ચાટણ દિવસમાં ત્રણચાર વખત આપવું જેથી સત્ત્વગુણમાં વૃદ્ધિ થવાથી તમોગુણ-રજોગુણનું દમન થવાથી મન શાન્ત થતા ગાંડપણ ટળી જશે કે ઓછું થશે.

બ્રાહ્મી રસાયન ગુણવાળી હોવાથી આ ઔષધ કશા કારણ વિના કોઈ પણ વ્યક્તિ લઈ શકે. તેના લાંબા સમયના સેવનથી બુદ્ધિ, બળ, સ્મરણશક્તિ, આંખોનું તેજ, શરીરનું સૌંદર્ય, સુમધુર સ્વર અને સ્ફૂર્તિની પ્રાપ્તિ થાય છે. સ્વભાવ સુધરે છે. ખાસ તો બ્રાહ્મીનું સેવન આયુષ્યવર્ધક અને આરોગ્યવર્ધક હોવાથી તેના સેવનથી સ્વસ્થ દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય છે. વાળ કાળા, સુંવાળા અને લાંબા થાય છે, ઊંઘ બરાબર આવે છે.

શોભન ('ગુજરાત સમાચાર')

અનુસંધાન] **સંગીતશાસ્ત્ર** [પૃ. ૩૦૬થી

મ રીતે દર્શાવાય છે. અવગ્રહ માટે S - લંબાતા સ્વર માટે સ્વીકાર્યો અને અનુગામી માત્રામાં ચાલુ રહેતા સ્વર માટે – નિશ્ચિત કરી જેટલી માત્રા કે ભાગમાં સ્વર લંબાતો હોય એટલા – (ડેશ) મૂક્યા. દા.ત. ગ - - મ એટલે 'ગ' ત્રણ માત્રાનો, મ એક. પ - ધ 'પ' એટલે 'પ' ૧+૧/૨ = ૧ ૧/૨ દોઢ માત્રાનો અને 'ધ' અર્ધી માત્રાનો. એક માત્રામાં આવતા સ્વર માટે સ્વર નીચે અર્ધ ચંદ્રકાર મૂક્યા. પધ = પ અને ધ એક માત્રામાં અર્થાત્ ૧/૨, ૧/૨ પધમ એટલે ૧/૩, ૧/૩, ૧/૩ પધપધ એટલે એક માત્રામાં ચાર, પ્રત્યેક સ્વર ૧/૪, ૧/૪ ૧/૪, ૧/૪. જે સ્વરો મીંડથી લેવાય તે ⌐ ચિહ્નથી દર્શાવ્યા. ધનીસાંરેં એટલે કે 'ધ'થી 'રેં'ની મીંડ કણસ્વર મુખ્ય સ્વરની ઉપર દર્શાવવામાં આવ્યા. જે સ્વરને આગળ-પાછળના સ્વર લઈને લેવાના હોય તેને [] માં મૂક્યા [પ] = ધપમપ.

તાલમાં સમ માટે X નું ચિહ્ન સ્વીકાર્યું. ખાલી માટે ૦. અને તાલના ખંડપ્રમાણે દર્શાવ્યા.

આ બન્ને સ્વરલિપિના ભેદની તથા સ્વરલિપિના પ્રશ્નોની ચર્ચા આવતા અંકે કરીશું.

(ક્રમશઃ)

અનુસંધાન] **પસ્તીનાં પાનાં** [પૃ. ૩૨૨થી

(અફીણ, ગાંજા, ચરસની હેરફેર કરનારો) દુનિયાના કેટલાય દેશોમાં ખૂન માટે જેની સામે તોહમત છે તેવો ચાર્લ્સ શોભરાજ તિહાડ જેલમાં જન્મટીપની સજા ભોગવે છે. તેના જન્મદિવસ નિમિત્તે બહારથી એક વિદેશથી આયાત થયેલી મોટરગાડીમાં મીઠાઈના ટોપલા આવે છે. જેલરની ઓફિસમાં જ્યાફત જામે છે. કેદીઓ, વૉર્ડરો, ઓફિસરો બધા મીઠાઈ આરોગે છે. મીઠાઈમાં દવા ભેળવેલી હોવાથી બધા બેહોશ થઈ જાય છે, અને ચાર્લ્સ શોભરાજ બીજા છ કેદી સાથે હસતો હસતો મુખ્ય દરવાજેથી બહાર નીકળીને રાહ જોતી ગાડીમાં બેસીને ફરાર થઈ જાય છે. તેમના નીકળી ગયા પછી ખાસ્સા એક કલાકે ખબર પડે છે કે કેદી નાસી ગયા છે! બોલો, છે ને હિન્દી ફિલ્મની કહાની?

રાજીવ સરકારની આબરૂ ઘટવા તો માંડી હતી પણ આ તિહાડ જેલની ઘટનાએ તો દેશ-વિદેશમાં ભારતીય તંત્ર-વ્યવસ્થાની દેવાળીઆ સ્થિતિ ઉઘાડી પાડી દીધી.

આપણે બધા ખાંડ ખાઈએ છીએ. વાસ્તવિક પરિસ્થિતિ પ્રમાણે હિન્દી ફિલ્મો ઘડવી જોઈએ એમ કહીએ છીએ. પણ તેના કરતાં હિન્દી ફિલ્મો પ્રમાણે આપણી વાસ્તવિક પરિસ્થિતિને ઘડીએ તો કેવું? તિહાડ જેલની ઘટના તો કહે છે કે આપણે એ જ રસ્તે છીએ!! □

અનુસંધાન] **ઉત્ખનનવિદ્યા** [પૃ. ૩૧૪થી

એવું ચાર્લ્સ ક્લોજ નામના સંશોધકે ઈ.સ. ૧૮૯૧માં સૂઝાડ્યું હતું. પરંતુ તેની કોશિશ નાકામયાબ નીવડી. પરંતુ ઈ.સ. ૧૯૦૬માં ઇંગ્લંડના સ્ટોનહેજ સ્થળના મહાપાષાણીય (Megalithic) અવશેષોનાં છાયાચિત્રો વિમાનમાંથી લેવાયાં. પુરાતત્ત્વીય જ્ઞાનમાં વધુ ઉમેરો થયો.

પ્રાચીન અવશેષોના કાળનિર્ણય માટે આજે કેટલાક તજજ્ઞો ઝાડના થડમાં રહેલ વર્તુળોની સહાય લેતા હોય છે. આ ઉપરાંત હાડકાં પર 'ફ્લુરિન ટેસ્ટ' કરી તેનો સાપેક્ષ કાળ નક્કી કરાય છે. કિરણોત્સર્જનનાં કેટલાંક તત્ત્વોના આધારે ઉત્ખનિત અવશેષોનો નિશ્ચિત કાળ નક્કી કરવાની રીત શોધાઈ છે. આ ઉપરાંત રેડિઓ કાર્બન પોટેસિઅમ - આર્ગન અને ઓબસિડિઅન કાલમાપન પદ્ધતિઓનો આધાર લેવાય છે.

શાસ્ત્રીય શોધોની મદદથી અને ઉત્ખનનતંત્રમાં થયેલ પ્રગતિના કારણે વીસમી સદીમાં પુરાતત્ત્વવિદ્યાને શાસ્ત્રનો દરજ્જો મળેલ છે. નિત નવાં સંશોધનોને કારણે માનવ ઇતિહાસમાં આશ્ચર્યકારક ઉમેરો થયો છે. ઇજિપ્ત અને મેસોપોટેમિયાની સંસ્કૃતિ મુજબ ભારતની સંસ્કૃતિ પ્રાચીન હોવાનું સિદ્ધ થયેલું છે. પરંતુ સિંધુ, નાઇલ, તાઈગ્રીસ અને યુફ્રાટીસની ખીણોમાં જ માનવ સંસ્કૃતિ ઊગમ પામી. વિધાન હવે ખોટું ઠરવાની શક્યતા છે. કારણ કે હવે મધ્ય એશિયા, ઇઝરાઈલ, અને અગ્નેય એશિયામાં તેનાથીયે વધુ પ્રાચીન અવશેષ મળી રહ્યા છે. અમેરિકામાં પણ પ્રાચીન સંસ્કૃતિ હોવાનું હવે માન્ય થયું છે. પ્રાચીન વનસ્પતિનો અભ્યાસ કરી રશિયન શાસ્ત્રજ્ઞ વાવિલોવે એબિસિનિયામાં પ્રાચીન સંસ્કૃતિનો ઊગમ થયો હોવાનું અનુમાન કરેલ છે. હજી તો દુનિયાનો કેટલોયે ભાગ સંશોધનકર્યા વગરનો છે. માનવ સંસ્કૃતિના અચૂક ઊગમસ્થાન અને તેના વિકાસ અંગે હવે કેટલાયે ગુંચવાડાભર્યા પ્રશ્ન નિર્માણ થવાના છે.

હવે પછી દુનિયાના જે જે દેશોમાં છેલ્લાં ૧૫૦ વર્ષોમાં ઉત્ખનન થયેલ છે તેની વિગત જોઈશું. □

ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?
નાની એવી જાતક વાતનો મચવીએ નહિ શોર !

— રાજેન્દ્ર શાહ —

મોરબીનો વતની લલ્લુ ઘણાં વર્ષો શ્રીમદ્ રાજચંદ્રને ત્યાં ચાકરી કરતો. મુંબઈમાં તેને ગાંઠ નીકળતા, પોતાના ખોળામાં ચાકરનું માથું મૂકી રાજચંદ્ર તેની જાતે સેવા કરતા. તેઓ કહેતા, 'શેઠ જ્યારે નોકર તરીકે પગારથી કોઈને રાખે છે ત્યારે તે શેઠ નોકરના પગાર કરતાં વધુ કામ લેવાની બુદ્ધિ રાખે છે... શેઠ નોકર પાસેથી પગાર કરતાં વિશેષ લાભ મેળવવા બુદ્ધિ રાખે તો તે શેઠ તે નોકર કરતાં પણ ભીખ માગનાર જેવો પામર ગણાય. શેઠ જો નોકર પ્રત્યે એવી ભાવના રાખે કે આ પણ મારા જેવો થાય; તેને શેઠ ઘટતી સહાય આપે, તેના પર કામનો બોજો હોય તો તે વખતે કામમાં મદદ આપે તેને શ્રેષ્ઠ ગણાય.'

*

એવરેસ્ટ પર વિજય મેળવનાર પ્રથમ ભારતીય મહિલાનું નામ કુ. બચેન્દ્રીપાલ હતું. તેણે આ સિદ્ધિ ૧૯૮૪માં હાંસલ કરી હતી.

*

નેપોલિયનના માથાનો એક જ વાળ પેરિસમાં સત્તર હજાર ફ્રાંકમાં લીલામ થયો હતો !

*

અજમેરમાં બે મોટા દેગડા છે. તેમાંથી એકમાં સિત્તેર મણ અને બીજામાં પચીસ મણ ખીચડી એકસાથે રંધાય છે.



*

ગંજીફાની રમતમાં જે ચાર રંગનાં પત્તાં હોય છે તે ચાર રંગ વર્ષની ચાર ઋતુ બતાવે છે. બાવન પાનાં એક વર્ષનાં પર સપ્તાહ અને કુલ ટપકાં (દાણા) વર્ષના ત્રણસો ચોસઠ દિવસ સૂચવે છે !

*

શેરબજારમાં પ્રચલિત થયેલો 'બ્લૂ ચિપ' શબ્દ જુગારખાનામાંથી આવ્યો છે. જુગારીઓ રોકડ રકમને બદલે વિવિધ રંગની પટ્ટીઓ વિવિધ રકમોના પ્રતીક તરીકે વાપરતા. બ્લ્યૂ રંગની પટ્ટી ઊંચામાં ઊંચી રકમ સૂચવતી. આથી જે શેરના ભાવ ઊંચા હોય તેને સૂચવવા 'બ્લૂ ચિપ' વપરાય છે.

*

૨૫ સ્ત્રીઓના એક સમૂહને કોઈએ પૂછ્યું, 'તમારામાંથી કેટલાના પતિ બેવફા છે ?'

૨૪ સ્ત્રીઓએ હાથ ઊંચા કર્યા.

પૃચ્છક કહે, 'તો તો બરાબર, સહુના પતિ બેવફા છે.'

'કેવી રીતે' કોઈએ પૂછ્યું.

'૨૪ સ્ત્રીઓએ સંમતિ આપી છે અને એક બહેરી હોવી જોઈએ.'

*

ઘી બનાવી લીધા પછી જે માવો-કીટુ નીકળે તેમાં એક ગ્લાસ ઠંડું પાણી નાખી ઊભરો લાવીને તે માવાને એક વાટકામાં કાઢી લઈ ફ્રીઝમાં મૂકો. ઘી ઠરીને ઉપર આવી જશે.

*

ગણિતગમ્મત • સુરેશભાઈએ પોતાના બગીચામાં પહેલે દિવસે ૧ છોડ રોપ્યો, બીજા દિવસે ૨ છોડ રોપ્યા, ત્રીજા દિવસે ૩ છોડ રોપ્યા, ચોથા દિવસે ચાર છોડ રોપ્યા અને આ ક્રમ ૧૦૦ દિવસ સુધી ચાલ્યો તો સુરેશભાઈએ બધા મળીને કેટલા છોડ રોપ્યા હશે ?

*

આંબાહળદર અને કાળીજીરીને વાટી તેના મિશ્રણને શરીરે ચોપડવાથી ખૂજલી મટે છે.

*

ફેફસામાં હવા માટેનાં છિદ્રોની સંખ્યા ૭૨ કરોડ ૫૦ લાખની ગણવામાં આવી છે !

*

ફ્રાન્સિસ બેકનને પોતાનાં બધાં પુસ્તકો કંઠસ્થ હતાં, જ્યારે લૉર્ડ બાયરનને પોતાની સઘળી કાવ્યરચનાઓ મોઢે હતી.


*

ગણિતગમ્મતનો જવાબ : ૫૦૫૦

*

કલાકણિકા : બોસ્ટનના લલિત કલાના સંગ્રહાલયમાંનું શ્વેત-ભૂ પર એકિલીઝ પેઈન્ટરની શૈલીએ તૈયાર થયેલું વાઝ, જે મૃતકની કબર પર આદરભાવ સાથે મુકાતું.





એ મારી પ્રાર્થના નથી

વિપત્તિમાં મારી રક્ષા કરો, એ મારી પ્રાર્થના નથી,
પણ વિપત્તિમાં હું ભય ન પામું, એ મારી પ્રાર્થના છે.

દુઃખ ને સંતાપથી ચિત્ત વ્યથિત થઈ જાય ત્યારે
મને સાંત્વન ન આપો તો ભલે,
પણ દુઃખ પર હું વિજય મેળવી શકું એવું કરજો.

મને સહાય ન આવી મળે તો કાંઈ નહિ
પણ મારું બળ તૂટી ન પડે,

સંસારમાં મને નુકસાન થાય
કેવળ છેતરાવાનું જ મને મળે,
તો મારા અંતરમાં હું તેને મારી હાનિ ન માનું તેવું કરજો.

મને તમે ઉગારો - એવી મારી પ્રાર્થના નથી,
પણ હું તરી શકું એટલું બાહુબળ મને આપજો.

મારો બોજો હળવો કરી મને ભલે હૈયાધારણ ન આપો
પણ એને હું ઊંચકી જઈ શકું, એવું કરજો.

સુખના દિવસોમાં નમ્ર ભાવે તમારું મુખ હું ઓળખી શકું,
દુઃખની રાતે, સમગ્ર ધરા જ્યારે પગ તળેથી ખસી જાય
ત્યારે તમે તો છો જ એ વાતમાં કદી સંદેહ ન થાય, એવું કરજો.

—રવીન્દ્રનાથ ટાગોર